સ્ટાંપ એકટ.

સને ૧૮૯૯ નો બીજો.

સાકરલાલ બુલાખીદાસ.

બુકસેલર—રીચીરોડ.

અમદાવાદ:

પાનકોરના નાકે પીરમસાના રોજાના મકાનમાં

શ્રી રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસમાં

જેશંગભાઇ મુળજી પટેલે છાપ્યો.

સને ૧૮૯૯

કીમત ૦-૮-૦

સ્ટાંપ એક્ટ.

સને ૧૮૯૯ નો બીજો.

સાકરલાલ બુલાખીદાસ.

બુકસેલર રીચીરોડ.

અમદાવાદ:

પાનકોરના નાકે પીરમમાના રોજાના મકાનમાં
શ્રી ગવરનમેંટ સ્ટાંપ ફેક્ટરી પ્રીન્ટીંગ પ્રેસમાં
નેશગભાઈ મુગાજી પટેલે છાપ્યો

સને ૧૮૯૯

કીમત ૦-૮-૦

Act No. II of 1899.

THE INDIAN STAMP ACT.

હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન કૌંસિલના હેઠળ લખેલો આકટ આલીજા ગવર્નર જનરલ સાહેબ બહાદુરે સન ૧૮૯૯ ના જાન્યુઆરી મહિનાની ૨૭ મી તારીખે મંજુર કર્યો, અને તે સર્વ લોકોને જાહેર થવા સારૂ આ ઉપરથી પ્રસિદ્ધ કર્યો છે:—

સન ૧૮૯૯ નો આકટ નંબર ૨.

હીંદુસ્તાનનો સ્ટાંપ આકટ.

અનુક્રમણિકા.

બાબ ૧ લો.

પ્રથમ નિયમો.

બાબ ૨ જો.

સ્ટાંપ ડયુટી.

બાબ ૩ જો.

સ્ટાંપ બાબત ઠરાવ.

બાબ ૪ થો.

યોગ્ય સ્ટાંપવાળા ન હોય એવા લેખ

બાબ ૮ મો.

પુરવણી ઠરાવો.

પરિશિષ્ટ ૧ લું—લેખ ઉપર સ્ટાંપ ડયુટી.

પરિશિષ્ટ ૨ જું—રદ્દ કરેલા કાયદા.

સ્ટાંપ સંબંધી કાયદા એકઠા કરીને સુધારવા બાબતનો આકટ.

જે અર્થે સ્ટાંપસંબંધી કાયદો એકઠો કરીને સુધારવો યોગ્ય છે, તે અર્થે આ ઉપરથી નિચે પ્રમાણે ઠરાવ્યું છેઃ—

બાબ ૧ લો.

પ્રથમ નિયમો.

ટુંકું નામ' વ્યાપ્તિ તથા સરૂઆત.

૧. (૧) આ આકટને સન ૧૮૯૯ નો હિંદુસ્તાનનો સ્ટાંપ આકટ કેહવો.

(૨) તે, ઉત્તર બ્રહ્મદેશ, બ્રિટિશ બલુચિસ્તાન, સંતાળ પરગણાં તથા સ્પિટિ પરગણા સુદ્ધાં આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગૂ છે; અને

(૩) તે સને ૧૮૯૯ ના જુલાઇ મહિનાની પેહલી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ આકટમાં, વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય, તો—

"પેઢીવાળો"

(૧) "પેઢીવાળો (બ્યાંકર)" એ શબ્દમાં પેઢીનો (બ્યાંકનો) અને પેઢીવાળા તરીકે કામ કરનાર કોઇપણ શખસનો સમાવેશ થાય છે;

"બિલ આફ એકસચેંજ."

(૨) "બિલ આફ એકસચેંજ" એ શબ્દોનો અર્થ, સન ૧૮૮૧ ના વેચાય એવા દસ્તાવેજો બાબતના આકટમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું બીલ ઑપ એક્સચેંજ એવો થાય છે, અને તે શબ્દોમાં હુંડીનો તથા જે કોઇપણ બીજા દસ્તાવેજ ઉપરથી તેમાં લખેલા હોય અથવા ન હોય એવા કોઇપણ શખસને બીજા કોઇપણ શખસ પાસેથી કાંઇપણ રકમ મળવાનો અથવા બીજા કોઇપણ સખસ ઉપર કાંઇપણ રકમ બદલ લખવાનો હક મળતો હોય અથવા મળે છે એમ દેખાતું હોય તે દસ્તાવેજનો સમાવેશ થાય છે.

"માંગે ત્યારે નાણાં આપવાજોગ બીલઑફ એકસચેંજ."

(૩) "માંગે ત્યારે નાણાં આપવાજોગ બીલ ઑપ એક્સચેંજ" આ શબ્દોમાં—

(અ) બીલ ઑફ એક્સચેંજ અથવા વાયદા ચીઠ્ઠી (પ્રોમિસરી નોટ)ની રૂયે પૈસાની કોઇપણ રકમ પગાર કરવાના, અથવા પૈસાની કોઇપણ રકમની ભરપાઇ કરવામાં કોઈ પણ બીલ ઑપ એક્સચેંજ અથવા વાયદા ચીઠ્ઠી સ્વાધીન કરવાના અથવા જેમાંથી નાણાં મળવા જેવાં હોય અથવા ન હોય એવા કોઇપણ ચોકસ ફંડમાંથી અથવા જે કોઇપણ શરત પુરી કરવામાં આવે અથવા ન આવે તે શરતે અથવા જે કાંઇપણ બનાવ બને અથવા ન બને તે પ્રસંગે પૈસાની કાંઈપણ રકમ પગાર કરવાના હુકમનો;

(બ) પૈસાની કોઇપણ રકમ અઠવાડીએ અઠવાડીએ, મહિને મહિને અથવા બીજી કોઇપણ નિર્દિષ્ટ કરેલી મુદતે આપવાના હુકમનો; અને

(ક) ભલામણના કાગળનો, એટલે, જે કોઇપણ લેખ ઉપરથી એક શખસ બીજા શખસને જેના લાભમાં એવો લેખ લખ્યો હોય તેને ઉધાર આપવાનો અધિકાર આપે છે તે લેખનો.

સમાવેશ થાય છે.

"બિલ આફ લેડિંગ" (૪) "બિલ આફ લેડિંગ" આ શબ્દોમાં "શ્રુ બિલ આફ લેડિંગ" નો સમાવેશ થાય છે, પણ મેટની પોંહોંચનો સમાવેશ થતો નથી:

"બાંડ" (૫) "બાંડ" (ખત) આ શબ્દમાં—

(અ) જે લેખ ઉપરથી એક માણસ બીજા કોઈ માણસને પૈસા આપવાની જવાબદારી પોતાને માથે એવી શરતે લે કે, પ્રસંગ પ્રમાણે, અમુક નિર્દિષ્ટ કરેલું કામ કરવામાં આવે અથવા ન આવે તો તે જવાબદારી રદ થશે તે લેખનો;

(બ) જે લેખ ઉપરથી એક શખસ બીજા શખસને પૈસા આપવાની જવાબદારી પોતાને માથે લે અને જે ઉપર સાહેદે સાખ કરેલી હોય તથા જે શાહજોગ અથવા નામજોગ ન હોય તે લેખનો; અને

(ક) સદહૂ પ્રમાણે સાખ કરેલા જે કોઈ લેખ ઉપરથી એક માણસ બીજા માણસને અનાજ અથવા ખેતીવાડી સંબંધી બીજી ઉપજ આપવાની પોતાને માથે જવાબદારી લે તે લેખનો,

સમાવેશ થાય છે;

"ડયુટી પડવાજોગ" (૬) "ડયુટી પડવાજોગ" એ શબ્દો આ આકટની શરૂઆત થયા પછી કરેલા લેખને અથવા તે પહેલાં કરેલા લેખને લાગુ હોય ત્યારે તેમનો અર્થ આ આકટ મુજબ ડયુટી પડવાજોગ એવો થાય છે, અને તે બીજા કોઈ લેખને લાગુ હોય ત્યારે તેમનો અર્થ, તે લેખ કરી આપતી વેળાએ અથવા જ્યારે તે લેખ જુદા જુદા શખસોએ જુદી જુદી વેળાએ કર્યો હોય ત્યારે તે લેખ પ્રથમ કરી આપતી વેળાએ જે કાયદો બ્રિટિશ હિંદુસ્તાનમાં અમલમાં હશે તે કાયદા પ્રમાણે ડયુટી પડવા જોગ એવો થાય છે;

"ચેક." (૭) "ચેક" આ શબ્દનો અર્થ જે બિલ ઑફ એકસચેંજ કોઈ નિર્દિષ્ટ પેઢીવાળા ઉપર લખેલું હશે અને જેમાં માંગે ત્યારે નાણાં આપવા એ શિવાય બીજી રીતે નાણાં આપવાનું લખ્યું નહીં હશે તે બિલ ઑફ એકસચેંજ એવો સમજવો;

"નિબંધ રાખનારો મુખ્ય રેવેન્યુ અધિકારી." (૮) "નિબંધ રાખનારો મુખ્ય રેવેન્યુ અધિકારી" આ શબ્દનો અર્થ—

(અ) મદ્રાસ ઇલાકામાં તથા જે જે મુલકનો રાજ્યકારભાર બંગાળાના તથા વાયવ્ય પ્રાંતના લેફટેનન્ટ ગવર્નરો તથા અયોધ્યાનો ચીફ કમિશનર ચલાવે છે તે તે મુલકમાં, બોર્ડ આફ રેવેન્યુ એવો સમજવો;

(બ) મુંબાઇ ઇલાકામાં, સિંધની બાહાર તથા મુંબઇ શેહેરની હદ બાહાર, રેવેન્યુ કમિશનર એવો સમજવો:

(ક) સિંધમાં ત્યાંનો કમિશનર એવો સમજવો;

(ડ) પંજાબમાં તથા ઉત્તર બ્રહ્મદેશ સુદ્ધાં બ્રહ્મદેશમાં, ત્યાંનો ફિનાનશિયલ કમિશનર એવો સમજવો; અને

(ઇ) બીજે ઠેકાણે, સ્થાનિક સરકાર, અથવા સ્થાનિક સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને જે અમલદારને આ બાબત નીમે તે બીજો અમલદાર એવો સમજવો.

"કલેકટર." (૯) "કલેકટર—"

(અ) આ શબ્દનો અર્થ, કલકત્તા, મદ્રાસ અને મુંબઇ શેહેરની હદમાં, અનુક્રમે, કલકતા-

નો. મદ્રાસનો તથા મુંબાઇનો કલેક્ટર એવો સમજવો, અને તે હદની બાહાર, જિલ્લાનો કલેક્ટર એવો સમજવો, અને

(ખ) આ શબ્દમાં ડેપ્યુટી કમિશનરનો તથા સ્થાનિક સરકાર સરકારી ગેઝેટમાં જાહેરનામુ પ્રસિદ્ધ કરીને જે બીજા અમલદારને આ બાબત નીમે તે અમલદારનો સમાવેશ થાય છે.

"કન્વેયન્સ." (૧૦) "કન્વેયન્સ (બીજાને નામે કરી આપવું)" આ શબ્દમાં વેચાણ થયા પછી કરવાના કન્વેયન્સનો તથા જે લેખ ઉપરથી સ્થાવર અથવા જંગમ મિલકત હયાત શખસો વચ્ચે તબદીલ કરવામાં આવે છે અને જે લેખ બદલ ૧ લા પરિશિષ્ટમાં બીજી રીતનો જુદો ઠરાવ નથી તે લેખનો સમાવેશ થાય છે.

"યોગ્ય સ્ટાંપવાળો" (૧૧) "યોગ્ય સ્ટાંપવાળો" આ શબ્દો કોઇપણ લેખને લાગુ કર્યા હોય ત્યારે તેમનો અર્થ, તે લેખ ઉપર યોગ્ય રકમથી ઓછી ન હોય તેટલી રકમનો વળગે એવો અથવા છાપ મારેલો સ્ટાંપ છે અને તે સ્ટાંપ વિદ્યમાન કાળે બ્રિટિશ હિંદુસ્તાનમાં અમલમાં હોય એવા કાયદા પ્રમાણે ચોહોડયો અથવા ઉપયોગમાં આણ્યો છે એવો થાય છે એમ સમજવું.

"કરી આપેલો" તથા "કરી આપવું" (૧૨) "કરી આપેલો" તથા "કરી આપવું" આ શબ્દો લેખોના સંબંધમાં વાપર્યા હોય ત્યારે તેમનો અર્થ "સહી કરેલો" તથા "સહી કરવી" એવો થાય છે;

"છાપ મારેલા સ્ટાંપ"—(૧૩) "છાપ મારેલા સ્ટાંપ" એ શબ્દોમાં—

(અ) યોગ્ય અમલદારે ચોહોડેલા તથા છાપ મારેલા લેબલોનો, અને

(બ) સ્ટાંપવાળા કાગળ ઉપર ઉપસી કહાડેલા અથવા કોરેલા સ્ટાંપનો, સમાવેશ થાય છે.

"લેખ" (૧૪) "લેખ" આ શબ્દનો અર્થ, જે કોઇ પણ દસ્તાવેજ ઉપરથી કોઇપણ હક અથવા જવાબદારી ઉત્પન્ન થાય છે, તબદીલ થાય છે, નિયમિત થાય છે, વધારવામા આવે છે, નષ્ટ થાય છે, અથવા નોંધવામાં આવે છે, અથવા ઉત્પન્ન થયાનું, તબદીલ થયાનું, નિયમિત થયાનુ, વધારવામાં આવ્યાનું, નષ્ટ થયાંનું અથવા નોંધાયાનું જણાય છે તે દરેક દસ્તાવેજ એવો થાય છે:

"વેંહેંચણનો લેખ" (૧૫) "વેંહેંચણનો લેખ" એ શબ્દોનો અર્થ, જે કોઇ લેખ ઉપરથી મળીઆરા માલિક કોઇપણ મિલકત જુદી જુદી વેંહેંચી લે છે અથવા વેંહેંચી લેવાનું કબૂલ કરે છે તે લેખ એવો સમજવો, અને તે શબ્દમાં, વેંહેંચણું કરવા બાબત કોઇપણ રેવન્યુ અધિકારીએ અથવા કોઇપણ દિવાની કોર્ટે કરેલા આખરના હુકમનો તેમજ વેંહેંચણ કરવાનું ફરમાવનારા લવાદના નિવાડાનો પણ સમાવેશ થાય છે:

"લીસ" (૧૬) "લીસ" આ શબ્દનો અર્થ સ્થાવર મિલકતની લીસ એવો સમજવો, અને વળી તેમાં—

(અ) પટાનો;

(બ) સ્થાવર મિલકતનું વાવેતર કરવા બાબત અથવા તેનો ભોગવટો કરવા બાબત અથવા તેનું ભાડું આપવા અથવા સ્વાધિન કરવા બાબત કરેલી જે લેખી કબૂલાયત અથવા બીજો કરાર લીસનો સામો લેખ નહી હશે તે કબૂલાયત અથવા કરારનો;

(ક) જે કોઇ લેખ ઉપરથી કોઇ પણ પ્રકારનો ટોલ ઇજારે આપવામાં આવે છે તે લેખનો;

(ડ) લીસ મેળવવા માટે કરેલી અરજી મંજૂર કરવામાં આવી છે એવું દેખાડવા સારૂ યોજેલા અને તે અરજી ઉપર કરેલા કાંઇપણ લખાણનો;

સમાવેશ થાય છે:

"ગીરે ખત" (૧૭) " ગીરે ખત " આ શબ્દમાં જે જે લેખથી કરજ તરીકે ધીરેલાં અથવા ધીરવાનાં નાણાંનો, અથવા વિદ્યમાન અથવા આયંદેના કરજનો, અથવા કોઇપણ કરાર અમલમાં લાવવાના કામનો બંદોબસ્ત કરવા સારૂ, કોઇપણ માણસ બીજા માણસને નિર્દિષ્ટ કરેલી મિલકત ઉપરનો અથવા તેના સંબંધમાં હક્ક તબદીલ કરી આપે છે અથવા તેના લાભમાં ઉત્પન્ન કરે છે તે દરેક લેખનો સમાવેશ થાય છે:

"કાગળ" (૧૮) "કાગળ" આ શબ્દમાં જે વેલમ (શુદ્ધ ચર્મપત્ર) ઉપર અથવા પાર્ચમેંટ (ચામડાના કાગળ) ઉપર અથવા બીજા કોઇપણ પદાર્થ ઉપર લેખ લખી શકાય તેનો સમાવેશ થાય છે:

"વિમાની પાલિસી" (૧૯) "વિમાની પાલિસી" એ શબ્દોમાં—

(અ) સલામતીના બદલામાં, કોઇ માણસ, વગર ધારેલી અથવા અદૃષ્ટાધીન વાતથી થનારા તોટાથી અથવા નુકસાનથી અથવા પ્રાપ્ત થનારી પાત્રતાથી બીજાને જોખમ ન પોહોંચે તે બદલની હામી લેવાનું જે કોઇ લેખ ઉપરથી કબૂલ કરે છે તે લેખનો;

(બ) લાઇફ પાલિસીનો (જીંદગીની પાલિસીનો), અને અકસ્માત અથવા માંદગી સામે કોઇપણ શખસને વિમો આપનારી પાલિસીનો તથા શરીર સંબંધી બીજા કોઇપણ વિમાનો; અને

(ક) જે આગના વિમાની પાલિસી બાબત તથા તે પાલિસી અગાઉ નવી કરી આપી હોત તો તે બાબત, તે પાલિસી પ્રથમથીજ ૭ મહિના કરતાં વધારે મુદતની આપી હોત તો જેટલી સ્ટાંપ ડયુટી આપવી પડત તેટલી સ્ટાંપ ડયુટી અગાઉથી આપી નહિ હોય એવી પાલિસી ચાલુ રાખવા સારૂ, તે નવી કરી આપવાનો પુરાવો જેમાં હોય એવા હરકોઇ લખાણનો,

સમાવેશ થાય છે:

"સમુદ્રના વિમાની પાલિસી" અથવા "સમુદ્રની પાલિસી." (૨૦) "સમુદ્રના વિમાની પાલિસી" અથવા "સમુદ્રની પાલિસી" આ સબ્દોનો અર્થ નીચે પ્રમાણે થાય છે, એટલે—

(અ) કોઇપણ વહાણ અથવા બારકસ ઉપર, (પછી તે દરિયાઇ સફર સારૂ હોય અથવા દેશની અંદરના ભાગમાં સફર સારૂ હોય) અથવા કોઇપણ વહાણ અથવા બારકસના સાંચાકામ, દોરડાં વિગેરે સામાન અથવા સરંજામ ઉપર, અથવા કોઇપણ વહાણમાંના અથવા બારકસમાંના કોઇપણ પ્રકારના માલ, વેપારની જણસ અથવા મિલકત ઉપર, અથવા કોઇપણ વહાણ અથવા બારકસના નુરઉપર, અથવા કોઇપણ વહાણઅથવા બારકસમાંના અથવા તે સંબંધી બીજા જે કાંઇપણ હિતસંબંધ ઉપર વિમો કાયદેસર ઉતારી શકાય તે હિતસંબંધ ઉપર ઉતારેલો વિમો એવો થાય છે, અને

(બ) તે શબ્દોમાં, માલની, વેપારની જણસની અથવા મિલકતની કોઇપણ ખેપમાટે ઉતારેલા હરકોઇ વિમાનો સમાવેશ થાય છે, અને તે વિમામાં કેવળ રકમ (અ) ના અર્થ મુજબ સમુદ્રનાજ જોખમનો નહિ, પણ એવી ખેપની શરૂઆતથી તે વિમાની પાલિસીમાં લખેલી છેલ્લી જગાએ પોહોચતાં સુધી એવી ખેપને લગતા બીજા કોઇપણ જોખમનો સમાવેશ થાય છે;

જ્યારે કોઇપણ શખસ, જાસ્તી નુર બદલ અથવા બીજીરીતે આપેલી અથવા આપવાની પૈસાની કોઇપણ રકમના બદલામાં, કોઇપણ વહાણ અથવા બારકસ ઉપર કોઇપણ પ્રકારનો માલ, વેપારની જણસ અથવા મિલકત હોય તે દરમીઆન તે માલ, જણસ અથવા મિલકત ઉપરનું કાંઇ-પણ જોખમ પોતાને માથે લેવાની કબુલાયત કરે અથવા એવા કોઇપણ માલના, વેપારની જણસના અથવા મિલકતના ધણીને જે કાંઇપણ જોખમ, ટોટો અથવા નુકસાન થાય તે ભરી આપવાની હામી લેવાનું કબુલ કરે ત્યારે, એવી કબુલાયત અથવા કબુલી સમુદ્રના વિમાનો કરાર છે એમ સમજવું:

(૨૧) "મુખત્યારનામું" આ શબ્દમાં, (કોર્ટ ફી સબંધી વિદ્યમાન કાળે અમલમાં હોય તે કાયદા મુજબ ફી પડવા જોગ ન હોય એવા) જે કાંઇપણ લેખ ઉપરથી અમુક નિર્દિષ્ટ કરેલા માણસને તે લેખ કરી આપનાર માણસને બદલે અને તેને નામે કામ કરવાનો અધિકાર મળે છે તે લેખનો સમાવેશ થાય છે:

"મુખત્યારનામું"

(૨૨) "વાયદા ચીઠી" એટલે સન ૧૮૮૧ ના વેચાય એવા લેખ બાબતના આક્ટમાં વ્યાખ્યા પ્રમાણેની વાયદાચીઠી સમજવી:

"વાયદા ચીઠી"

અને વળી તેમાં, જેમાંથી નાણું મળવા જેવાં હોય કે ન હોય એવાં કાંઇપણ ચોકસ ફંડમાંથી અથવા જે કોઇપણ શરત પુરી કરવામાં આવે અથવા ન આવે તે શરતે અથવા જે કોઇપણ બનાવ બને કે ન બને તે પ્રસંગે, પૈસાની કોઇપણ રકમ આપવાનું જેમાં વચન આપ્યું હોય તે ચીઠીનો સમાવેશ થાય છે:

(૨૩) "પોહોચ" આ શબ્દમાં જે કોઇ ચીઠી ઉપરથી, યાદી ઉપરથી અથવા લખાણ ઉપરથી—

"પોહોંચ"

(અ) કાંઇ નાણું, અથવા બીલ આફ એકસચેંજ, ચેક અથવા વાયદાચીઠી પોહોંચ્યાનું કબૂલ કર્યું હોય, અથવા

(બ) કરજની ભરપાઇ તરીકે કોઇપણ બીજી જંગમ મિલકત પોહોંચ્યાનું કબૂલ કર્યું હોય, અથવા

(ક) કોઇ કરજ અથવા માંગણું અથવા કોઇ કરજનો અથવા માંગણાનો કાંઇ ભાગ ભરપાઇ થયાનું અથવા તે પત્યાનું કબુલ કર્યું હોય, અથવા

(ડ) સદરહુ પ્રમાણે કબુલ કર્યાનું દરશાવાતું હોય અથવા તેમ દેખાતું હોય,

તે ચીઠી અથવા યાદી અથવા લખાણનો. સમાવેશ થાય છે. પછી તેની ઉપર કોઇ માણસે પોતાના નામની સહી કરી હોય કે નહીં હોય: અને

(૨૪) "વ્યવસ્થાપત્ર" આનો અર્થ વસિયતનામું ન હોય તેવી સ્થાવર અથવા જંગમ મિલકતની જે કાંઇપણ લેખી વ્યવસ્થા,

"વ્યવસ્થાપત્ર"

(અ) લગ્ન થયાબાબત કરી હોય,

(બ) વ્યવસ્થાપત્ર કરનારની મિલકત તેના કુટુંબમાં વહેંચી આપવા સારૂ અથવા જેઓને સારૂ કાંઇ બંદોબસ્ત કરી આપવાની તેની ઇચ્છા હોય તેઓને વહેંચી આપવા સારૂ, અથવા તેનાપર જેનો આધાર હોય એવા કોઇપણ માણસનો બંદોબસ્ત કરવા સારૂ કરી હોય, અથવા

(૨) કોઇપણ ધર્મ સંબંધી અથવા દાન ધર્મ સંબંધી કારણ સારૂ કરી હોય.
તે વ્યવસ્થા એવો થાય છે.

અને તે શબ્દમાં, સદહું પ્રકારની વ્યવસ્થા કરવા વિશેની લેખી કબુલતનો સમાવેશ થાય છે.

ભાગ ૨ જો.

સ્ટાંપ ડયુટી.

અ—લેખ ડયુટીને પાત્ર થવા બાબત.

ડયુટીપડવા જોગ લેખ. ૩. હેઠળ લખેલા જુદા જુદા લેખની યોગ્ય ડયુટી તરીકે જે રકમ પહેલા પરિશિષ્ટમાં દર્શાવી છે તેટલી રકમની ડયુટી તે લેખ ઉપર, આ આકટના ઠરાવને તથા તે પરિશિષ્ટમાં કહેલી માફીને પાત્ર રહીને, પડવાજોગી છે એમ સમજવું, એટલે:—

(અ) તે પરિશિષ્ટમાં લખેલો જે કોઇ લેખ કોઇપણ શખસે અગાઉ કરી આપ્યો ન હોય અને જે સન ૧૮૯૯ ના જુલાઇ મહિનાની પહેલી તારીખે અથવા તે તારીખ પછી બ્રિટિશ હિંદુસ્તાનમાં કરવામાં આવે તે દરેક લેખ;

(બ) તે તારીખે અથવા તે તારીખ પછી બ્રિટિશ હિંદુસ્તાનની બહાર લખેલું અથવા કરેલું અને બ્રિટિશ હિંદુસ્તાનમાં સીકારેલું અથવા અદા કરેલું, અથવા સીકારવા સારૂ અથવા અદા કરવા સારૂ દેખાડેલું અથવા શેરો લખેલું અથવા તબદીલ કરેલું અથવા બીજી રીતે વેચેલું દરેક બીલ આફ એક્સચેંજ, ચેક અથવા વાયદા ચિઠ્ઠી, અને

(ક) તે પરિશિષ્ટમાં કહેલો (બિલ આફ એક્સચેંજ, ચેક અથવા વાયદા ચિઠ્ઠી શિવાય બીજો) અગાઉ કોઇપણ મનુષ્યે કરી આપ્યો ન હોય એવો જે લેખ તે તારીખે અથવા તે તારીખ પછી બ્રિટિશ હિંદુસ્તાનની બહાર કરેલો હશે, તથા જે બ્રિટિશ હિંદુસ્તાનની માંહેની મિલકત સંબંધી અથવા બ્રિટિશ હિંદુસ્તાનમાં કરેલી અથવા કરવાની કોઇપણ બાબત સંબંધી અથવા વાત સંબંધી હશે અને જે બ્રિટીશ હિંદુસ્તાનમા આવ્યો હશે તે દરેક લેખ:

પણ એવું ઠરાવ્યું છે કે—

(૧) સરકારે અથવા સરકારની તરફથી અથવા સરકારને કરી આપેલા કોઇપણ લેખ ઉપર, આ માફી ન હોત તો, જે પ્રસંગે સરકાર ડયુટી આપવાને પાત્ર થાત તે પ્રસંગે તે લેખ ઉપર,

(૨) સન ૧૮૯૪ ના વેપારી લોકોનાં વહાણ સંબંધી આકટની રૂયે, અથવા સન ૧૮૩૮ ના ૧૯ મા અથવા સન ૧૮૪૧ના તે સાલ પછીના આકટો ઉપરથી સુધારેલા હિંદુસ્તાનના વહાણો નોંધવાબાબતના આકટની રૂયે નોંધેલા કોઇપણ વહાણ અથવા બારકસના, અથવા તેવા કોઇ પણ વહાણ અથવા બારકસના કોઇપણ ભાગ, હિતસંબંધ, હિસ્સા અથવા મિલકતના કાયમ અથવા ગીરો તરીકે અથવા બીજી રીતે કરેલા વેચાણ બદલના, તબદીલી બદલનાં અથવા બીજી વ્યવસ્થા બદલના કોઇપણ લેખ ઉપર,

કોઇપણ ડયુટી પડવા જોગ થશે નહીં.

૪. (૧) જ્યારે કોઇપણ વેચાણની અથવા ગીરોખતની અથવા વ્યવસ્થાપત્રની બાબતમાં તે

વેચાણના, ગીરોખતના અથવા વ્યવસ્થાપત્રના એકજ વ્યવહારમાં ઉપયોગમાં લીધેલા અનેક લેખ

સંબંધી વ્યવહાર પુરો કરવાસારૂ અનેક લેખનો ઉપયોગ કર્યો હશે, ત્યારે તે, કન્વેયન્સ બદલ, ગીરોખતનું બદલ અથવા વ્યવસ્થાપત્ર બદલ પહેલા પરિશિષ્ટમાં જે ડયુટી કહી છે તે ડયુટી મુખ્ય લેખ ઉપર માત્ર પડવા જોગ થશે, અને બીજા લેખમાંના દરેક લેખ બદલ તે પરિશિષ્ટમાં જે ડયુટી કહી હશે(જો હોય તો) તેને બદલે એક રૂપિયાની ડયુટી પડવાજોગ થશે.

(૨) સદરહુ પ્રમાણે ઉપયોગ કરેલા લેખોમાંથી કયોલેખ પેટા કલમ (૧) નાં કારણ સારૂ મુખ્ય લેખ સમજવો તે ઠરાવવાનો પક્ષકારોને સ્વતઃ અધિકાર છે.

પરંતુ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રમાણે ઠરાવેલા લેખ ઉપર પડવાજોગ ડયુટી, સદરહુ પ્રમાણે ઉપયોગ કરેલા લેખ પૈકી કોઇપણ લેખ ઉપર વત્તામાં વત્તી ડયુટી પડવાજોગ હોય તે સમજવી.

કેટલીએક જુદી જુદી બાબત સંબંધી લેખ.

૫. જેમાં અનેક જુદી જુદી બાબતો સમાઇ હોય અથવા જે અનેક જુદી જુદી બાબતો સંબંધી હોય એવા કોઇપણ લેખ ઉપર, સદરહુ પ્રકારની બાબતોમાંની એક એક બાબત સમાઇ હોય એવા અથવા એક એક બાબત સંબંધી હોય એવા દરેક જુદા જુદા લેખ ઉપર આ આકટ પ્રમાણે જે ડયુટી પડવા જોગ હશે, તે ડયુટીની એકંદર રકમ પડવાજોગ થશે એમ સમજવું.

પહેલા પરિશિષ્ટમાંના અનેક પ્રકાર જેને લાગૂ હોય એવા લેખ.

૬. જે કોઇપણ લેખને તેના મચકુરના ધોરણઉપરથી પહેલા પરિશિષ્ટમાંના બે અથવા વધારે પ્રકાર લાગુ થતા હોય તે લેખ ઉપર તે પરિસીસ્ટ મુજબ પડવા જોગ ડયુટી જુદી જુદી હોય તે પ્રસંગે, તે ડયુટીમાંની જે ડયુટી સૌથી વધારે હોય તેજ ફક્ત, તરત ઉપરની છેલ્લી કલમના ઠરાવોને લાગૂ રહીને, તે ઉપર પડવા જોગ થશે:

પણ એવું ઠરાવ્યું છે કે જે કોઇપણ લેખ ડયુટી પડવા જોગ હશે અને જે બદલ યોગ્ય ડયુટી આપી હશે તે લેખના સામા લેખ ઉપર અથવા ડુપ્લીકેટ (બીજી પ્રત) ઉપર આ આક્ટમાંના કોઇપણ ઠરાવ ઉપરથી એક રૂપિઆ કરતાં વધારે ડયુટી પડવાજોગ થશે એમ સમજવું નહીં.

સમુદ્રના વિમાની પાલિસી બાબત.

૭. (૧) (સન ૧૮૯૪ના વેપારી લોકોના વહાણો બાબતના આકટની ૫૦૬ ઠ્ઠી કલમમાં કહેલા પ્રકારના વિમા શિવાય) બીજા કોઇપણ સમુદ્રના વિમા બાબતનો કરાર સમુદ્રની પાલિસીમાં લખ્યો ન હોય, તો તે વ્યવહારોપયોગી થશે નહીં.

(૨) મુદત માટે કરેલી કોઇપણ સમુદ્રની પાલિસી બાર મહીના કરતાં વધારે મુદત માટે કરવી નહીં.

(૩) સમુદ્રની પાલિસી જે અમુક જોખમ અથવા સાહસ બદલ અથવા જે મુદત માટે કરી હશે તે જોખમ, તે સાહસ અથવા તે મુદત, સબસ્ક્રાઇબરોનાં અથવા અંડર રાઇટરોનાં નામ તથા વિમાની રકમ અથવા રકમો તેમાં નિર્દિષ્ટ કરી નહીં હશે, તો તે વ્યવહારોપયોગી થશે નહીં

(૪) જ્યારે કોઇપણ સમુદ્રનો વિમો સફર બદલ અથવા સફર ઉપર કર્યો હશે તથા મુદત બાબત પણ કર્યોહશે, અથવા વહાણ નિમેલે ઠેકાણે આવી પોહોંચે અને ત્યાં લંગર કરે તે પછીની ત્રીસ દીવસ ઉપરાંતની કોઇપણ મુદતને લાગુ થાય અથવા એવી કોઇપણ મુદતનો સમાવેશ થાય તેવો કર્યો હશે, ત્યારે તે પાલિસીઉપર સફર બદલની અથવા સફર ઉપરની પાલિશી પ્રમાણે ડયુટી પડીને વળી મુદત બાબતની પાલિસી પ્રમાણે પણ ડયુટી પડશે.

૮. (૧) આ આકટમાં ગમે તે મચકુર હોય તોપણ, સન ૧૮૭૯ ના સ્થાનિક અધિકારીઓએ નાણું કરજે કહાડવા બાબતના આકટના, અથવા વિધમાન હાલે અમલમાં હોય એવા બીજા કોઇપણ કાયદાના ઠરાવોની રૂયે, જે કોઇપણ સ્થાનિક અધિકારીએ બાંડ, ડિબેંચર અથવા બીજી સીકયુરીટી કહાડીને નાણું કરજે કાહાડયું હોય તે અધીકારી ઉપર એવા કરજના સંબંધમાં પોતે કાહાડેલા બાંડની, ડિબેંચરની. અથવા સીકયુરીટીની એકંદર રકમ ઉપર દર સેંકડે આઠ આના ડયુટી પડવાજોગ થશે, અને એવાં બાંડ, ડિબેંચર, અથવા બીજી સીકયુરીટી ઉપર સ્ટાંપ મારવાની જરૂર નથી, અને તે નવાં કરતી વખતે, એકત્ર કરતી વખતે, તેના પેટાભાગ કરતી વખતે અથવા બીજે પ્રસંગે તેના ઉપર કાંઇપણ વધારે ડયુટી પડવાજોગ થશે નહિ.

સન ૧૮૭૯ ના ૧૧ મા આકટની રૂયે કહાડવા કરજના સંબંધમાં કાહાડેલા બાંડ. ડિબેંચર અથવા બીજી સીકયુરીટીઓ.

(૨) પેટા કલમ (૧) ના જે ઠરાવો ઉપરથી કેટલાંક બાંડ, ડિબેંચર અથવા બીજી સીકયુરીટી ઉપર સ્ટાંપ નહિ મરવાનું તથા અમુક વધારે ડયુટી નહિ આપવાનું ફરમાવ્યું છે તે ઠરાવો, તેમાં કહેલાં પ્રકારનુ જે જે કરજ ફોડાયા વગર રહ્યું હશે તે સઘળા કરજના બાંડને, ડિબેંચરને, અથવા બીજી સીકયુરીટીને લાગુ પડશે, અને એવાં સઘળાં બાંડ, ડિબેંચર, અથવા બીજી સીકયુરીટી ઉપર સ્ટાંપ હશે કે નહિ હશે તોપણ તે વ્યવહારોપયોગી થશે:

પણ એવું ઠરાવ્યું છે કે જે સ્થાનિક અધિકારીએ સદરહુ બાંડ, ડિબેંચર અથવા બીજી સીકયુરીટી કાહાડી હોય તે અધિકારીને, સન ૧૮૯૭ ના માર્ચ મહિનાની છવીસમી તારીખ પહેલાં તે બાબત પડવા જોગી જે ડયુટી અગાઉ ભરવામાં આવી ન હોય અથવા ગવર્નર જનરલ ઇન્ કોંસિલે કહાડેલા હુકમથી માફ કરવામાં આવી ન હોય તે આ આકટમાંહેના કોઇપણ ઠરાવ ઉપરથી માફ થશે એમ સમજવું નહિ.

(૩) આ કલમમાં ફરમાવેલી ડયુટી આપવાની બુદ્ધિપૂર્વક ગફલત કરવામાં આવે તો, તે સ્થાનિક અધિકારી, ભરવાની ડયુટીની રકમ ઉપર દર શેંકડે દશ ટકા પ્રમાણે એક રકમ દંડ તરીકે સરકારમાં ભરવાને, અને આવા પ્રકારની ગફલત પહેલા મહિના પછી ચાલુ રહે તો તે પછીના દરેક મહિના બદલ તેટલો દંડ ભરવાને પાત્ર થશે

ડયુટી ઓછી કરવાનો અથવા માફ કરવાનો અથવા તે બદલ ઉધડી રકમ લેવાનો અધીકાર

૯. ગવર્નરજનરલ ઇન્ કોંસિલને ઇન્ડિયા ગેઝેટમાં કાનુન અથવા હુકમ પ્રસિદ્ધ કરીને નિચે પ્રમાણે કરવાનો અધિકાર છે, એટલે:—

(અ) કોઇપણ લેખ અથવા કોઇપણ મુકરર વર્ગના લેખ, અથવા તે વર્ગના લેખમાંના કોઇ પણ લેખ, અથવા કોઇપણ વિશેષ વર્ગના માણસોએ કે માણસોને અથવા તે વર્ગના કોઇ માણસોએ કે માણસોને કોઇપણ લેખ કરી આપ્યા હોય, ત્યારે તે ઉપર જે ડયુટી પડવા જોગ હોય તે, આખા બ્રિટિશ હિંદુસ્તાનમાં અથવા તેના હરકોઇ ભાગમાં, કોઇપણ આવતી અથવા ગયેલી તારીખથી, ઓછી અથવા માફ કરવાનો, અને

(બ) કોઇપણ સંસ્થાપિત કંપનીએ અથવા એવી બીજી કોઇ મંડળીએ કાહાડેલાં ડિબેંચર, બાંડ, અથવા બજારમાં વેચાય એવી બીજી સીકયુરીટીની બાબતમાં ડયુટી બદલ ઉધડી રકમ લેવાનું ઠરાવવાનો.

અધિકાર છે.

બ.—સ્ટાંપ તથા તેમનો ઉપયોગ કરવાની રીત વિશે.

૧૦. (૧) આ આક્ટમાં બીજી રીતે સ્પષ્ટપણે ઠરાવ કર્યો હોય તે શિવાયને પ્રસંગે, કોઇપણ લેખઉપર જે ડ્યુટી પડવા જોગ હશે તે સઘળી ડ્યુટી સ્ટાંપના યોગે,—

ડ્યુટી શી રીતે આપવી.

(અ) આ આક્ટમાંહેના ઠરાવ પ્રમાણે; અથવા

(બ) સદરહુ પ્રકારનો ઠરાવ તેઓને લાગુ ન હોય, ત્યારે ગવર્નર જનરલઇન્ કૌંસિલ કાનુન કરીને ફરમાવે તે પ્રમાણે,

આપવી જોઇયે, અને સદરહુ પ્રમાણે આપ્યાની વાત સદરહુ પ્રકારના લેખ ઉપર સ્ટાંપ વડે દરશાવવી જોઇયે.

(૨) પેટા કલમ ૧ મુજબ કરેલી કાનુનોમાં બીજી બાબતો સાથે નીચે લખેલી બાબતોનું નિયમન કરવાનો અધિકાર છે, એટલે

(અ) દરેક જાતના લેખને પ્રસંગે—જે સ્ટાંપ વાપરી શકાય તે સ્ટાંપનો પ્રકાર,

(બ) છાપ મારેલા સ્ટાંપ વડે સ્ટાંપ મારેલા લેખને પ્રસંગે—કેટલા સ્ટાંપનો ઉપયોગ કરી શકાય તે;

(ક) પૂર્વ તરફની કોઇપણ ભાષામાં લખેલાં બિલ આફ એક્સચેંજ અથવા વાયદા ચિઠ્ઠીઓની બાબતમાં—તે કેટલા કાગળપર લખવાનાં તે.

વળગે તેવા સ્ટાંપનો ઉપયોગ.

૧૧. હેઠળ લખેલા લેખ ઉપર વળગે તેવા સ્ટાંપ લગાડવાનો અધીકાર છે, એટલે—

(અ) જેનો અવેજ માંગે ત્યારે આપવા શિવાય બીજી રીતે આપવા જોગ હોય અને જેનાં સેટ લખ્યાં હોય એવાં બીલ આફ એક્સચેંજના ભાગ શિવાય, જે લેખ ઉપર એક આનો ડ્યુટી પડવા જોગ હશે તે લેખ;

(બ) બ્રિટીશ હિંદુસ્તાનની બાહાર લખેલાં બિલ આફ એક્સચેંજ, ચેક તથા વાયદા ચિઠ્ઠીઓ;

(ક) હૈ કોર્ટના રોલમાં (યાદીમાં) આડવોકેટ, વકીલ અથવા અટર્ની તરીકેની નોંધ;

(ડ) નોટરી પબ્લીકનાં લખાણ, અને

(ઇ) કોઇપણ સંસ્થાપિત કંપનીના અથવા બીજી એકવ્યક્તિભૂત મંડળીના શેર શેરો લખીને તબદીલ કરી આપવાના લેખ.

૧૨. (૧) (અ) ડ્યુટી પડવા જોગ હોય અને કોઇપણ શખસે કરી આપ્યો હોય એવા કોઇપણ લેખ ઉપર જે કોઇ શખસ કોઇપણ વળગે તેવો સ્ટાંપ ચોહોડશે તેણે તે ચોહોડતી વખતે, તે સ્ટાંપનો ફરીથી ઉપયોગ ન કરી શકાય એવી રીતે તે રદ કરવો જોઇયે; અને

વળગે તેવા સ્ટાંપ રદ કરવા બાબત.

(બ) વળગે એવા સ્ટાંપ લગાડેલા કોઇપણ કાગળ ઉપર જે કોઇ શખસ કોઇપણ લેખ કરી આપશે તેણે, સદરહુ સ્ટાંપ ઉપર કહેલી રીતે રદ કરવામાં આવ્યો ન હોય તો, તે કરી આપતી વેળાએ, તે સ્ટાંપનો ફરીથી ઉપયોગ કરી ન શકાય એવી રીતે, તે રદ કરવો જોઇએ.

(૨) કોઇપણ લેખ ઉપર વળગે તેવો સ્ટાંપ, હોય ને તે સ્ટાંપનો ફરીથી ઉપયોગ ન કરી શકાય એવી રીતે તે રદ કર્યો ન હોય, તો તે લેખ, તે સ્ટાંપનો સબંધ હોય તેટલે સુધી, સ્ટાંપ વગરનો છે એમ સમજવું.

(૩) જે શખસને પેટા કલમ (૧) મુજબ વળગે તેવો સ્ટાંપ રદ કરવાનું ફરમાવ્યું હશે તે શખસ સદરહુ સ્ટાંપ ઉપર અથવા આડા પોતાનું નામ અથવા પોતાની સહીના આદ્યક્ષર અથવા પોતાની ફર્મ (પેઢી)નું નામ અથવા તેના નામના આદ્યક્ષર લખીને તથા તે લખ્યાની ખરી તારીખ લખીને અથવા બીજી કોઇ કાર્યસાધક રીતે તે સ્ટાંપ રદ કરવાને મુખત્યાર છે.

છાપ મારેલા સ્ટાંપવાળા કાગળ ઉપર લેખ શી રીતે લખવા.

૧૩. છાપ મારેલા સ્ટાંપના કાગળ ઉપર લખવાનો દરેક લેખ એવી રીતે લખવો કે સ્ટાંપ તે લેખના પૃષ્ટ ભાગ ઉપર દેખાય તથા તેનો બીજા કોઇપણ લેખ સારૂ ઉપયોગ કરી ન શકાય અથવા તે બીજા કોઇપણ લેખને લગાડી ન શકાય.

એક સ્ટાપ ઉપર એકજ લેખ જોઇયે.

૧૪. ડ્યુટી પડવાજોગ કોઇ લેખ જે સ્ટાંપના કાગળ ઉપર લખેલો હશે તે કાગળ ઉપર જે બીજો લેખ ડ્યુટી પડવાજોગ હશે તે લખવો નહીં.

પણ એવું ઠરાવ્યું છે કે જે કોઇપણ શેરાપર યોગ્ય રીતે સ્ટાંપ માર્યો હશે અથવા જે બદલ ડ્યુટી પડવાજોગ નહિ હશે તે શેરો, જે લેખ ઉપરથી કોઇપણ હક્ક ઉત્પન્ન થતો હોય અથવા દેખાતો હોય તે હક્ક તબદીલ કરવા સારૂ, અથવા જેમાં પૈસા આપવાનું અથવા માલ સ્વાધીન કરવાનું લખ્યું હશે તે પૈસા અથવા માલ પોહોચ્યાનું કબૂલ કરવા સારૂ, તે લેખ ઉપર લખવાની આ કલમમાંના કોઇપણ મચકુર ઉપરથી મના કરી છે એમ સમજવું નહીં.

૧૩ મી અથવા ૧૪ મી કલમથી ઉલટી રીતે લખેલા લેખ વગર સ્ટાંપના છે એમ સમજવું.

૧૫. તેરમી અથવા ચૌદમી કલમથી ઉલટી રીતે લખેલો દરેક લેખ વગર સ્ટાંપનો છે એમ સમજવું.

ડ્યુટી દર્શાવવી.

૧૬. કોઇપણ લેખ ઉપર જે ડ્યુટી પડવાજોગ હશે તે અથવા કોઇ લેખની ડ્યુટી માફ કરી હશે તે, બીજા લેખ બદલ આપેલી ડ્યુટી ઉપર કોઇપણ રીતે આધાર રાખતી હશે, ત્યારે બીજા લેખ બદલ ડ્યુટી આપ્યાની વાત, કલેક્ટરને તે બાબત લેખી અરજી કરવામાં આવે તો તથા તે બેઉ લેખ હાજર કરવામાં આવે તો, તે પ્રથમ કહેલા લેખ ઉપર કલેક્ટરની સહી સાથનો શેરો કરીને અથવા ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ કાનુન કરીને ફરમાવે તેવી બીજી રીતે દર્શાવવી જોઇયે.

ક—લેખ ઉપર સ્ટાંપ મારવાની મુદત બાબત.

બ્રિટિશ હિંદુસ્તાનમાં કરી આપવાના લેખ.

૧૭. ડ્યુટી પડવાજોગ તથા બ્રિટિશ હિંદુસ્તાનમાં કોઇપણ મનુષ્યે કરી આપવાના સઘળા લેખ ઉપર તે કરી આપવાની અગાઉ અથવા તે કરી આપતી વખતે સ્ટાંપ મારવો જોઇએ.

૧૮. (૧) ડયુટી પડવાજોગ હોય એવો જે જે લેખ માત્ર બ્રિટિશ હિંદુસ્તાનની બાહાર કરેલો હશે તથા જે બીલ આફ્ એક્સચેંજ, ચેક અથવા વાયદા ચિઠ્ઠી નહીં હશે તે દરેક ઉપર તે બ્રિટિશ હિંદુસ્તાનમાં પ્રથમ આવ્યા પછી ત્રણ મહિનાની અંદર સ્ટાંપ મારવાનો અધિકાર છે.

બિલો, ચેકો તથા ચિઠ્ઠીઓ શિવાય બ્રિટિશ હિંદુસ્તાનની બાહાર કરેલા બીજા લેખ.

(૨) એવા લેખ બદલ કહેલા સ્ટાંપના પ્રકાર પ્રમાણે તે લેખ ઉપર ખાનગી શખસથી યોગ્ય રીતે સ્ટાંપ મારી શકાતો ન હોય, ત્યારે તે સદરહુ ત્રણ મહિનાની મુદ્દતમાં કલેક્ટર પાસે લઇજવાનો અધિકાર છે. અને તે લેખ સદરહુ પ્રમાણે લઇજનાર શખસ જે કિંમતનો સ્ટાંપ માગે તથા જે બદલ નાણું આપે તે કિંમતનો સ્ટાંપ કલેક્ટરે તે લેખ ઉપર ગવર્નર જનરલ ઇન કૌંસિલ કાનુન કરીને ફરમાવે તે રીતે મારવો જોઇયે.

બ્રિટિશ હિંદુસ્તાનની બાહાર લખેલાં બિલો, ચેકો તથા ચિઠ્ઠીઓ.

૧૯. બ્રિટિશ હિંદુસ્તાનની બાહાર લખેલું કોઇ બીલ આફ એક્સચેંજ, ચેક અથવા વાયદાચિઠ્ઠી બ્રિટિશ હિંદુસ્તાનમાં પહેલા ધારણ કરનારાએ, બ્રિટિશ હિંદુસ્તાનમાં તે સીકારવા સારૂ અથવા અવેજ મળવાસારૂ દેખાડયા પેહેલાં, અથવાં તે ઉપર શેરો લખ્યા પેહેલાં, અથવા તે તબદીલ કરી આપ્યા પેહેલાં અથવા બીજી રીતે વેચ્યા પેહેલાં, તેની ઉપર યોગ્ય સ્ટાંપ લગાડીને તે રદ કરવો જોઇએ:

પણ એવું ઠરાવ્યું છે કે,—

(અ) એવું કોઇપણ બિલ આફ્ એકસચેંજ, ચેક અથવા ચિઠ્ઠી કોઇપણ ધારણ કરનારના હાથમાં બ્રિટિશ હિંદુસ્તાનમાં આવે તે વખતે તેની ઉપર વળગે તેવો યોગ્ય સ્ટાંપ લગાડયો હશે તથા તે બારમી કલમમાં કહેલી રીતે રદ્દ કરેલો હશે, અને તે સ્ટાંપ જે માણસને જે વખતે મારવાની અથવા રદ્દ કરવાની આ આકટ મુજબ જરૂર છે તે માણસ શિવાય બીજા માણસે તથા તે વખત શિવાય બીજી વખતે માર્યો છે અથવા રદ્દ કર્યો છે એવું માનવાનો સદહૂ પ્રકારના ધારણ કરનારને સબબ નહીં હશે, તો તે સ્ટાંપ, તે ધારણ કરનારના સંબંધમાં હોય તેટલેસુધી, યોગ્ય રીતે લગાડયો છે તથા રદ્દ કર્યો છે એમ સમજવું;

(બ) સ્ટાંપ લગાડવાનું અથવા રદ્દ કરવાનું વર્જ કર્યા બદલ કોઇપણ માણસ જે શિક્ષાને પાત્ર થાય છે તેમાંથી તે આ વિશેષ ઠરાવમાંના કોઇપણ મચકૂર ઉપરથી છુટે છે એમ સમજવું નહીં.

૬.—ડયુટીસારૂ કિંમત આકારવા બાબત.

૨૦. (૧) જ્યારે કોઇ લેખ ઉપર બ્રિટિશ હિંદુસ્તાનના ચલણ શિવાય બીજા ચલણમાં લખેલાં નાણાંબદલ કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ હશે ત્યારે, તે ડયુટી, એવા લેખની તારીખે એવા નાણાની જે કિંમત વટાવના ચાલુ દર પ્રમાણે બ્રિટિશ હિંદુસ્તાનના ચલણી નાણામાં થતી હશે તે ઉપર ગણવી જોઇએ.

પારકા ચલણમાં લખેલી રકમનું રૂપાંતર.

(૨) સ્ટાંપ ડયુટી ગણવાસારૂ બ્રિટિશ અથવા કોઇપણ પરરાજના ચલણનું બ્રિટિશ હિંદુસ્તાનના ચલણમાં રૂપાંતર કરવામાટે ગવર્નર જનરલ ઇન કૌંસિલ ઇંડિયા ગેઝીટમાં વખતો વખ-

ત જાહેરનામું કાઢીને વટાવનો દર ઠરાવવાને મુખત્યાર છે, અને આવો દર પેટા કલમ (૧) નાં કારણમાટે ચાલુ દર છે એમ સમજવું.

સ્ટાકની તથા બજારમાં વેચી શકાય એવી સિક્યુરીટીની કિંમત કેમ આકારવી.

૨૧. જ્યારે કોઇ લેખઉપર કોઇ સ્ટાકબાબત અથવા બજારમાં વેચી શકાય એવી અથવા બીજી કોઇ સિક્યુરિટી બાબત કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ હોય, ત્યારે તે ડયુટી, એવા લેખની તારીખે તે સ્ટાકનો અથવા સિક્યુરિટીનો સરાસરી જે ભાવ અથવા કિંમત હશે તે ભાવ અથવા કિંમત પ્રમાણે તેની જે કિંમત થતી હશે તે ઉપર ગણવી જોઇએ.

વટાવનો દર અથવા સરાસરી ભાવ લખવાનું ફળ.

૨૨. કોઇ લેખમાં, પ્રસંગ પ્રમાણે, વટાવનો ચાલુ દર અથવા સરાસરી ભાવ લખ્યો હશે અને તે લખ્યા પ્રમાણે તે લેખ ઉપર સ્ટાંપ માર્યો હશે. ત્યારે તે લેખ ઉપર, તે લખાણના વિષયનો સંબંધ હોય તેટલે સુધી, યોગ્ય સ્ટાંપ માર્યો છે એમ, ઉલટું સાબિત કરવામાં આવે ત્યાંસુધી, અનુમાન કરવું.

જેમાં વ્યાજ મળવાનું લખ્યું હોય એવા લેખ.

૨૩. જ્યારે કોઇ લેખનાં શરત ઉપરથી વ્યાજ આપવાનું ખસુસ ઠરાવ્યું હોય, ત્યારે તે લેખમાં વ્યાજ લખ્યું નહીં હોત તો તે લેખની ઉપર જેટલી ડયુટી પડત તે કરતાં વત્તી ડયુટી તે ઉપર પડવા જોગ નથી એમ સમજવું.

કરજના અવેજમાં કરેલી તબદીલી ઉપર અથવા આગળ અવેજ આપવાનો હોય તે વિગેરેને પાત્ર રહીને કરેલી તબદીલી ઉપર ડયુટી કેમ લેવી.

૨૪. જ્યારે કોઇપણ મિલકત કોઇપણ માણસને, તેનું લેણું હશે તે કરજના, સર્વાંશે અથવા કાંઇ અંશે, અવેજ દાખલ તબદીલ કરી આપી હશે, અથવા કોઇ પણ પૈસાના ભરણાને અથવા સ્ટાકની તબદીલીને, ખચીત અથવા અદૃષ્ટાધીન વાતની શરતને પાત્ર કરીને, તબદીલ કરી આપી હશે, પછી તે કરજ, પૈસા અથવા સ્ટાક તે મિલકત ઉપર બોજો હોય અથવા ન હોય અથવા થતો હોય અથવા થતો ન હોય, ત્યારે તે કરજ, પૈસા અથવા સ્ટાક, તે તબદીલી ઉપર જે બદલ કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ છે એવો, પ્રસંગ પ્રમાણે, સઘળો અથવા થોડો અવેજ છે એમ સમજવું જોઇયે:

પણ એવું ઠરાવ્યું છે કે પહેલા પરિશિષ્ટના ૧૮ મા નંબરમાં કહ્યાપ્રકારના કોઇપણ વેચાણના દાખલાને આ કલમમાંનો કોઇપણ મજકુર લાગુ નથી.

ખુલાસો.—ગીરોને અથવા બીજા દેણાંના બોજાને પાત્ર હોય એવી મિલકતના વેચાણની બાબતમાં, કંઇપણ નહીં ભરેલા ગીરોના અથવા બોજાના પૈસા, તેનાઉપર નીકળતા (જો કંઇ હોય તો) વ્યાજસાથે, વેચાણના અવેજનો ભાગ છે એમ સમજવું:

પણ એવું ઠરાવ્યું છે કે ગીરોને પાત્ર હોય એવી મિલકત ગીરો રાખનારને તબદીલ કરી આપી હશે તે પ્રસંગે, તે ગીરોના સંબંધમાં જે કાંઇપણ ડયુટી આપવામાં આવી હશે તે ડયુટીની રકમ તે તબદીલી ઉપર પડવા જોગ ડયુટીની રકમમાંથી બાદ કરવાનો તે ગીરો રાખનારને હક છે.

દૃષ્ટાંત

(૧) **અ**ને **બ**ના ૧,૦૦૦ રૂપિયા દેવા છે. **અ બ**ને ૫૦૦ રૂપિયા બદલ અને પહેલાના ૧,૦૦૦ રૂપિયાના કરજની ફારગતીના અવેજ બદલ કાંઇ મિલકત વેચે છે. ત્યારે સ્ટાંપ ડયુટી ૧,૫૦૦ રૂપિયાઉપર પડશે.

(૨) **અ** **બ**ને એક મિલકત ૫૦૦ રૂપિયાસારૂ વેચે છે. તે મિલકત કને ૧,૦૦૦ રૂપિયે ગીરો મુકેલી છે તથા તે ઉપર વ્યાજના ૨૦૦ રૂપિયા ભરવાના રહ્યા છે. ત્યારે સ્ટાંપ ડ્યુટી ૧,૭૦૦ રૂપિયાઉપર પડશે.

(૩) **અ** ૧૦૦૦૦ રૂપિયાની કિંમતનું એક ઘર **બ**ને ૫૦૦૦ રૂપિયે ગીરો આપે છે. પછી **બ** તે ઘર **અ** પાસેથી વેચાતું લે છે. ત્યારે સ્ટાંપ ડ્યુટી ૧૦૦૦૦ રૂપિયાઉપર પડશે, પણ તે ગીરો બદલ અગાઉ આપેલી સ્ટાંપની ડ્યુટીની રકમ તેમાંથી, બાદ જશે.

વર્ષાશન વગેરેને પ્રસંગે કિંમત આકારવી.

૨૫. વર્ષાશન અથવા મુદતે મુદતે આપવાની બીજી રકમ મળવાનો બંદોબસ્ત કરવાસારૂ કોઇ લેખ કરી આપ્યો હશે, અથવા કન્વેયન્સનો અવેજ વર્ષાશન અથવા મુદતે મુદતે આપવાની બીજી રકમ હશે, ત્યારે, પ્રસંગપ્રમાણે સદહું પ્રકારના લેખ ઉપરથી જેનો બંદોબસ્ત કર્યો હોય તે રકમ અથવા સદહું પ્રકારના કન્વેયન્સનો અવેજ, આ આકટના કારણસારૂ, નિચે પ્રમાણે છે એમ સમજવું, એટલે:—

(**અ**) તે રકમ નિયમિત મુદતસુધી આપવાની હશે (એવી બાબતમાં આપવાની કુલ એકંદર રકમ અગાઉથી ઠરાવી શકાય એવી હશે), ત્યારે તે કુલ એકંદર રકમ સમજવી;

(**બ**) તે રકમ નિરંતર આપવાની હશે અથવા સદહું લેખ અથવા કન્વેયન્સ કરી આપ્યાની તારીખે હયાતીમાં હોય એવા કોઇ માણસની હયાતી સાથે પુરી થનાર નહીં હોય એવી અનિયમિત મુદતસુધી આપવાની હશે, ત્યારે પહેલું ભરણું લેહેણું થયાની તારીખથી ગણેલા વિશ વરસની મુદતમાં તે લેખની અથવા કન્વેયન્સની શરતપ્રમાણે જે કુલ એકંદર રકમ આપવાની થાય અથવા આપવાની થઇ શકે તે કુલ એકંદર રકમ સમજવી; અને

(ક) તે રકમ સદહું પ્રકારના લેખની અથવા કન્વેયન્સની તારીખે હયાતીમાં હોય એવા કોઇ માણસની હયાતીસાથે પુરી થનાર હોય એવી અનિયમિત મુદતસુધી આપવાની હશે, ત્યારે પહેલું ભરણું લેહેણું થયાની તારીખથી ગણેલાં બાર વરસની મુદતમાં જે વત્તામાં વત્તી એકંદર રકમ સદહું પ્રમાણે આપવાની થાય અથવા આપવાની થઇ શકે તે વત્તામાં વત્તી એકંદર રકમ સમજવી.

વિષયની કિંમત ઠરાવી શકાતી નહીં હોય ત્યારે સ્ટાંપ.

૨૬. કિંમત પ્રમાણે ડ્યુટી પડવા જોગ હોય એવા કોઇપણ લેખના વિષયની રકમ અથવા કિંમત તે કરી આપ્યાની તારીખે અથવા તે પ્રથમ કરી આપ્યાની તારીખે ઠરાવી શકાતી નહીં હોય અથવા (આ આકટ શરૂ થયા અગાઉ કરી આપેલા લેખને પ્રસંગે) ઠરાવી શકાઇ નહીં હોય. ત્યારે તે લેખ ઉપરથી, જે મોટામાંમોટી રકમ અથવા કિંમત તેજ જાતના લેખમાં લખી હોત તો ખરેખર રીતે વાપરેલો સ્ટાંપ તે રકમ બાબત અથવા કિંમત બાબત સદહું પ્રમાણે કરી આપ્યાની તારીખે પુરતો થાત તેના કરતાં વધારે રકમ અથવા કિંમત માંગી શકાશે નહીં.

પણ એવું ઠરાવ્યું છે કે ખાણની જે લીસમાં તેના ઉત્પન્નનો કાંઇ હિસ્સો ભાડાબદલ અથવા ભાડાના ભાગબદલ લેવાનું લખ્યું હોય તે લીસની બાબતમાં હિસ્સાની કિંમત, સ્ટાંપ ડ્યુટી ઠરાવવા માટે. દરસાલ રૂ. ૨૦,૦૦૦ ની આંકવી બસ છે, અને આવા હિસ્સાની સઘળી રકમ, પછી

તે ગમે તે હોય તો પણ, સદરહુ શીસઉપરથી માંગી શકાશે.

વળી એવું ઠરાવ્યું છે કે કોઇ લેખના સંબંધમાં કલમ ૩૧ અથવા ૪૧ મુજબ કામ ચલાવ્યું હોય તે પ્રસંગે, કલેકટરે જે રકમ બદલ દાખલો આપ્યો હોય તે રકમ, તે લેખ કરી આપ્યાની તારીખે ખરેખર વાપરેલા સ્ટાંપની રકમ છે એમ સમજવું.

ડયુટીઉપર અસર થવા જોગી હકીકતો લેખમાં લખવી.

૨૭. કોઇ લેખનો અવેજ હોય તો તે, અને તે લેખની ડયુટીને પાત્રતા ઉપર અથવા તે લેખઉપર પડવાની ડયુટીની રકમ ઉપર અસર થવાજોગી બીજી સઘળી હકીકત તથા પ્રસંગ તે લેખમાં પુરેપુરાં તથા ખરેખરાં લખવાં જોઇએ.

કેટલાએક કન્વેયન્સને પ્રસંગે ડયુટીબાબત હુકમ.

૨૮. (૧) જ્યારે કોઈપણ આખિ મિલકત બદલ એકજ અવેજ લઇને તે વેચવાનો કરાર કર્યો હશે તથા તે મિલકત જુદા જુદા લેખથી જુદા જુદા ભાગ કરીને ખરીદદારને કન્વે કરી આપી હશે, ત્યારે પક્ષકારોને યોગ્ય લાગે તે રીતે તે અવેજના ભાગ કરવા જોઇયે, પણ એવું ઠરાવ્યું છે કે, દરેક જુદા જુદા ભાગ સંબંધી કન્વેયન્સમાં તે તે ભાગનો જુદો જુદો અવેજ લખવો જોઇએ, અને એવા કન્વેયન્સ ઉપર સદરહુ પ્રકારના જુદા જુદા અવેજ બાબત કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ થશે.

(૨) જ્યારે આખી મિલકત બદલ એકજ અવેજ આપીને તે વેચાતી લેવાનો બે અથવા વત્તાં માણુસોએ સામાઇક કરાર કર્યો હશે અથવા કોઇ માણુસે ખુદ પોતાનેવાસ્તે તથા બીજા માણુસોને વાસ્તે કરાર કરયો હશે અથવા તદન બીજાઓને માટે કરાર કર્યો હશે અને તે મિલકત જે માણુસોએ અથવા માણુસો સારૂ અવેજના જુદા જુદા ભાગથી વેચાતી લીધી હોય તે માણુસોને તે મિલકત જુદા જુદા લેખથી કડકે કડકે કન્વે કરી આપી હશે, ત્યારે દરએક જુદા કડકાના કન્વેયન્સ ઉપર તેમાં નિર્દિષ્ટ કરેલા અવેજના જુદા જૂદા ભાગ બાબત કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ થશે.

(૩) જ્યારે કોઇ મિલકત ખરીદ કરવાનો કોઇ માણુસે કરાર કર્યો હશે પણ તેનું કન્વેયન્સ તેને મળ્યું નહીં હોય ને તે માણુસ તે મિલકત બીજા કોઇ માણુસને વેચવાનો કરાર કરશે અને તેથી તે મિલકત પ્રત્યક્ષરીને તે પેટા ખરીદદારને કન્વે કરી આપવામાં આવશે, ત્યારે તે કન્વેયન્સ ઉપર અસલના ખરીદ કરનારાએ પેટા ખરીદદારને જે અવેજ બદલ વેચી હશે તે અવેજ બાબત કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ થશે.

(૪) જ્યારે કોઇ મિલકત ખરીદ કરવાનો કોઇ માણુસે કરાર કર્યો હશે પણ તેને તેનું કન્વેયન્સ મળ્યું નહીં હોય ને તે, તે સઘળી અથવા તેનો કોઇપણ ભાગ કોઇ બીજા માણુસને અથવા માણુસોને વેચવાનો કરાર કરશે અને તેથી તે મિલકત અસલનો વેચનાર ભાગ કરીને જુદા જુદા માણુસોને કન્વે કરી આપશે, ત્યારે અકેકા પેટા ખરીદદારને વેચેલા દરેક ભાગના કન્વેયન્સ ઉપર હેઠળ લખ્યા પ્રમાણે ડયુટી પડવા જોગ થશે, એટલે, અસલ ખરીદીના અવેજની રકમ ઉપર અથવા કિંમત ઉપર લક્ષ ન આપતાં, સદરહુ પ્રકારના પેટા ખરીદદારે આપેલા ફકત અવેજ ઉપરજ કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ થશે, અને તે મિલકતનો કાંઇ ભાગ બાકી રહ્યા હોય તો તે ભાગનું કન્વેયન્સ અસલ ખરીદદારને કરી આપવાનું હોય તે ઉપર, પેટાખરીદદારે આપેલા અવેજનું જે કુલ એકંદર હશે તેનાં કરતાં અસલ ખરીદીનો અવેજ જેટલો વત્તો હશે તેટલા વત્તા અવેજ બાબત, કિંમત પ્રમાણે ડયુટી પડવા જોગ થશે:

પણ એવું ઠરાવ્યું છે કે ઉપર છેલ્લા કહેલા કન્વેયન્સ ઉપરની ડયુટી કોઇપણ પ્રસંગે એક રૂપિયાથી ઓછી નહીં જોઇએ.

(૫) કોઇ પેટાખરીદદાર પોતાને પ્રત્યક્ષરીતે વેચનાર માણસના હકક સંબંધનું કન્વેયન્સ ખરેખર લેશે અને તે કન્વેયન્સઉપર તેણે જે અવેજ આપ્યો હશે તે બાબત કિંમતપ્રમાણે ડયુટી પડવા જોગ હશે તથા તે પ્રમાણે તેની ઉપર યોગ્ય રીતે સ્ટાંપ માર્યો હશે, ત્યારે અસલનો વેચનાર તેજ મિલકતનું ત્યારપછી તેને કાંઇ કન્વેયન્સ કરી આપે તો તે ઉપર સદરહુ અસલના વેચનારને જે અવેજ મળ્યો હશે તે અવેજના કન્વેયન્સ ઉપર જે ડયુટી પડવા જોગ થાત તેટલી ડયુટી પડવા જોગ થશે અથવા સદરહુ પ્રકારની ડયુટી પાંચ રૂપિયાકરતાં વધારે હોય ત્યારે પાંચ રૂપિયાની ડયુટી પડવા જોગ થશે.

ઈ.—ડયુટી કોણે આપવી.

ડયુટી કોણે આપવી. **૨૯.** બીજી રીતની કબુલત નહીં હોય, તો જરૂરના યોગ્ય સ્ટાંપનો ખરચ—

(અ) પહેલા પરિશિષ્ટના નીચે લખેલા નંબરોમાંના કોઇપણ નંબરમાં એટલેઃ—

નંબર ૨. (આડમિનિસ્ટ્રેશન બાંડ),
નંબર ૬. (ગીરો મુકવાબદ્દલ કબુલત),
નંબર ૧૩. (બીલ આફ એકસચેન્જ),
નંબર ૧૫. (બાંડ),
નંબર ૧૬. (બાટમરી બાંડ),
નંબર ૨૬. (કસ્ટમ્સ બાંડ),
નંબર ૨૭. (ડિબેન્ચર),
નંબર ૩૨. (વધારે બોજો),
નંબર ૩૪. (ઇંડેમનિટિ બાંડ),
નંબર ૪૦. (ગીરોખત),
નંબર ૪૯. (વાયદા ચિઠ્ઠી),
નંબર ૫૫. (ફારગતી),
નંબર ૫૬. (રેસ્પાન્ડેનશિયા બાંડ),
નંબર ૫૭. (જામીનખત અથવા ગીરોખત),
નંબર ૫૮. (વ્યવસ્થાપત્ર),
નંબર ૬૨. (અ) (સંસ્થાપિત કંપનીમાંના અથવા તેવીજ બીજી એક વ્યકિતભૂત મંડળીમાંના શેરોની તબદીલી)
નંબર ૬૨. (બ) ૮ મી કલમમાં જે ડિબેંચરો બદલ ઠરાવ કર્યો છે તે ડિબેંચરો શિવાય બજારમાં વેચવા જોગ સિકયુરિટિ વાળા બીજા ડિબેંચરની તબદીલી, પછી તે ડિબેંચર ઉપર ડયુટી પડવા જોગ હોય અથવા ન હોય,
(ક) જે બદલ બાંડ, ગીરોખત, અથવા વિમાની પાલિસી ઉપરથી બંદોબસ્ત કર્યો હોય એવા હિત સંબંધની તબદીલી,—

એમાં કહેલા પ્રકારના કોઇપણ લેખની બાબતમાં, તે લેખ લખનાર, કરનાર અથવા કરી આપનાર માણસેઃ

(ખ) વીમાની પાલીસીને પ્રસંગે–વીમો ઉતારનારેઃ

(ક) (ગીરો મિલકત પાછી કન્વે કરી આપવાના ખતસુદ્ધાં) કન્વેયન્સને પ્રસંગે તે જેણે કરી આપ્યું હોય તેણેઃ લીસને પ્રસંગે અથવા લીસ કરી આપવાની કબુલતને પ્રસંગે–લીસ લેનારાએ અથવા જેણે લેવાનું ધાર્યું હોય તેણેઃ

(ડ) લીસના સામા લેખને પ્રસંગે–લીસ આપનારેઃ

(ઇ) અદલાબદલીના લેખને પ્રસંગે–તે લેખના પક્ષકારોએ સરખે હિસ્સેઃ

(ફ) વેચાણના સર્ટિફિકેટને પ્રસંગે—તે સર્ટિફિકેટ જે મિલકત સંબંધી હશે તે મિલકતના ખરીદદારેઃ અને

(ગ) વહેંચણના લેખને પ્રસંગે—તે લેખના પક્ષકારોએ. વહેંચેલી સઘળી મિલકતમાં પોતપોતાનો હિસ્સો હોય તે પ્રમાણમાં. અથવા રેવન્યુ અધિકારીએ અથવા દિવાની કોર્ટે અથવા લવાદે કરેલો હુકમ બજાવીને તે વહેંચણ કરી હોય ત્યારે, તે અધિકારી, કોર્ટ અથવા લવાદ ફરમાવે તે પ્રમાણમાંઃ

ખમવા જોઇયે.

કેટલેક પ્રસંગે પહોંચ આપવાની અવશ્યકતા.

૩૦. વીસ રૂપિયા કરતાં વધારે નાણાની રકમ, અથવા વીસ રૂપિયા કરતાં વધારે રકમનું કોઇપણ બિલ આફ એકસચેંજ, ચેક અથવા વાયદાચિઠ્ઠી લેનારા, અથવા કરજની ભરપાઇમાં અથવા અંશતા ભરપાઇમાં વીસ રૂપિયા કરતાં વધારે કિંમતની જંગમ મિલકત લેનારા કોઇપણ શખસે, તેની પાસેથી સદરહુ પ્રકારના નાણા અથવા બિલ અથવા ચેક અથવા ચિઠ્ઠી અથવા મિલકત આપનાર શખસ પહોંચ માગે ત્યારે, યોગ્ય સ્ટાંપ વાળી પહોંચ તે બદલ આપવી જોઇયે.

બાબ ૩ જો.

સ્ટાંપબાબત ઠરાવ.

યોગ્ય સ્ટાંપ બાબત ઠરાવ.

૩૧. (૧) જ્યારે કોઇપણ લેખ, પછી તે કરી આપ્યો હોય કે નહીં હોય તથા તેની ઉપર અગાઉથી સ્ટાંપ માર્યો હોય કે નહીંહોય, તે કલેક્ટરની પાસે આણવામાં આવે અને તે લાવનાર શખસ તે લેખ ઉપર ડયુટી પડવા જોગ હોય તો કેટલી ડયુટી પડવા જોગ છે તે બાબત તે અમલદારનો અભિપ્રાય માંગે, અને પાંચ રૂપિયા કરતાં વધારે નહીં હોય તથા આઠ આના કરતાં ઓછી નહીં હોય એવી જે રકમ કલેક્ટર દરેક બાબતમાં ફરમાવે તે રકમ ફી દાખલ આપે, ત્યારે તે લેખ ઉપર, પોતાના મતપ્રમાણે કેટલી ડયુટી (જો હોય તો) પડવા જોગ છે તે કલેકટરે ઠરાવવું જોઇયે.

(૨) આ કારણસારૂ કલેકટરને, તે લેખનો સારાંશ તથા જેને યોગે, તે લેખની ડયુટીને પાત્રતા ઉપર અથવા તે જેટલી ડયુટી પડવા જોગ હોય તેની રકમ ઉપર કાંઇ અસર થવા જોગી હોય તે સઘળી હકીકતો તથા પ્રસંગો તે લેખમાં પૂરેપૂરાં તથા ખરેખરાં લખ્યાં છે એનું સાબિત

કરવાસારૂ પોતાને જરૂર લાગે એવી આફિડેવિટ (પ્રતિજ્ઞા પૂર્વક લેખ) અથવા કોઇપણ બીજો પુરાવો પોતાનો પુરો પડવો એવું ફરમાવવાનો અધિકાર છે, અને તે પ્રમાણે એવો સારાંશ તથા પુરાવો પુરો પાડવામાં આવે નહિ ત્યાંહાંસુધી એવી કોઇપણ અરજી ઉપર કામ ચલાવવાની ના કેહેવાનો તેને અધિકાર છે:

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) આ કલમ પ્રમાણે પુરા પાડેલા પુરાવાનો ઉપયોગ, એવો પુરાવો જે લેખ સંબંધી હોય તે લેખ ઉપર ડયુટી પડવા જોગ છે કે કેમ તે બાબત જે ચોકસી કરવામાં આવે તે શિવાય બીજું જે કોઇપણ દીવાની કામ કોઇપણ માણસ ઉપર ચાલે તેમાં કરવો નહીં; અને

(બ) જે માણસે એવો કોઇપણ પુરાવો પુરો પાડયો હશે તે દરેક માણસ, તે પુરાવો જે લેખ સંબંધી હશે તે લેખઉપર જે ડયુટી પડવા જોગ હોય તે પુરેપુરી આપે એટલે, સદર્હુ પ્રકારની હકીકતો અથવા પ્રસંગો પૈકી કોઇપણ હકીકત અથવા પ્રસંગ તે દસ્તાવેજમાં ખરેખરા ન લખ્યા બદલ તે આ આકટપ્રમાણે જે દંડને પાત્ર થયો હશે તેમાંથી તે મુક્ત થશે.

૩૨. (૧) જ્યારે ૩૧ મી કલમ મુજબ કલેકટરની પાસે આણેલો કોઇપણ લેખ ડયુટી પડવા જોગા પ્રકારનો છે એવું તેનું મત હોય, અને

કલેકટરનો દાખલો.

(અ) તે લેખ ઉપર પૂરેપૂરો સ્ટાંપ આ અગાઉ માર્યો છે એવું કલેકટર ઠરાવે, અથવા

(બ) એકત્રીસમી કલમ પ્રમાણે કલેકટરે ઠરાવેલી ડયુટી, અથવા જે રકમ તે લેખ બદલ આપી ચુકેલી ડયુટીમાં ઉમેરતાં સદર્હૂ પ્રમાણે ઠરાવેલી ડયુટી જેટલી થાય તે રકમ, આપવામાં આવે,

ત્યારે કલેકટરે એવા લેખ ઉપર શેરાદ્વારે દાખલો લખવો કે તે લેખ ઉપર જેટલી પુરેપુરી ડયુટી (રકમ લખવી) પડવા જોગ છે તે આપવામાં આવી છે.

(૨) જ્યારે એવો લેખ, પોતાના મતપ્રમાણે, ડયુટી પડવા જોગ ન હોય, ત્યારે કલેકટરે તે લેખ ડયુટી પાડવા જોગ નથી એવો દાખલો તેના ઉપર સદરહુ કહેલી રીતે લખવો જોઇયે.

(૩) જે કોઇપણ લેખઉપર આ કલમ મુજબ શેરો લખ્યો હશે તે લેખ, પ્રસંગ પ્રમાણે, યોગ્ય સ્ટાંપ વાળો છે અથવા ડયુટી પડવા જોગ નથી એમ સમજવું; અને તે ડયુટી પડવા જોગ હશે તો, ત્યારે તે અસલથીજ યોગ્ય રીતે સ્ટાંપ મારેલો હોય તે પ્રમાણે તે પુરાવામાં અથવા બીજા કામસારૂ લઇ શકાશે, અને તે પ્રમાણે કામ ચલાવી શકાશે તથા તે નોંધી શકાશે:

પણ એવું ઠરાવ્યું છે કે આ કલમમાંના કોઇપણ મચકુર ઉપરથી કલેક્ટરને—

(અ) જે કોઇપણ લેખ બ્રિટિશ હિંદુસ્તાનમાં કર્યો હશે અથવા પ્રથમ કર્યો હશે તથા જે, પ્રસંગપ્રમાણે, કરી આપ્યાની અથવા પ્રથમ કરી આપ્યાની તારીખથી એક મહિનો પુરો થયા પછી પોતાની પાસે આણ્યો હશે તે લેખ ઉપર; અથવા

(બ) જે કોઇપણ લેખ બ્રિટિશ હિંદુસ્તાનની બાહાર કરીઆપ્યો હશે અથવા પ્રથમ કરી-આપ્યો હશે તથા જે બ્રીટીસ હીંદુસ્તાનની અંદર પહેલ વહેલો આવ્યાની તારીખથી ત્રણ મહિના પુરા થયાપછી પોતાની પાસે આણ્યો હશે તે લેખ ઉપર; અથવા

(ક) એક આનાની ડયુટી પડવા જોગ જે કોઇપણ લેખ, અથવા જે કોઇપણ બિલ ઓફ એક્સચેંજ અથવા વાયદાચિઠી યોગ્ય સ્ટાંપ મારેલા ન હોય એવા કાગળ ઉપર લખી આપ્યા પછી અથવા કરી આપ્યા પછી પોતાની પાસે આણી હશે તે ઉપર;

શેરો લખવાનો અધિકાર પ્રાપ્ત થાય છે એમ સમજવું નહીં.

બાબ ૪ ચોથો.

યોગ્ય સ્ટાંપવાળા ન હોય એવા લેખ.

લેખ તપાસવા તથા અટકાવી રાખવાબાબત.

૩૩. (૧) કાયદાઉપરથી અથવા પક્ષકારોની સંમત્તિથી પૂરાવો લેવાનો અધિકાર હશે એવા જે માણુસની પાસે, અને પોલીસના અમલદાર શિવાય સરકારી હુદ્દો ધારણ કરનાર જે માણુસની પાસે, તેના મત્ત પ્રમાણે, ડયુટી પડવા જોગ હોય એવો કોઇપણ લેખ તે પોતાનું કામ કરતો હશે તે દરમ્યાન, હાજર કરવામાં આવશે અથવા આવશે તે દરેક માણુસે, એવો લેખ યોગ્ય સ્ટાંપવાળો નથી એવું પોતાની નજરમાં આવે તો, તે અટકાવી રાખવો જોઇયે.

(૨) સદરહુ કારણુસારૂ એવા દરેક માણુસે, એવીરીતે ડયુટી પડવા જોગ હોય તથા પોતાની પાસે હાજર કરેલો અથવા આવેલો હોય તે દરેક લેખ, તે કરી આપતી અથવા પ્રથમ કરી આપતી વખતે બ્રિટિશ હિંદુસ્તાનમાં જે કાયદો અમલમાં હશે તે કાયદામુજબ જે કિંમતનો તથા જે પ્રકારનો સ્ટાંપ જોઇયતો હશે તે કિંમતનો તથા તે પ્રકારનો સ્ટાંપ તે ઉપર માર્યો છે કે નહીં તે નક્કી કરવાસારૂ, તપાસવો જોઇયે,

પણુ એવું ઠરાવ્યું છે કે—

(અ) સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બારમા અથવા છત્રીસમા બાબ મુજબના કામ શિવાય બીજા કોઇપણુ કામની દરમીયાન પોતાની પાસે આવેલો કોઇપણુ લેખ તપાસવાનું અથવા અટકાવી રાખવાનું કોઇ માજીસ્ટ્રેટને અથવા ફોજદારી કોર્ટના જડજને યોગ્ય ન લાગે તો, તેને તેમ કરવું અવશ્ય છે એવું આ કલમના કોઇપણુ મચકુર ઉપરથી સમજવું નહીં:

(બ) હૈકોર્ટના જડજની બાબતમાં, આ કલમ મુજબ કોઇપણુ લેખ તપાસવાનું અથવા અટકાવી રાખવાનું કામ સદરહુ કોર્ટ આ અર્થે જે અમલદારને નીમે તેને સોંપવાનો અધિકાર છે.

(૩) આ કલમનાં કારણુસારૂ, સંશયને પ્રસંગે,—

(અ) કયા હુદ્દા સરકારી હુદ્દા સમજવા એ ઠરાવવાનો અધિકાર ગવર્નર જનરલ ઇન કૌંસિલને છે, અને

(બ) કયા શખ્સો સરકારી હુદ્દા ઉપર છે એમ સમજવું એ ઠરાવવાનો અધિકાર સ્થાનિક સરકારને છે.

૩૪. એક આનાની ડયુટી પડવા જોગ જે કોઇપણુ પોહોંચ સરકારી હિસાબની તપાસણીની

વગર સ્ટાંપની પોંહોંચબદલ વિશેષ ઠરાવ.

દરમિયાન કોઇપણ અમલદાર આગળ સ્ટાંપ માર્યો વગર રજુ કરવામાં આવે અથવા હાજર કરવામાં આવે, ત્યારે એવો અમલદાર, પોતાની નજરમાં આવે તો, તે લેખ ન અટકાવી રાખતાં તેને બદલે એક યોગ્ય સ્ટાંપવાળી પોંહોંચ દાખલ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

યોગ્ય સ્ટાંપવાળા ન હીં હોય એવા લેખ પુરાવા વિગેરેમાં લેવા નો અધિકાર નથી.

૩૫. જેના ઉપર ડયુટી પડવા જોગ હોય એવો કોઇપણું લેખ, તે ઉપર યોગ્ય સ્ટાંપ માર્યો ન હોય તો, જેને પુરાવો લેવાનો અધિકાર કાયદા ઉપરથી અથવા પક્ષકારોની સંમતીથી હોય એવા કોઇપણ શખસે કોઇપણ કારણસાર પુરાવામાં લેવો નહીં, અથવા સદરહુ પ્રકારના કોઇપણ શખસે અથવા કોઇપણ સરકારી અમલદારે તે ઉપરથી કામ ચલાવવું નહીં અથવા તે નોંધવો નહીં અથવા તે ખરો હોવાનું દરશાવવું નહીં:

પણ એવું ઠરાવ્યું છે કે—

ડયુટી તથા દંડ આપશે તો દસ્તાવેજ (પુરાવામાં) લેવા યોગ્ય થશે.

(અ) એવો જે કોઇપણ લેખ માત્ર એકજ આંનો ડયુટી પાડવા જોગ નહીં હોય અથવા બિલ આફ્ એકસચેંજ અથવા વાયદા ચીઠી નહિ હોય તે, જે ડયુટી પડવા જોગ તે હોય તે ડયુટી આપવામાં આવે એટલે, અથવા ઓછા સ્ટાંપવાળા લેખની બાબતમાં તે ડયુટીની રકમ પુરી થવાને જેટલી રકમ જોઇતી હશે તેટલી રકમ તથા પાંચ રૂપીયા દંડ આપવામાં આવે એટલે, અથવા યોગ્ય ડયુટીની રકમની અથવા તેનો જે ભાગ ઓછો હોય તે ભાગની દસગણી રકમ પાંચ રૂપિયા કરતાં વધારે થતી હોય ત્યારે તે ડયુટીની અથવા ભાગની દશગણી જેટલી રકમ આપવામાં આવે એટલે, પુરાવામાં લેવાનો અધિકાર છે. પણ તેને સઘળા વાજબી અપવાદ લાગૂ થશે;

(બ) જે શખસ પાસેથી સ્ટાંપવાળી પહોંચ માંગી શકાય તેવા શખસે વગર સ્ટાંપની પહોંચ આપી હોય, અને એવી પહોંચ સ્ટાંપવાળી હોત તો તે તેની વિરૂદ્ધ પુરાવામાં લઇ શકાય એમ હોય તે પ્રસંગે, એવી પહોંચ આપનાર એક રૂપિયાનો દંડ ભરે તો, તે પોંહોંચ તે શખસની વિરૂદ્ધ પુરાવામાં લઇ શકાશે;

(ક) જ્યારે કોઇપણ પ્રકારનો કરાર અથવા કબુલાત બે અથવા વધારે કાગળોનો પત્રવ્યવહાર ચલાવીને કરી હોય અને સદરહુ કાગળોમાંના કોઇપણ એક કાગળ ઉપર યોગ્ય સ્ટાંપ હોય, ત્યારે તે કરાર અથવા કબુલાત યોગ્ય સ્ટાંપવાળી છે એમ સમજવું જોઇયે;

(ડ) સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બારમા અથવા છત્રીસમા બાબ મુજબ ચલાવેલા કામ શિવાય ફોજદારી કોર્ટમાં ચલાવેલા બીજા કોઇ પણ કામમાં કોઇપણ લેખ પુરવામાં લેવાને આ કલમના કોઇપણ મચકુર ઉપરથી બાધ આવતો નથી;

(ઇ) જે કોઇપણ લેખ સરકારે અથવા સરકાર તરફથી કરેલો હોય અથવા જે ઉપર આ આકટની ૩૨ મી કલમમાં ઠરાવ્યા મુજબ અથવા બીજા કોઇપણ ઠરાવ મુજબ કલેકટરનો દાખલો હોય તે લેખને કોઇ પણ કોર્ટમાં દાખલ કરવામાં આ કલમના કોઇપણું મચકુર ઉપરથી બાધ આવતો નથી.

૩૬. જ્યારે કોઇપણ લેખ [કોઇપણ દાવામાં અથવા કામમાં] પુરાવામાં લેવામાં આવ્યો હોય ત્યારે તે લીધા બાબત તેજ દાવાના અથવા કામના કોઇપણ પ્રયોગમાં, ૬૧ મી કલમમાં ઠરાવ કર્યો છે તે શિવાયને પ્રસંગે, તે લેખ યોગ્ય સ્ટાંપવાળો નથી એવા સબબ ઉપરથી કોઇપણ તકરાર કહાડવી નહીં.

કયે પ્રસંગે લેખ લીધા બાબત તકરાર કહાડવી નહીં.

૩૭. ગવર્નર જનરલ ઇન કૌંસિલ કાનુનો કરીને એવું ઠરાવવાને મુખત્યાર છે કે જે લેખ ઉપર પુરતી રકમનો પણ અયોગ્ય પ્રકારનો સ્ટાંપ મારેલો હોય તે પ્રસંગે એવા લેખ ઉપર જે ડયુટી પડવા જોગ હોય તે ડયુટી આપવામાં આવે એટલે તે યોગ્ય સ્ટાંપવાળો છે એવો દાખલો આપી શકાશે, અને જે કોઇ પણ લેખ બદલ એવી રીતે દાખલો આપ્યો હશે તે લેખ જે તારીખે કર્યો હશે તે તારીખથીજ તે યોગ્ય સ્ટાંપવાળો છે એવું સમજવું.

અયોગ્ય રીતે સ્ટાંપ મારેલા લેખ દાખલ કરવા બાબત.

૩૮. (૧) તેત્રીસમી કલમ મુજબ લેખ અટકાવી રાખનાર કોઇપણ માણસને કાયદા ઉપરથી અથવા પક્ષકારોની સંમતિથી પુરાવો લેવાનો અધિકાર હશે અને તે પાંત્રીસમી કલમમાં ઠરાવ્યા પ્રમાણે દંડ અથવા સાડત્રીસમી કલમમાં ઠરાવ્યા પ્રમાણે ડયુટી આપ્યાપછી સદરહુ પ્રકારનો લેખ પુરાવામાં લેશે, ત્યારે તેણે તે લેખની ખરી નકલ, તથા તે લેખને માટે લીધેલી ડયુટી તથા દંડની રકમ જેમાં લખી હોય એવો એક દાખલો કલેકટર ઉપર મોકલવો, અને તે રકમ કલેકટરને અથવા તે જે શખસને આ બાબત નિમે તેને મોકલવી જોઇયે.

અટકાવેલા લેખની કેવી રીતે વ્યવસ્થા કરવી.

(૨) બીજે સર્વે પ્રસંગે, એવી રીતે લેખ અટકાવનાર શખસે તે અસલ લેખ કલેકટર પાસે મોકલવો જોઇએ.

૩૯. (૧) જ્યારે આડત્રીસમી કલમની પહેલી પેટા કલમ મુજબ કોઇપણ લેખની નકલ કલેકટર ઉપર મોકલવામાં આવી હોય, ત્યારે તે કલેકટર, પોતાને યોગ્ય લાગે તો, એવા લેખને માટે પાંચ રૂપિયા કરતાં વધારે આપેલા દંડનો કોઇપણ ભાગ પાછો મળવા બાબત પોતાને અરજી કરવામાં આવેથી, અથવા અરજી કરવામાં ન આવી હોય તો નિર્બંધ રાખનારા મુખ્ય રેવેન્યુ અધિકારીની સંમત્તિથી, એવો ભાગ પાછો આપવાને મુખત્યાર છે.

આડત્રીસમી કલમની પેટા કલમ (૧) મુજબ આપેલો દંડ પાછો આપવાનો કલેકટરનો અધિકાર.

(૨) જ્યારે એવો લેખ તેરમી અથવા ચૌદમી કલમ તોડીને લખ્યો હોય તેટલાજ સબબને લીધે તે અટકાવી રાખ્યો હોય, ત્યારે સદરહુ પ્રમાણે આપેલો સઘળો દંડ પાછો આપવાનો કલેકટરને અધિકાર છે.

૪૦. (૧) જે માત્ર એક આનાનીજ ડયુટી પડવા જોગ ન હોય એવો અથવા બિલ આફ એકસચેંજ અથવા વાયદા ચિઠ્ઠી ન હોય એવો કોઇપણ લેખ કલેકટર તેત્રીસમી કલમ મુજબ અટકાવી રાખે, અથવા આડત્રીસમી કલમની પેટા કલમ (૨) મુજબ પોતાની ઉપર મોકલેલો એવો કોઇ લેખ લે, ત્યારે તેણે નિચે પ્રમાણે કામ ચલાવવું:—

અટકાવી રાખેલા લેખ ઉપર સ્ટાંપ મારવાનો કલેકટરનો અધિકાર

(અ) જો તેનો એવો મત હોય કે એવો લેખ યોગ્ય સ્ટાંપવાળો છે, અથવા ડયુટી પડવા જોગ નથી, તો તે લેખ, પ્રસંગ પ્રમાણે, યોગ્ય સ્ટાંપવાળો છે અથવા ડયુટી પડવા

જોગ નથી એવો તેણે તે ઉપર શેરાદ્વારે દાખલો લખવો જોઇયે:

(બ) જો તેનો એવો મત હોય કે એવો લેખ ડયુટી પડવા જોગ છે અને તેની ઉપર યોગ્ય સ્ટાંપ માર્યો નથી, તો તેણે યોગ્ય ડયુટી અથવા તે ડયુટી પુરતી થવાને જેટલી રકમ જરૂરની હશે તેટલી રકમ અને પાંચ રૂપીઆ દંડ આપવાનું ફરમાવવું; અથવા, પોતાને યોગ્ય લાગે તો, યોગ્ય ડયુટીની રકમની દશગણી રકમ અથવા યોગ્ય ડયુટીમાં જેટલી બાકી હશે તેની દશગણી રકમ આપવાનું ફરમાવવું; પછી એવી રકમ પાંચ રૂપીઆ કરતાં વધારે હોય અથવા ઓછી હોય તેની હરકત નહીં:

પરંતુ એવું ઠરાવ્યું છે કે, એવો લેખ તેરમી અથવા ચૌદમી કલમ તોડીને લખેલો છે એટલાજ સબબને લીધે તે અટકાવી રાખ્યો હોય, ત્યારે કલેકટરને આ કલમમાં કહેલો સઘળો દંડ પોતાની નજરમાં આવે તો માફ કરવાનો અધિકાર છે.

(૨) પેટાકલમ (૧) ની (અ) રકમ મુજબ આપેલા પ્રત્યેક દાખલામાં લખેલી વાત વિશે તે દાખલો આ આક્ટનાં કારણ સારૂ નિર્ણયકારક પુરાવો છે એમ સમજવું.

(૩) જ્યારે ૩૮ મી કલમની પેટા કલમ (૨) મુજબ કોઇ લેખ કલેકટર પાસે મોકલ્યો હોય, ત્યારે કલેકટરે તે, આ કલમમાં ઠરાવ્યા પ્રમાણે તેના સંબંધમાં તેણે જે કરવાનું હોય તે કર્યાં પછી, અટકાવી રાખનારા અમલદાર તરફ પાછો મોકલવો જોઇયે.

અકસ્માતથી યોગ્ય સ્ટાંપ ન માર્યો હોય એવા લેખ

૪૧. માત્ર એકજ આનાની ડયુટી પડવા જોગ ન હોય અથવા બિલ આફ એક્સચેંજ અથવા વાયદા ચીઠ્ઠી ન હોય એવા જે કોઇપણ લેખ ઉપર ડયુટી પડવા જોગ છતાં તેના પર યોગ્ય સ્ટાંપ માર્યો ન હશે તે લેખ કોઇપણ શખસ, એવો લેખ કરી આપ્યાની અથવા તે પ્રથમ કરી આપ્યાની તારીખથી એક વર્ષની અંદર પોતાની મેળે કલેકટરની આગળ હાજર કરશે, અને સદરહુ લેખ યોગ્ય સ્ટાંપવાળો નથી એવી કલેકટરને ખબર આપીને યોગ્ય ડયુટીની રકમ અથવા યોગ્ય ડયુટીમાં જેટલી રકમ બાકી હોય તેટલી રકમ કલેકટરને આપવાનું કહેશે, અને તે કલેકટરની ખાત્રી થશે કે એવા લેખ ઉપર અકસ્માતથી, ચુકથી અથવા ઘણીજ જરૂરીના સબબથી યોગ્ય સ્ટાંપ માર્યો નથી, તો તેને તેત્રીસમી અને ચાલીસમી કલમ મુજબ કામ ચલાવવાને બદલે, તે રકમ લેવાનો અને તરત હવે પછી ઠરાવ્યું છે તે પ્રમાણે કામ ચલાવવાનો અધિકાર છે.

પાંત્રીસમી. ચાલીસમી અથવા એકતાલીસમી કલમ મુજબ જે લેખો ઉપર ડયુટી આપી હોય તેમની પર શેરો.

૪૨. (૧) કોઇપણ લેખ માટે લેવાની ડયુટી અને દંડ (જો હોય તો તે) પાંત્રીસમી કલમ મુજબ, ચાલીસમી કલમ મુજબ અથવા એકતાલીસમી કલમ મુજબ આપ્યાં હોય, ત્યારે પ્રસંગ પ્રમાણે, એવો લેખ પુરાવામાં લેનાર શખસે અથવા કલેકટરે, તે લેખ માટે યોગ્ય ડયુટી અથવા, પ્રસંગ પ્રમાણે, યોગ્ય ડયુટી અને દંડ (દરેકની રકમ લખવી) લેવામાં આવ્યાં છે એવા મજકૂરનો શેરાદ્વારે દાખલો લખીને તે ડયુટી તથા દંડ કોણે આપ્યાં તે શખસનું નામ અને રહેવાનું ઠેકાણું પણ તેમાં લખવું.

(૨) સદરહુ પ્રમાણે જે ઉપર શેરો લખ્યો હોય તે દરેક લેખ, જાણે તે ઉપર યોગ્ય સ્ટાંપ માર્યો હોય તે પ્રમાણે તે ત્યારપછી પુરાવામાં લેવાનો, અને તે નોંધવાનો અને તે પ્રમાણે કામ ચલાવવાનો અને તે ખરો હોવાનું દરશાવવાનો અધિકાર છે, અને જે શખસના કબજામાંથી તે

લેખ અટકાવનાર અમલદારને હાથ આવ્યો હશે તે શખસની તે બાબત અરજી આવેથી તેને અથવા તે શખસ કહે તેને સ્વાધીન કરવો જોઇયે:

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) પાંત્રીસમી કલમ મુજબ ડયુટી અને દંડ આપ્યા પછી જે કોઇપણ લેખ પુરાવામાં લીધો હશે તે, સદરહુ પ્રમાણે અટકાવી રાખ્યાની તારીખથી એક મહિનો પુરો થાય તે અગાઉ અથવા તે વધારે વાર અટકાવી રાખવો અવશ્ય છે એવો દાખલો કલેક્ટરે લખ્યો હશે તથા તેણે તે દાખલો રદ કર્યો ન હશે તો, સદરહુ પ્રમાણે સ્વાધીન કરવો નહીં:

(બ) દિવાની કામ ચલાવવાની રીત વિષેના કાયદાની ૧૪૪ મી કલમની ત્રીજી રકમને આ કલમના કોઇપણ મચકુર ઉપરથી બાધ આવે છે એમ સમજવું નહીં.

સ્ટાંપના કાયદાની વિરૂદ્ધ કરેલા ગુન્હાબદ્દલ કામ ચલાવવું.

૪૩ કોઇપણ લેખના સંબંધમાં આ બાબ મુજબ કામ ચલાવ્યું હોય અથવા દંડ આપ્યો હોય તે ઉપરથી, તે લેખના સંબંધમાં જે કોઇ શખસે સ્ટાંપના કાયદાની વિરૂદ્ધ ગુન્હો કર્યો છે એમ લાગે તે શખસ ઉપર ફોજદારીમાં કામ ચલાવવાને હરકત થાય છે એમ સમજવું નહીં:

પણ એવું ઠરાવ્યું છે કે જે કોઇ લેખ બાબત સદરહુ પ્રકારનો દંડ આપવામાં આવ્યો હોય તે લેખ માટે યોગ્ય ડયુટી આપવાનું ચુકવવાના ઇરાદાથી તે ગુન્હો કર્યો છે એમ કલેક્ટરને લાગે તે શિવાયને પ્રસંગે, તે લેખના સંબંધમાં સદરહુ પ્રમાણે કામ ચલાવવું નહીં.

ડયુટી અથવા દંડ આપનાર શખસને તે (ડયુટી અથવા દંડ) કેટલેક પ્રસંગે વસુલ કરવાનો અધિકાર.

૪૪ (૧) જ્યારે કોઇપણ શખસે પાંત્રીશમી કલમ મુજબ, સાડત્રીસમી કલમ મુજબ, ચાલીસમી કલમ મુજબ અથવા એકતાલીસમી કલમ મુજબ કોઇપણ લેખ બાબત ડયુટી અથવા દંડ આપ્યો હોય, અને બીજો કોઇ મનુષ્ય કરારથી અથવા આ આકટની ઓગણત્રીસમી કલમમાંના ઠરાવ મુજબ અથવા સદરહુ લેખ કરી આપ્યો તે વખતે અમલમાં હોય એવા કોઇપણ બીજા કાયદાના ઠરાવ મુજબ તે લેખસારૂ યોગ્ય સ્ટાંપ પુરો પાડવાનો ખર્ચ સોસવાને બંધાયો હોય, ત્યારે જે શખસે ડયુટી અથવા દંડ આપ્યો હશે તે શખસને સદરહુ પ્રકારના બીજા મનુષ્યપાસેથી સદરહુ પ્રમાણે આપેલી ડયુટીની અથવા દંડની રકમ વસુલ કરવાનો હક છે.

(૨) સદરહુ રકમ વસુલ કરવાના કારણ સારૂ, આ આકટ મુજબ તે લેખ બાબત આપેલો કોઇપણ દાખલો, તેમાં લખેલી વાતનો નિર્ણયકારક પુરાવો છે એમ સમજવું.

(૩) આ રકમ, કોર્ટને યોગ્ય લાગે તો, જે કોઇપણ ફરિયાદમાં અથવા કામમાં એવા શખસો પક્ષકારો હોય અને જેમાં તે લેખ પુરાવામાં આપ્યો હોય તેના ખર્ચ સંબંધી કોઇપણ હુકમમાં ગણવાનો અધિકાર છે. જો આ રકમ કોર્ટ સદરહુ હુકમમાં ન ગણે તો, તે વસુલ કરવા સારૂ આગળ બીજું કામ ચલાવી શકાશે નહીં.

કેટલેક પ્રસંગે દંડ અથવા વધારાની ડયુટી

૪૫ (૧) જ્યારે પાંત્રીશમી અથવા ચાળીસમી કલમ મુજબ કંઇપણ દંડ આપ્યો હશે, ત્યારે તે દંડ જે તારીખે આપ્યો હોય તે તારીખથી એક વર્ષની અંદર લેખી અરજી કરેથી, તે સઘળો દંડ અથવા તેનો કંઇ ભાગ પાછો આપવાનો

પાછી આપવાનો રેવન્યુ અધિકારીનો અધિકાર.

અધિકાર નિર્બંધ રાખનાર મુખ્ય રેવેન્યુ અધિકારીને છે.

(૨) જ્યારે કાયદાપ્રમાણે પડવા જોગ હોય તે કરતાં વધારે સ્ટાંપ ડયુટી ૩૫ મી અથવા ૪૦ મી કલમ મુજબ બેસાડવામાં આવીને તે ભરવામાં આવી છે એમ નિર્બંધ રાખનારા મુખ્ય રેવેન્યુ અધિકારીનો મત હોય, ત્યારે સદરહુ ડયુટી બેસાડવા બાબતના હુકમથી ત્રણ મહિનાની અંદર લેખી અરજી કરવામાં આવે તો, વધારે હોય તેટલી ડયુટી પાછી આપવાનો સદરહુ અધિકારીને અધિકાર છે.

૩૮ મી કલમ મુજબ મોકલેલા લેખો ખોવાઇ જવા માટે જવાબદારી નથી.

૪૬ (૧) ૩૮ મી કલમની પેટા કલમ ૨ પ્રમાણે કલેકટર ઉપર મોકલેલો કોઇપણ લેખ જતાં ખોવાઇ જાય અથવા તેનો નાશ થાય અથવા તે બગડે, તો તે ખોવાયા બાબત અથવા તેનો નાશ થયાબાબત અથવા તે બગાડયા બાબતની જવાબદારી તે મોકલનારને શીર નથી.

(૨) કોઇપણ લેખ સદરહુ પ્રમાણે મોકલવાની તૈયારીમાં હોય ત્યારે, જે શખસના કબજામાંથી તે લેખ અટકાવી રાખનાર શખસના હાથમાં આવ્યો હશે તે શખસને તે લેખની પોતાને ખરચે એક નકલ કરાવવાવિશે અને તે ખરી હોવાનું દર્શાવવા વિશે તે લેખ અટકાવી રાખનાર શખસને કહેવાનો અધિકાર છે.

વગર સ્ટાંપના બીલ વાયદા ચીઠી અને ચેક પોતાને મળ્યાં હોય તેના ઉપર સ્ટાંપ મારવાનો અવેજ આપનારને અધિકાર.

૪૭ એક આનાની ડયુટી પડવા જોગ હોય એવું કોઇપણ બીલ ઓફ એકસચેંજ, વાયદા ચીઠી અથવા ચેક સ્ટાંપ માર્યાવગર અવેજ મળવા સારૂ દેખાડયો હોય, ત્યારે જે શખસને તે સદરહુ પ્રમાણે દેખાડયાં હોય તે શખસને તેની ઉપર જરૂરનો વળગે એવો સ્ટાંપ ચોહોડવાનો અને તે સ્ટાંપ આ આકટમાં આગળ કહી ગયા તે રીતે રદ્દ કર્યા પછી તે બીલ, વાયદા ચીઠી અથવા ચેકની રકમ આપવાનો અધિકાર છે; અને જે શખસે તે ડયુટી આપવી અવશ્ય હતી તેનાપર તે ડયુટી નાંખવાનો અથવા સદરહુ પ્રમાણે આપવાની રકમમાંથી તે કાપી લેવાનો તેને અધિકાર છે, અને સદરહુ બીલ, ચીઠી અથવા ચેક, ડયુટીનો સંબંધ પોહોંચે તેટલે સુધી કાયદાસર અને વ્યવહાર ઉપયોગી છે એમ સમજવું.

પણ એવું ઠરાવ્યું છે કે એવા બીલના, ચીઠીના અથવા ચેકના સંબંધમાં કોઈપણ શખસ કંઈપણ દંડને અથવા તેના ઉપર કામ ચલાવવાને પાત્ર થાય તેમાંથી આ કલમના કોઇપણ મચકુર ઉપરથી તે છુટી જાય છે એમ સમજવું નહિ.

ડયુટી તથા દંડ વસુલ કરવો.

૪૮ આ બાબ મુજબ આપવાની જરૂર હોય એવી સઘળી ડયુટી, દંડ તથા બીજી રકમો કલેકટરને, જે શખસની પાસે તે લેવાની હોય તેની જંગમ મિલકત જપ્ત કરીને તથા વેચીને અથવા ચહડેલી જમીન મેહેસુલની બાકી વસુલ કરવાની જે બીજી કોઇ રીત વિદ્યમાનકાળે અમલમાં હોય તે રીતે વસુલ કરવાનો અધિકાર છે.

બાબ ૫ મો.

કેટલેક પ્રસંગે સ્ટાંપનો અવેજ પાછો આપવો.

બગડેલા સ્ટાંપનો અવેજ પાછોઆપવો.

૪૯ ગવર્નર જનરલ ઇન્ કૌન્સિલ કાનુનો કરે તેમને અનુસરીને, કલેક્ટરને, ૫૦ મી કલમમાં ઠરાવેલી મુદતની અંદર અરજી કરવામાં આવે, અને તેમાંની હકીકત બાબત તેની ખાત્રી થાય તો, જે છાપ મારેલા સ્ટાંપ આગળ લખેલા પ્રસંગે બગડયા હશે તેનો અવેજ આપવાનો, આના સંબંધમાં જરૂર પડનારા પુરાવાબાબત તથા કરવાની ચોકશીબાબત ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ જે કાનુનો કરે તેમને પાત્ર રહીને, અધિકાર છે, એટલે:—

(અ) કોઇપણ કાગળ ઉપર લખેલો કોઇપણ લેખ કોઇપણ શખસે કરી આપ્યા પહેલાં, તે કાગળ ઉપરનો સ્ટાંપ દુર્લક્ષથી તથા અજાણતાં ખરાબ થયો હશે અથવા દેખાય નહીં એવો થયો હશે અથવા યોજેલા કામને માટે લખવામાં ભૂલ થયાથી અથવા બીજી કોઇપણ વાતને લીધે અયોગ્ય થયો હશે તે સ્ટાંપ.

(બ) જે કોઇપણ દસ્તાવેજ આખો અથવા થોડો લખાઇ ગયો હોય. પણ જેના ઉપર તે માંના કોઇપણ પક્ષકારની સહી થઇ નહીં હોય અથવા જે એવા કોઇપણ પક્ષકારે કરી આપ્યો નહીં હોય તે ઉપરનો સ્ટાંપ:

(ક) બિલ ઑફ્ એકસચેંજ, ચેક, અથવા વાયદા ચીઠીની બાબતમાં—

(૧) લખનારે પોતે અથવા તેની તરફથી (કોઇએ) સહી કરેલી હશે એવું જે કોઇપણ બિલ ઑફ્ એકસચેંજ અથવા ચેક સીકારવામાં આવ્યા નહી હશે અથવા જેનો કોઇપણ રીતે ઉપયોગ કર્યો નહીં હશે, અથવા જે સીકારવા સારૂ આપવા શિવાયના બીજા કોઇ કારણસર તેના હાથમાંથી બહાર ગયા નહીં હશે તે બિલ આફ્ એકસચેંજ અથવા ચેક ઉપરનો સ્ટાંપ: માત્ર જે કાગળ ઉપર આવો કોઇપણ સ્ટાંપ માર્યો હોય તે ઉપર પછીથી લખવાનું કોઇપણ બીલ આફ્ એકસચેંજ અથવા ચેક સીકાર્યો છે એવી અથવા સીકારવા સારૂ યોજેલી કોઇપણ સહી તે ઉપર હોવી ન જોઇયે:

(૨) લખનારે પોતે અથવા તેની તરફથી કોઇએ સહી કરી હશે એવી જે કોઇપણ વાયદા ચીઠીનો કોઇપણ રીતે ઉપયોગ કર્યો નહીં હશે અથવા જે તેના હાથમાંથા બહાર ગઇ નહીં હશે તે વાયદા ચીઠી ઉપરનો સ્ટાંપ:

(૩) જે કોઇપણ બીલ આફ્ એકસચેંજ, ચેક અથવા વાયદાચીઠી ઉપર લખનારે અથવા તેની તરફથી કોઇએ સહી કરેલી હશે, પણ જે કોઇપણ કસુર અથવા ભૂલને લીધે બગડી હશે અથવા નિરૂપયોગી થઇ હશે તે સારૂ વાપરેલો અથવા વાપરવાનો ઇરાદો હોય એવો સ્ટાંપ, પછી એવું બિલ આફ એકસચેંજ અથવા ચેક સીકારવાસારૂ દેખાડવામાં આવ્યું હોય અથવા સીકાર્યુ હોય અથવા તેનાપર શેરો કર્યો હોય અથવા એવી વાયદા ચીઠી અવેજ આપનારને આપી હોય તો પણ હરકત નહીં: માત્ર બગડેલાં બિલના જેવું, ચેકના જેવું અથવા ચીઠીના જેવું, સદરહુ પ્રકારની કસુર અથવા ભૂલ સુધારી હોય તે સિવાય બીજી સઘળી

બાબતમાં, તદન સરખું હોય એવું, અને પરીપૂર્ણ અને યોગ્ય સ્ટાંપવાળું હોય એવું બીજું બીલ આફ એક્સચેંજ, ચેક અથવા વાયદા ચીઠી હાજર કરવી જોઇએ :

(ડ) જે લેખ તેમાંના કોઇપણ પક્ષકારે કરી આપેલો હોય અને જે નિચેના પ્રકારનો હોય તે સારૂ વાપરેલો સ્ટાંપ, એટલે, જે લેખ—

(૧) પહેલેથીજ કાયદાની દ્રષ્ટિએ તદન રદ્દ બાતલ છે એમ પાછળથી માલમ પડયું હોય તે :

(૨) અસલથી જે કામને માટે યોજેલો હોય તે કામ માટે, તે લેખમાં કંઇ ભૂલચૂક થવાના સબબથી તે બિલકુલ નિરૂપયોગી થયો છે એવું પાછળથી માલમ પડયું હોય તે :

(૩) જે શખસે કરી આપવો જોઇતો હતો તે શખસ, તે લેખ કરી આપ્યા વગર, મરણ પામવાથી, અથવા એવા કોઇપણ શખસે તે કરી આપવાની ના કહેવાથી, યોજેલા નમુના પ્રમાણે ધારેલો વ્યવહાર પાર પડવા માટે પુરો કરી શકાય નહીં તે :

(૪) કોઈ મુદ્દાના પક્ષકારે કરી આપેલો ન હોવાથી અને તે ઉપર સહી કરવાને તે અશકત હોવાથી અથવા તેણે ના કહેવાથી, યોજેલા કામને માટે ખરેખર અધુરો અને અપુરતો થયો હોય તે:

(૫) કોઇપણ શખસે તે મુજબ ચાલવાની ના કહેવાથી, અથવા તે ઉપરથી જે પૈસા-બદલ બંદોબસ્ત કરવાનું યોજવું હોય તે ધીરવાની ના કહેવાથી, અથવા તે ઉપ-રથી આપેલો કોઇપણ હોદ્દો લેવાની ના કહેવાથી અથવા કબુલ ન રાખવાથી, યોજેલા કામનેમાટે બીલકુલ ઉપયોગી પડતો ન હોય તે:

(૬) તે ઉપરથી પાર પાડવા ધારેલો વ્યવહાર તેજ લેખમાંના પક્ષકારો વચે કરેલા અને તે લેખની કિંમતથી ઓછી કિંમતના ન હોય એવા સ્ટાંપવાળા બીજા કોઇ-પણ લેખ ઉપરથી થયાને લીધે, નિરૂપયોગી થયો હોય તે :

(૭) કિંમતમાં ઓછો હોય અને જે ઉપરથી પાર પાડવા ધારેલો વ્યવહાર તેજ લેખ-માંના પક્ષકારો વચે કરેલા અને તે લેખની કિંમતથી ઓછી કિંમતના ન હોય એવા સ્ટાંપવાળા બીજા કોઇપણ લેખ ઉપરથી થયો હોય તે:

(૮) દુર્લક્ષથી અથવા અજાણતાં બગડયો હોય અને જેને બદલે તેજ લેખમાંના પક્ષ-કારોએ તેજ કારણ સારૂ બીજો યોગ્ય સ્ટાંપવાળો લેખ કર્યો હોય તે:

પણ એવું ઠરાવ્યું છે કે, કરી આપેલા લેખની બાબતમાં, જે કાયદા સબંધી કામમાં તે લેખ પુરાવામાં આપી શકાત અથવા અપાત અથવા આપવા માંડી શકાત અથવા મંડાત એવું કોઇપણ કામ ચલાવવામાં આવેલું હોવું ન જોઇયે, અને તે લેખરદ્દ કરવા સારૂ આપેલો હોવો જોઇયે.

ખુલાસો.—લેખ ઉપર પડવા જોગ પુરેપુરી ડયુટી આપ્યાબદલનો ૩૨ મી કલમની રૂયે કલેકટરે આપેલો દાખલો આ કલમના અર્થ પ્રમાણે છાપ મારેલો સ્ટાંપ છે એમ સમજવું.

૪૯ મી કલમ મુજબ અવેજ પાછો મળવા સારૂ અરજી ક્યારે ક-રવી જોઇયે.

૫૦. ૪૯મી કલમ મુજબ અવેજ પાછો મળવાસારૂ અરજી નિચે લખેલી મુદતની અંદર કરવી જોઇયે, એટલે,—

(૧) રકમ (ડ) (૫) માં કહેલે પ્રસંગે, લેખની તારીખથી બે મહિનાની અંદર:

(૨) જે સ્ટાંપના કાગળ ઉપર કોઇપણ લેખ તેમાંના કોઇપણ પક્ષકારે કરી આપ્યો નહોય તે કાગળને પ્રસંગે, તે સ્ટાંપ બગડયા પછી છ મહિનાની અંદર;

(૩) જે સ્ટાંપના કાગળપર કોઇપણ લેખ તેમાંના કોઇપણ પક્ષકારે કરી આપ્યો હોય તે કાગળને પ્રસંગે, તે લેખની તારીખ પછી છ મહિનાની અંદર, અથવા લેખમાં તારીખ ન ભરી હોય તો, જે સખસે તે લેખ પહેલાં અથવા એકલાએજ કરી આપ્યો હોય તે શખસે તે (લેખ) કરી આપ્યાની તારીખથી છ મહિનાની અંદર:

પણ એવું ઠરાવ્યું છે કે,—

(અ) જ્યારે બગડેલો લેખ પુરતાં કારણુસર બ્રિટિશ હિંદુસ્તાનની બહાર મોકલ્યો હોય, ત્યારે તે બ્રિટિશ હિંદુસ્તાનમાં પાછો આવ્યાની તારીખ પછી છ મહિનાની અંદર સદરહુ અરજી કરી શકાશે:

(બ) જ્યારે, જે કોઇ લેખને બદલે બીજો લેખ કર્યો હશે તે અનિવાર્ય કારણને લીધે સદરહુ મુદ્દતમાં રદ્દ કરવાને આપવાનું બને એમ ન હોય, ત્યારે બદલીને કરેલા લેખની તારીખ પછી છ મહીનાની અંદર અરજી કરી શકાશે.

મંડળીઓને જરૂર ન હોય એવા છાપેલા નમુનાની બાબતમાં અવેજ પાછો આપવો.

૫૧. નિબંધ રાખનાર મુખ્ય રેવિન્યુ અધિકારી, કોઇપણ સંસ્થાપિત કંપનીએ અથવા બીજી કોઇ એકવ્યક્તિભૂત મંડળીએ લેખોના છાપેલા નમુનાસારૂ વાપરેલા સ્ટાંપના કાગળો બદલનો અવેજ, કાંઇ પુરતા કારણુસર એવા નમુનાની સદરહુ કંપનીને અથવા મંડળીને જરૂર રહી ન હોય, તો કોઇપણ મુદ્દતે પાછો આપવાને મુખત્યાર છે: માત્ર એવા સ્ટાંપના કાગળોની ડયુટી યોગ્ય રીતે ભરી છે એમ સદરહુ અધિકારીની ખાત્રી થવી જોઇએ.

ભૂલતોજ ઉપયોગ કરેલા સ્ટાંપનો અવેજ પાછો આપવો.

૫૨. (અ) જ્યારે કોઇપણ શખસે દુર્લક્ષથી, ડયુટી પડવા જોગ હોય એવા લેખસારૂ આ આકટ મુજબ કરેલી કાનુનો ઉપરથી જે પ્રકારનો સ્ટાંપ કહ્યો હશે તેના કરતાં બીજા પ્રકારના સ્ટાંપનો ઉપયોગ કર્યો હશે ત્યારે, અથવા જેટલી કિંમતનો સ્ટાંપ જરૂરનો હોય તેના કરતાં વધારે કિંમતના સ્ટાંપનો ઉપયોગ કર્યો હશે ત્યારે, અથવા કોઇપણ ડયુટી પડવા જોગ ન હોય એવા લેખ માટે કોઇપિણ સ્ટાંપનો ઉપયોગ કર્યો હશે ત્યારે, અથવા

(બ) જ્યારે કોઇપણ લેખ સારૂ વાપરેલો સ્ટાંપ, દુર્લક્ષથી, તે લેખ તેરમી કલમ માંહેના ઠરાવ વિરૂદ્ધ લખેલો હોવાથી, પંદરમી કલમની રૂયે નિરૂપયોગી થયો હશે ત્યારે;

કલેકટર તે લેખની તારીખ પછી છ મહિનાની અંદર, અથવા તે ઉપર તારીખ નહીં હોય તો, તે જે માણુસે પ્રથમ અથવા એકલાએ કર્યો હશે તે માણુસે તે કર્યા પછી છ મહિનાની અંદર, અરજી કરવામાં આવે તો, અને તે લેખ ઉપર ડયુટી પડવા જોગ હોય તો તેની ઉપર યોગ્ય ડયુટીનો સ્ટાંપ ફરીથી મારવામાં આવે તો, સદરહુ પ્રમાણે જેનો ભૂલતોજ ઉપયોગ કરેલો હશે અથવા જે નિરૂપયોગી થયો હશે તે સ્ટાંપ બગડયા પ્રમાણે રદ્દ કરવાને અને તેનો અવેજ પાછો આપવાને મુખત્યાર છે.

બગડેલા અથવા ભલતોજ ઉપયોગ કરેલા સ્ટાંપનો અવેજ કેવી રીતે પાછો આપવો.

૫૩. બગડેલા અથવા ભલતોજ ઉપયોગ કરેલા સ્ટાંપનો અવેજ જે પ્રસંગે પાછો આપવાનો હશે તે પ્રસંગે, કલેકટરને, તેમને બદલે—

(અ) તેવાજ પ્રકારના અને તેટલીજ કિંમતના બીજા સ્ટાંપ અથવા

(બ) માંગવામાં આવે તો અને પોતાને યોગ્ય લાગે તો તેટલીજ કિંમતના બીજા કોઇપણ પ્રકારના સ્ટાંપ, અથવા

(ક) પોતાની નજરમાં આવે તો તેટલીજ કિંમતના દરેક રૂપીયે અથવા રૂપિયાના કોઇપણ ભાગે એક આનો કાપી લઇને, પૈસા

આપવાનો અધિકાર છે.

જે સ્ટાંપ વાપરવામાટે જોઇતા નહીં હશે તેમનો અવેજ પાછો આપવો.

૫૪. જ્યારે, જે કોઇપણ સ્ટાંપ અથવા સ્ટાંપો બગડયા નહીં હશે અથવા ધારેલા કામને માટે અયોગ્ય અથવા નકામા થયા નહીં હશે તેવા સ્ટાંપ અથવા સ્ટાંપો કોઇપણ શખસના કબજામાં હશે, પણ તેનો અથવા તેમનો તેને તરત ખપ નહીં હશે, ત્યારે તે શખસ તે સ્ટાંપ અથવા સ્ટાંપો રદ્દ કરવા સારૂ આપે, તથા—

(અ) તેણે એવા સ્ટાંપ અથવા સ્ટાંપો તેનો અથવા તેમનો ઉપયોગ કરવાના ખરેખરા ઇરાદાથી ખરીદ કીધા હતા એમ, તથા

(બ) તેણે તેની અથવા તેમની પુરેપુરી કિંમત આપીછે એમ, તથા

(ક) તે સદરહુ પ્રમાણે જે તારીખે આપવામાં આવ્યા હોય તે તારીખની તરત અગાઉના ૭ મહિનાની મુદ્દતની અંદર ખરીદ કીધા હતા એમ,

કલેકટરની ખાતરી થાય એવી રીતે શાબિત કરી આપે એટલે, તે સ્ટાંપ અથવા સ્ટાંપોની કિંમતના પૈસા દર રૂપીએ અથવા રૂપીઆના ભાગે એક આનો કાપી લઇને કલેકટરે તે શખસને પાછા આપવા:

પણ એવું ઠરાવ્યું છે કે એવો શખસ પરવાનાવાળો સ્ટાંપ વેચનારો હોય ત્યારે કલેકટરને વાજબી લાગે તો તે, સદરહુ સ્ટાંપ વેચનારાએ ખરેખરી આપેલી રકમ, તેમાંથી ઉપર ઠર્યા પ્રમાણે કાંઇપણ રકમ કાપી લીધા વગર, પાછી આપવાને મુખત્યાર છે.

કેટલાંક ડિબેંચરો નવાં કરી આપતી વખતે અવેજ પાછો આપવો.

૫૫. જ્યારે કોઇ યોગ્ય સ્ટાંપવાળા ડીબેંચર બદલ તેજ મચકુરનું નવું ડીબેંચર કાઢવામાં આવે ત્યારે, કલેકટરે, એક મહિનાની અંદર અરજી કરવામાં આવેથી, એવા ડીબેંચર કાઢનારને અસલ અથવા નવાડીબેંચર ઉપરના સ્ટાંપમાંના જે સ્ટાંપની કિંમત ઓછી હશે તે પાછી આપવી જોઇયે:

પણ એવું ઠરાવ્યું છે કે તે અસલ ડીબેંચર કલેકટર આગળ રજુ કરવું જોઇએ અને તેણે ગવર્નર જનરલ ઇન કૌંસિલ ઠરાવે તે મુજબ તે રદ્દ કરવું જોઇયે.

ખુલાસો.—હેઠળના ફેરફાર કરવામાં આવ્યા હોય તેછતાં, નવું કાઢેલું ડીબેંચર આ કલમના અર્થ પ્રમાણે અસલનાજ મચકુરનું છે એમ સમજવું જોઇયે, એટલે:—

(અ) અસલના એક ડિબેંચરને બદલે, તેટલીજ એકંદર રકમનાં બે અથવા વધારે ડિબેંચર કાઢવાં;

(બ) અસલના બે અથવા વધારે ડિબેંચરને બદલે, તેટલીજ એકંદર રકમનું એક ડિબેંચર કાઢવું;

(ક) ડિબેંચર નવું કરતી વખતે જેનો ધારણ કરનાર હોય તેનું નામ અસલના ધારણ કરનારના નામ બદલ દાખલ કરવું, અને

(ડ) વ્યાજના દરમાં અથવા તે આપવાની તારીખોમાં ફેરફાર કરવો.

બાબ ૬ ઠો.

પ્રકરણ લખી મોકલવું તથા તપાસ.

નિર્બંધરાખનારા મુખ્ય રેવિન્યુ અધિકારીના નિર્બંધ બાબત તથા તેને પ્રકરણ લખી મોકલવા બાબત.

૫૬. (૧) બાબ ૪ તથા બાબ ૫ મુજબ કલેકટરે ચલાવવાના અધિકાર સઘળે પ્રસંગે નિર્બંધ રાખનારા મુખ્ય રેવિન્યુ અધિકારીના નિર્બંધને પાત્ર રહેશે.

(૨) એકત્રીસમી કલમ મુજબ, ચાળીસમી કલમ મુજબ અથવા એકતાળીસમી કલમ મુજબ કામ ચલાવતાં કોઈપણ કલેકટરને અમુક લેખ ઉપર કેટલી ડયુટી પડવી જોઇએ તે વિશે સંશય હોય, ત્યારે તેણે તે પ્રકરણ લખી કાઢીને તે, તે બાબત પોતાના અભિપ્રાય સાથે, નિર્બંધ રાખનાર મુખ્ય રેવેન્યુ અધિકાર ઉપર નિકાલ સારૂ મોકલવું.

(૩) તે અધિકારીએ તે પ્રકરણનો વિચાર કરવો અને પોતાના નિકાલની નકલ કલેકટર ઉપર મોકલવી, અને કલેકટરે તે નિકાલને અનુસરીને ડયુટી (હોય તો) આકારીને બેસાડવી જોઇયે.

નીર્બંધ રાખનારા મુખ્ય રેવેન્યુ અધીકારીએ હૈકોર્ટને અથવા ચીફ કોર્ટને પ્રકરણ લખી મોકલવાબાબત.

૫૭. (૧) નિર્બંધ રાખનારા મુખ્ય રેવેન્યુ અધિકારીને છપ્પનમી કલમની પેટાકલમ (૨) મુજબ તેની તરફ મોકલેલું અથવા બીજી રીતે તેની જાણમાં આવનારૂં કોઇપણ પ્રકરણ લખી કહાડવાનો અને તે પ્રકરણ પોતાના અભિપ્રાય સાથે નિચે લખેલી કોર્ટ ઉપર મોકલવાનો અધિકાર છે; એટલે—

(અ) તે પ્રકરણ મદ્રાસના ગર્વનર ઇન કૌંસીલ અથવા મુંબઇના ગવર્નર ઇન કૌંસીલ જે વેળા જે મુલકનો રાજ્યકારભાર ચલાવતા હશે તે વેળા તે મુલકમાં ઉત્પન્ન થયુ હશે તો, પ્રસંગ પ્રમાણે, મદ્રાસની અથવા મુંબઇની ઇન્સાફની હૈકોર્ટ ઉપર;

(બ) તે પ્રકરણ વાવ્ય પ્રાંતમાં અથવા અયોધ્યામાં અથવા અજમેરમાં ઉત્પન્ન થયું હશે, તો વાવ્ય પ્રાંતની ઇન્સાફની હૈ કોર્ટ ઉપર;

(ક) તે પ્રકરણ પંજાબના લેફ્ટેનન્ટ ગર્વનર જે વેળા જે મુલકનો રાજ્યકારભાર ચલાવતા હશે તે વેળા તે મુલકમાં અથવા બ્રિટિશ બલુચિસ્તાનમાં ઉત્પન્ન થયું હશે, તો પંજાબની ચીફ કોર્ટઉપર;

(ડ) તે પ્રકરણ મધ્યપ્રાંતોમાં ઉત્પન્ન થયું હશે, તો મુંબઇની ઇન્સાફની હૈ કોર્ટ ઉપર;

(ઇ) તે પ્રકરણ હિંદુસ્તાનના બીજા કોઇપણ ભાગમાં ઉત્પન્ન થયું હશે, તો કલકત્તાની ઇનસાફની હૈ કોર્ટ ઉપર.

(૨) એવું દરેક પ્રકરણ જે હૈ કોર્ટ અથવા ચીફ કોર્ટ ઉપર લખી મોકલ્યું હોય ત્યાંના

ઓછામાં ઓછા ત્રણ જજ્જોએ મળી તે પ્રકરણનો નિકાલ કરવો. અને જો તેમનાં મત જુદાં જુદાં પડે, તો બહુમત પ્રમાણે નિકાલ કરવો.

૫૮. તે પ્રકરણમાં નિકળેલા પ્રશ્નોનો પોતાથી નિર્ણય થવા સારૂ તેમાંનો મજકુર પુરતો છે એમ તે હૈ કોર્ટ અથવા ચીફ કોર્ટની ખાતરી ન થાય, તો તે કોર્ટને જે રેવેન્યુ અધિકારીએ તે પ્રકરણ લખી મોકલ્યું હોય તેના પર પોતે ફરમાવે તે પ્રમાણે તેમાં ફેરફાર કરવાસારૂ અથવા વધારો કરવાસારૂ તે પ્રકરણ પાછું મોકલવાનો અધિકાર છે.

લખી મોકલેલા પ્રકરણ બાબતવધારે વિગત મેળવવાનો હૈ કોર્ટનો અથવા ચીફ કોર્ટનો અધિકાર.

૫૯. (૧) એવા કોઇપણ પ્રકરણની સુનાવણી થયા પછી સદરહુ હૈ કોર્ટ અથવા ચીફ કોર્ટે તે પ્રકરણમાં નિકળેલા પ્રશ્નોનો નિકાલ કરવો, અને તે વિશે પોતાનો ફેસલો આપવો અને તે નિકાલ જે કારણો ઉપરથી કર્યો હોય તે કારણો તેમાં લખવાં.

લખી મોકલેલા પ્રકરણનો નિકાલકેમકરવો.

(૨) તે કોર્ટે, જે રેવેન્યુ અધિકારીએ તે પ્રકરણ લખી મોકલ્યું હોય તેને સદરહું ફેસલાની એક નકલ તે ઉપર પોતાની મોહોર કરી તથા રજીસ્ટ્રારની સહી લઇ મોકલવી; અને તે રેવિન્યુ અધિકારીએ તે નકલ આવ્યા પછી, તે ફેસલા પ્રમાણે તે પ્રકરણનો નિકાલ કરવો.

૬૦. (૧) સત્તાવનમી કલમમાં કહેલી કોર્ટ શિવાય બીજી કોઇપણ કોર્ટને કોઇપણ લેખઉપર પાંત્રીસમી કલમ માંહેના (અ) વિશેષ ઠરાવ મુજબ કેટલી ડયુટી પડવી જોઇએ તે વીશે સંશય હોય, તો તે કોર્ટનો જડજ તે પ્રકરણ લખી કાહાડીને તે બાબતના પોતાના અભિપ્રાય સુદ્ધાં, તે પ્રકરણ ફેસલો થવા સારૂ, પાતે નિબંધ રાખનાર મુખ્ય રેવેન્યુ અધિકારી હોત તો સત્તાવનમી કલમ પ્રમાણે જે હૈ કોર્ટ અથવા ચીફ કોર્ટને તે પ્રકરણ લખી મોકલત તેને લખી મોકલવાને મુખત્યાર છે.

બીજી કોર્ટોએ હૈકોર્ટને અથવા ચીફ કોર્ટને પ્રકરણ લખીમોકલવું.

(૨) તે પ્રકરણ સતાવનમી કલમ મુજબ લખી મોકલ્યુ હોય તે પ્રમાણે સદરહુ કોરટે તે પ્રકરણની તજવીજ કરવી, અને પોતાના ફેંસલાની એક નકલ તે ઉપર તે કોરટની મોહોર કરી અને રજીસ્ટ્રારની સહી લઇ મુખ્ય નિબંધ રાખનાર રેવેન્યુ અધિકારીને મોકલવી જોઇએ તથા તેવી બીજી એક નકલ તે પ્રકરણ લખી મોકલનાર જડજને મોકલવી જોઇએ, અને તે જડજે તે નકલ આવ્યા પછી તે પ્રકરણનો નિકાલ તે ફેંસલા પ્રમાણે કરવો જોઇયે.

(૩) પેટા કલમ (૧) મુજબ લખી મોકલવાનું પ્રકરણ, જીલ્હા કોર્ટના તાબા હેઠળની કોર્ટે લખી મોકલવું હોય, તો તે જીલ્હા કોર્ટની મારફતે લખી મોકલવું, અને તાબા હેઠળની કોઇપણ રેવેન્યુ કોર્ટે લખી મોકલવું હોય, તો તે પોતાથી પ્રત્યક્ષ વરીષ્ટ કોર્ટની મારફતે મોકલવું જોઇયે.

૬૧. (૧) જ્યારે દિવાની અથવા મુલકી હકુમત ચલાવનારી કોઇપણ કોર્ટ અથવા સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના ૧૨ મા અથવા ૩૬ મા બાબ મુજબના કોઇ કામમાં કોઇપણ ફોજદારી કોર્ટ, કોઇપણ લેખ યોગ્ય સ્ટાંપવાળા લેખ તરીકે અથવા તેને સ્ટાંપની જરૂર નથી એવા લેખ તરીકે અથવા તે બદલ પાંત્રીસમી કલમ પ્રમાણે ડયુટી અને દંડ આપવામાં આવે એટલે પુરાવામાં લેવાનો હુકમ કરે, ત્યારે સદહૂ કોર્ટમાંથી જે કોર્ટમાં અપીલ ચાલતી હશે અથવા પ્રકરણ લખી મોકલવામાં આવતાં હશે તે કોર્ટને, પોતાની મેળે અથવા કલેકટરની અરજી ઉપરથી, તે હુકમનો વિચાર કરવાનો અધિકાર છે.

સ્ટાંપના પુરતાપણા બાબત કોર્ટના કેટલાએક નિકાલોની તપાસ.

(૨) જો તે કોર્ટ, એવો વિચાર કર્યાપછી એવા મતઉપર આવે કે સદરહુ લેખ બદલ પાંત્રીસમી કલમ પ્રમાણે ડ્યુટી અને દંડ આપ્યા વગર અથવા જે ડ્યુટી અને દંડ આપ્યાં હશે તેના કરતાં વધારે ડ્યુટી અને દંડ આપ્યા વગર તે પૂરાવામાં લેવો જોઇતો નહોતો, તો તેને એવો ઠરાવ લખી રાખવાનો, અને તે લેખ ઉપર જે ડ્યુટી પડવા જોગ હોય તેની રકમ ઠરાવવાનો અધિકાર છે, અને તેને, તે લેખ તે વખતે જે શખસના કબજામાં અથવા અખત્યારમાં હોય તે શખસને તે લેખ હાજર કરવાનું ફરમાવવાનો, અને તે હાજર કરવામાં આવે ત્યારે તે અટકાવી રાખવાનો અધિકાર છે.

(૩) જ્યારે પેટા કલમ (૨) મુજબ કોઇપણ ઠરાવ લખી રાખ્યો હોય, ત્યારે તે લખનાર કોર્ટે તેની એક નકલ કલેકટરને મોકલવી જોઇયે, અને જે લેખ વિશે તે ઠરાવ હોય તે લેખ અટકાવી રાખ્યો હોય અથવા બીજી રીતે સદર્હુ કોર્ટના કબજામાં હોય, ત્યારે તે લેખ પણ તેના ઉપર મોકલવો જોઇયે.

(૪) પછી કલેકટરને, સદર્હુ લેખ પુરાવામાં લેવા વિશેના હુકમમાં અથવા બેતાળીસમી કલમ મુજબ આપેલા કોઇપણ દાખલામાં, અથવા તેતાળીસમી કલમમાં ગમે તે મચકુર હોય તો પણ, કોઇપણ શખસે એવા લેખ બાબત સ્ટાંપના કાયદાની વિરૂદ્ધ જે કોઇપણ અપરાધ કર્યો છે એમ પોતાને લાગે તે બદલ તે શખસ ઉપર ફોજદારીમાં કામ ચલાવવાનો અધીકાર છે:

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) સદર્હુ કોર્ટના ઠરાવ પ્રમાણે તે લેખ બાબત (ડ્યુટી અને દંડ મળીને) જે રકમ પાંત્રીસમી કલમ મુજબ આપવાની હોય તે કલેકટરને આપવામાં આવે તે પ્રસંગે એવું કોઇપણ ફોજદારી કામ, યોગ્ય ડ્યુટી આપવાનું ચુકવવાના ઇરાદાથી તે અપરાધ કર્યો છે એમ કલેકટરને લાગે તે શિવાય, ચલાવવું નહીં;

(બ) આ કલમ મુજબ લખી મુકેલા કોઇપણ ઠરાવ ઉપરથી, એમરીતે ફોજદારીમાં કામ ચલાવવું હોય તે શિવાયને પ્રસંગે, કોઇપણ લેખ પુરાવામાં લેવાવિશેના કોઇપણ હુકમના, અથવા બેતાળીસમી કલમ પ્રમાણે, આપેલા કોઇપણ દાખલાના, વ્યવહારોપયોગીપણાને બાધ આવે છે એમ સમજવું નહીં.

બાબ ૭ મો.

ફોજદારી ગુન્હા તથા કામ ચલાવવાની રીત.

યોગ્ય સ્ટાંપવાળા નહીં હોય એવા લેખ કરી આપવા માટે શિક્ષા.

૬૨. (૧) જે કોઇપણ શખસ—

(અ) યોગ્ય સ્ટાંપ ન હોય એવું કોઇપણ બિલ આફ એકસચેંજ, ચેક અથવા વાયદા ચીઠી લખશે, કરશે, કાઢશે, તે ઉપર શેરો લખશે અથવા તે તબદીલ કરી આપશે, અથવા સાક્ષીદાર શિવાય બીજીરીતે તેનીઉપર સહી કરશે, અથવા તે સીકારવા સારૂ પૈસા મળવા સારૂ દેખાડશે, અથવા સીકારશે, તેનો અવેજ આપશે અથવા લેશે, અથવા તે કોઇપણ રીતે વેચશે: અથવા

(બ) ડ્યુટી પડવા જોગ હોય એવો બીજો કોઇપણ લેખ તે ઉપર યોગ્ય સ્ટાંપ માર્યા શિવાય કરી આપશે અથવા તેની ઉપર સાક્ષીદાર શિવાય બીજી રીતે સહી કરશે: અથવા

(ક) યોગ્ય સ્ટાંપ નહીં હોય એવી કોઇપણ પ્રાક્સી ઉપરથી (સભામાં મત આપવા વીશેના અધિકારપત્ર ઉપરથી) મત આપશે અથવા મત આપવાનો યત્ન કરશે;

તે સદરહૂ પ્રકારના દરેક ગુન્હા બદ્દલ પાંચસો રૂપીઆ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે:

પણ એવું ઠરાવ્યું છે કે પાંત્રીસમી કલમ મુજબ, અથવા ચાળીસમી કલમ મુજબ અથવા એકસઠમી કલમ મુજબ કોઇપણ લેખમાટે કંઇપણ દંડ આપ્યો હશે ત્યારે તે દંડની રકમ, તે દંડ જે શખસે આપ્યો હશે તે શખસને તેજ લેખ માટે આ કલમ મુજબ પછીથી કંઇપણ દંડ થયો હશે, તો તે દંડમાં મજરે આપવી જોઇયે.

(૨) જો કોઇ શેર વારંટ તેની ઉપર યોગ્ય સ્ટાંપ હોયા વગર કાઢવામાં આવે, તો તે વારંટ કાઢનારી કંપની, તથા તે વારંટ કાઢતી વખતે જે શખસ તે કંપનીનો મ્યાનેજીંગ ડિરેક્ટર અથવા સેક્રેટરી અથવા બીજો મુખ્ય અમલદાર હોય તે શખસ પાંચસો રૂપીયાસુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

વળગે એવો સ્ટાંપ રદ ન કર્યાબદ્દલ શિક્ષા.

૬૩. જે કોઇપણ સખશને કોઇપણ વળગે એવો સ્ટાંપ બારમી કલમ મુજબ રદ્દ કરવો અવશ્ય હશે અને જે તે કલમમાં કહેલી રીતે તે સ્ટાંપ રદ્દ નહીં કરે, તે સો રૂપિયાસુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

૨૭ મી કલમના ઠરાવ મુજબ કરવાનું વર્જ કરવા માટે શિક્ષા.

૬૪. જે કોઇ શખસ સરકારને ઠગવાના ઇરાદાથી—

(અ) જે લેખમાં, સતાવીસમી કલમ પ્રમાણે તેમાં જે હકીકત તથા પ્રસંગો લખવાની જરૂર હોય, તે સંપૂર્ણ અને ખરેખરાં લખ્યાં નહિ હોય, એવો કોઇપણ લેખ કરી આપશે; અથવા

(બ) તેને જે કોઇપણ લેખ તૈયાર કરવાના કામમાં અથવા તૈયાર કરવા બાબત રાખ્યો હશે અથવા તે કામમાં અથવા તે બાબત તેનો સંબંધ હશે તેમાં સદરહૂ પ્રકારની સર્વે હકીકત તથા પ્રસંગો સંપૂર્ણ અને ખરેખરાં લખવાની ગફલત કરશે અથવા લખવાનું વર્જ કરશે; અથવા

(ક) આ આક્ટ મુજબની કંઇપણ ડ્યુટી અથવા દંડ સરકારને ન મળવા જેવું બીજું કંઇ કામ કરશે;

તે પાંચહજાર રૂપીઆસુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

પહોંચ આપવાની ના કહેવામાટે અને પહોંચ ઉપરની ડ્યુટી આપવાનું ચુકવવાની યુક્તિઓ કરવા માટે શિક્ષા

૬૫. જે કોઇ શખસ—

(અ) તેનીપાસે ત્રીસમી કલમ પ્રમાણે પહોંચ માગ્યા છતાં એવી પહોંચ આપવાની ના કહેશે અથવા ગફલત કરશે; અથવા

(બ) વીસ રૂપીઆ કરતાં વધારે રૂપીઆની રકમ અથવા વીસ રૂપીઆ કરતાં વધારે કિંમતની મિલકત આપવામાં આવ્યા પછી, સરકારની કોઇપણ ડ્યુટી ડુબાવવાના ઇરા-

દાથી, વીસ રૂપીઆ કરતાં વધારે નહીં એવી રકમ અથવા કિંમત બદલ પહોંચ આપશે, અથવા આપેલા પૈસા અથવા મલિકત જુદી જુદી કરશે અથવા તેના ભાગ કરશે; તે સો રૂપીઆ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

પાલિસી ન કરવામાટે અથવા યોગ્ય સ્ટાંપ વાળી ન હશે એવી પાલિસી કરવા માટે શિક્ષા.

૬૬. જે કોઇપણ શખસ—

(અ) વિમાના કોઇપણ કરાર બદ્દલ કોઇપણ સલામતી અથવા અવેજ લે અથવા ખાતે જમે કરશે, અને એવી સલામતી અથવા અવેજ લીધાની અથવા જમે કર્યાની તારીખથી એક મહિનાની અંદર સદર્હૂ વિમાની યોગ્ય સ્ટાંપવાળી પાલીસી કરશે નહીં તથા કરી આપશે નહીં; અથવા

(બ) યોગ્ય સ્ટાંપ વાળી ન હોય એવી કોઇપણ પાલિસી કરશે, કરી આપશે અથવા સ્વાધીન કરશે, અથવા એવી કોઇપણ પાલિસી ઉપર અથવા પાલીસી માટે કંઇપણ નાણું આપશે અથવા હિસાબમાં મજરે આપશે અથવા આપવાનું અથવા હિસાબમાં મજરે આપવાનું કબુલ કરશે;

તે બસેં રૂપીઆ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

૬૭. બેના અથવા વધારેના સેટમાં લખ્યાં છે અથવા કરી આપ્યાં છે એમ દેખાતું હોય એવું બિલ આફ એકસચેંજ અથવા સમુદ્ર સંબંધી વિમાની પાલિસી જે કોઇપણ શખસ લખશે અથવા કરી આપશે, અને તે બિલ ઉપરથી અથવા પાલિસી ઉપરથી તે સેટમાં જેટલાં બિલો અથવા પાલિસીઓ હોવાં જોઇએ એવું દેખાય તેટલાં સઘળાં તેજ વેળાએ યોગ્ય સ્ટાંપવાળા કાગળ ઉપર નહીં લખશે અથવા નહીં કરી આપશે, તે શખસ એક હજાર રૂપીઆ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

જેમના સેટ કર્યા છે એમ દેખાતું હોય એવાં બિલઅથવા સમુદ્ર સંબંધી પાલિસી પૂર્ણ સંખ્યા સુધી ન લખવા માટે શિક્ષા.

મહેસુલ ડુબાવવા સારૂ માટે બિલમાં આવતી તારીખ નાખવા માટે તથા બીજી યુક્તિ કરવા માટે શિક્ષા.

૬૮. જે કોઇપણ શખસ—

(અ) કોઇપણ બિલ આફ એકસચેંજ અથવા વાયદાચીઠી વાસ્તવિક રીતે જેતારીખે લખી હોય તે તારીખ પછીની તારીખ, સરકારની ડયુટી ડુબાવવાના ઇરાદાથી, નાંખીને તે બિલ આફ એકસચેંજ અથવા વાયદાચીઠી લખશે અથવા કરશે અથવા આપશે, અથવા

(બ) એવા બિલમાં અથવા ચીઠીમાં સદર્હૂ પ્રમાણે આવતી તારીખ નાંખી છે એવી ખબર છતાં તેની પાછળ શેરો કરશે, તે તબદીલ કરી આપશે, સીકારવા સારૂ અથવા પૈસા મળવા સારૂ દેખાડશે; અથવા સીકારશે, અથવા તેનો અવેજ આપશે અથવા લેશે, અથવા તે બીજી કોઇપણ રીતે વેચશે; અથવા

(ક) જે કામ વિશે, યુક્તિ વિશે અથવા તદબીર વિશે આ આકટમાં અથવા જે વેળા જે બીજો કોઇપણું કાયદો અમલમાં હોય તેમાં મુર્કામ ઠરાવ કર્યો ન હશે તેવું કોઈપણ કામ, યુક્તિ અથવા તદબીર, તેવાજ ઇરાદાથી, કરશે અથવા તેમાં સંબંધ રાખશે;

તે એક હજાર રૂપીઆ સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

સ્ટાંપવેચવા સંબંધી કાનુનો તોડવા માટે અને અધિકાર વગર વેચવા માટે શિક્ષા.

૬૯. (અ) સ્ટાંપ વેચવા સારૂ નીમેલો જે કોઇપણ શખસ ૭૪ મી કલમ પ્રમાણે કરેલી કોઇપણ કાનુન પાળશે નહીં તે, અને

(બ) સદરહૂ પ્રમાણે નીમાયલો ન હોય એવો કોઇપણ શખસ (એક આનાના વળગે એવા સ્ટાંપ શિવાયનો) કોઇપણ સ્ટાંપ વેચશે અથવા વેચવા કહાડશે;

તે છ મહીનાસુધીની કેદની શિક્ષાને, અથવા પાંચસો રૂપીઆ સુધીના દંડની શિક્ષાને, અથવા એ બન્ને શિક્ષાને પાત્ર થશે.

ફોજદારીમાં કામ માંડવા તથા ચલાવવા બાબત.

૭૦. (૧) આ આકટ મુજબ અથવા આ ઉપરથી રદ કરેલા કોઇપણુ આકટ મુજબ શિક્ષા કરવા જોગ કોઈપણ ગુન્હા માટે ફોજદારી કામ, કલેકટરની, અથવા આ બાબત સ્થાનિક સરકાર જે બીજા અમલદારને સામાન્ય રીતે અધિકાર આપશે અથવા કલેકટર વિશેષ રીતે અધિકાર આપશે તે બીજા અમલદાદારની મંજુરીવગર માંડવું નહીં.

(૨) નિર્બંધ રાખનાર મુખ્ય રેવેન્યુ અધિકારીને, અથવા આ બાબત તેણે જે બીજા અમદારને સામાન્ય અથવા વિશેષરીતે અધિકાર આપ્યો હશે તેને, સદરહૂ પ્રકારનું કોઇપણ કામ બંધ કરવાનો અથવા એવો કોઇપણ ગુન્હો માંડી વાળવાનો અધિકાર છે.

(૩) આવી રીતે કરેલી કોઇપણુ માંડીવાળવાની રકમ ૪૮ મી કલમમાં ઠરાવેલીરીતે વસુલ કરી સકાશે.

માજિસ્ટ્રેટોની હકુમત.

૭૧. પ્રેસિડેન્સી માજિસ્ટ્રેટ શિવાય અને જે માજિસ્ટ્રેટનો અધિકાર બીજા વર્ગના માજિસ્ટ્રેટના અધિકાર કરતાં ઓછો ન હોય તે માજિસ્ટ્રેટ શિવાય બીજા કોઇપણુ માજિસ્ટ્રેટે આ આકટ મુજબ કોઇપણુ ગુન્હાનો ઇનસાફ કરવો નહીં.

ઇનસાફની જગા.

૭૨. કોઇપણુ લેખ બાબત કરેલા એવા દરેક ગુન્હાનો ઇનસાફ કરવો તે, તે લેખ જે કોઈપણુ જિલ્હામાં અથવા ઇલાકાના જે મુખ્ય શહેરમાં મળ્યો હશે તે જિલ્હામાં અથવા શેહેરમાં, તેમજ ફોજદારી કામ ચલાવવાની રીતબાબતનો જે કાયદો જે વેળા અમલમાં હશે તે કાયદા મુજબ સદરહૂ પ્રકારના ગુન્હાનો ઇનસાફ જે કોઇપણુ જિલ્હામાં અથવા ઇલાકાના જે મુખ્ય શેહેરમાં કરવાનો અધિકાર હશે તેમાં કરવાનો અધિકાર છે.

બાબ ૮ મો.

પુરવણી ઠરાવો.

ચોપડા વિગેરે તપાસવાસારૂ ખુલ્લા હોવા બાબત.

૭૩. દરેક સરકારી અમલદારે, પોતાના હવાલામાં જે રજીષ્ટરો, ચોપડા, દફતરોના કાગળ પત્રો, કાગળો, દસ્તાવેજો, અથવા ચાલેલા કામના કાગળપત્રો હોય અને જેની તપાસણીથી કંઇ ડયુટી મળી શકે એમ હોય, અથવા કોઇપણ ડયુટીના સંબંધમાં કંઇદગો અથવા વર્જન શાબિત થવા જેવું હોય અથવા તે ઉઘાડાં પડે એમ હોય, તે રજિસ્ટરો, ચોપડા, કાગળો, દસ્તાવેજો અને ચાલેલા કામના કાગળપત્રો કલેકટરે લેખી અધિકાર આપેલા કોઇપણ શખસને તપાસવાની તથા તેને જરૂર જણાય તે નોંધ લેવાની અથવા ઉતારો કરવાની, ફી અથવા ખરચ લીધાવગર, સઘળે વાજબી વખતે, રજા આપવી જોઇયે.

સ્ટાંપ વેચવા સંબંધી કાનુનો કરવાનો અધિકાર.

૭૪. ગવર્નર જનરલ ઇન કૌંસિલના નિર્બંધ હેઠળ રહીને, સ્થાનિક સરકાર—

(અ) સ્ટાંપ અને સ્ટાંપના કાગળ પુરા પાડવા તથા વેચવાનું નિયમન કરવા બાબત,

(બ) ક્યા શખસોએજ માત્ર તે વેચવા તે વિષેનું નિયમન કરવા બાબત, તથા

(ક) એવા શખસોનાં કામ તથા મેહેનતણા વિષેનું નિયમ કરવા બાબત,

કાનુનો કરવાને મુખત્યાર છે:

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ કાનુનોમાં એક આનાના વળગે એવા સ્ટાંપના વેચાણ બાબત હદ ઠરાવવી નહીં.

આ આકટ સામાન્ય રીતે અમલમાં આણવા વિશેની કાનુનો કરવાનો અધિકાર.

૭૫. ગવર્નર જનરલ ઇન કૌંસિલને આ આકટના હેતુ સાધારણ રીતે અમલમાં આણવા સારૂ કાનુનો કરવાનો અને તેનો ભંગ થયેથી જે દંડ આપવો પડે તે સદરહુ કાનુનો ઉપરથી ઠરાવવાનો અધિકાર છે: માત્ર એવો દંડ કોઇપણ પ્રસંગે પાંચસો રૂપિયાથી વધારે હોવો જોઇયે નહિ.

કાનુનો પ્રસિદ્ધ કરવી.

૭૬. (૧) ૭૪ મી કલમ મુજબ કરેલી કાનુનો શિવાય આ આકટ પ્રમાણે કરેલી બીજી સર્વે કાનુનો ઇંડિયા ગેઝેટમાં છાપી પ્રસિદ્ધ કરવી, અને ૭૪ મી કલમ મુજબ કરેલી સઘળી કાનુનો સ્થાનિક ગેઝેટમાં છાપી પ્રસિદ્ધ કરવી.

(૨) આ કલમમાં કહ્યા પ્રમાણે છાપીને પ્રસિદ્ધ કરેલી સર્વે કાનુનો સદરહૂ પ્રમાણે પ્રસિદ્ધ થયા પછી આ આકટ મુજબ ઘડાઇ હશે તે પ્રમાણે અમલમાં આવશે.

કોર્ટ ફી બાબત બચાવ.

૭૭. કોર્ટ ફી સંબંધી વિદ્યમાન કાળે અમલમાં હશે તે આકટ મુજબ જે ડયુટી પડવાજોગ હસે તે ડયુટીને આ આકટમાંના કોઇપણ મજકુર ઉપરથી બાધ આવે છે એવું સમજવું નહીં.

આકટનું ભાષાંતર કરવું અને તે સસ્તે ભાવે વેચવું.

૭૮. દરેક સ્થાનિક સરકારે જે મુલકોનો પોતે રાજ્યકારભાર ચલાવતી હશે તે મુલકોની મુખ્ય ભાષામાં આ આકટ ભાષાન્તરની દરેક પ્રત વત્તામાં વત્તા ચાર આનાની કિંમતે લોકોને વેચવા બાબતનો બંદોબસ્ત કરવો જોઇયે.

રદ કરવા બાબત.

૭૯. બીજા પરિશિષ્ટમાં જણાવેલા આકટો તેના ૪ થા આસનમાં જણાવ્યું છે તેટલે સુધી રદ કરવામાં આવ્યા છે.

પરિશિષ્ટ ૧ લું.

લેખ ઉપર સ્ટાંપ ડ્યુટી.

(૩જી કલમ જુઓ.)

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
૧. **પહોંચ**, વિશરૂપિયા કરતાં વધારે રકમના અથવા કિંમતના કરજની, જે તે કરજના પુરાવાસારૂ (પેઢીવાળાની પાસબુક શિવાય બીજી) કોઇપણ બુકમાં અથવા જુદા કાગળઉપર દેણદારે અથવા દેણદારની તરફથી લખેલી અથવા સહી કરેલી હશે અને તે બુક અથવા કાગળ લેણદારના કબજામાં રાખ્યો હશે ત્યારે: માત્ર તે પહોંચમાં તે કરજ આપવાનો કોઇપણ વાયદો અથવા વ્યાજ આપવા બદ્દલ અથવા કોઇપણ માલ અથવા બીજી મિલકત સ્વાધીન કરવા બદ્દલ કોઇપણ મચકુર હોવો જોઇયે નહિ.	એક આનો.
૨. **આડમિનિસ્ટ્રેશન બાંડ** (માલમિલકતનો વહિવટ કરવા વિશેનું ખત): એમાં સન ૧૮૬૫ ના હિંદુસ્તાનના વારસા બાબતના આકટની ૨૫૬ મી કલમ મુજબ, સન ૧૮૭૩ ના સરકારી સેવીંગ્સબેંકના આકટની ૬ઠી કલમ મુજબ, સન ૧૮૮૧ ના પ્રોબેટ બાબતના તથા વહિવટ ચલાવવા બાબતના આકટની ૭૮ મી કલમ મુજબ, અથવા સન ૧૮૮૯ ના વારસાના સર્ટિફિકેટના આકટની ૯મી અથવા ૧૦ મી કલમ મુજબ આપેલા બાંડનો સમાવેશ થાય છે—	
(અ) રકમ ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	તે રકમના બાંડ ઉપર (નં ૧૫) જે ડ્યુટી પડે છે તે.
(બ) બીજે કોઇપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
૩. **દત્તકપત્ર, એટલે,** જેમાં દત્તવિધાનની નોંધ હોય અથવા જેના ઉપરથી દત્તક લેવાનો અધિકાર આપ્યો હોય અથવા આપ્યાનું જણાતું હોય એવો (મૃત્યુપત્ર શિવાયનો બીજો) કોઇપણ લેખ.	દશ રૂપિયા.
એડવોકેટ. એડવોકેટ દાખલ નોંધ જુઓ (નં. ૩૦).	
૪. **એફિડેવિટ:** એમાં, સમ ખાવાને બદલે પ્રતિજ્ઞા અથવા એકરાર કરવાનો કાયદા ઉપરથી અધિકાર હોય તે શખસોએ કરેલી પ્રતિજ્ઞા અથવા એકરારનો સમાવેશ થાય છે...	એક રૂપિયો.
માફી.	
એફિડેવિટ અથવા લેખી એકરાર જ્યારે—	
(અ) હિંદુસ્તાનના લશ્કરી આઇન પ્રમાણે નામ દાખલ થવાની શરત તરીકે કર્યો હશે ત્યારે;	

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
(બ) પ્રત્યક્ષ કોઇપણ કોર્ટમાં અથવા કોઇપણ કોર્ટના અમલદાર આગળ ફૈલ અથવા ઉપયોગ કરવાના કારણસારૂ કર્યો હશે ત્યારે; અથવા	
(ક) કોઇપણ માણુસ કોઇપણ પેન્સન અથવા ધર્માદા નેમણુક લેવાને શક્તિવાન થાય તેટલાજ કારણુસારૂ કર્યો હશે ત્યારે.	
કબુલાત અથવા કબુલાતની યાદી—	
(અ) કોઇપણ સરકારી સિક્યુરિટીના, અથવા કોઇપણ સંસ્થાપિત કંપનીમાંહેના અથવા બીજી એકવ્યક્તિભૂત મંડળીમાંહેના શેરના, અથવા બિલ ઑફ્ એક્સચેંજના વેચાણુ સંબંધી હશે તો	એક આનો.
(બ) તે બાબત બીજી રીતનો ઠરાવ કર્યો ન હોય તો ...	આઠ આના.
માફી.	
કબુલાત અથવા કબુલાતની યાદી—	
(અ) માલ અથવા વેપારની જણુસનાજ ફક્ત વેચાણુ બાબત અથવા વેચાણુ સંબંધી હશે, અને તે ૪૩ મા નંબર પ્રમાણે ડ્યુટી પડવાજોગ ચીઠી અથવા યાદી નહિ હશે તે;	
(બ) કોઇપણ લોન સારૂ અથવા લોન સંબંધી હિંદુસ્તાન સરકારને આપેલા ટેંડરના નમુના પ્રમાણે કરી હશે તે;	
(ક) સન ૧૮૭૪ ના યુરોપિયન વેગ્રન્સી આકટની ૧૭મી કલમ પ્રમાણે કરેલી હોય તે	
લીસ કરી આપવા વિશેની કબુલાત. લીસ જુઓ (નં. ૩૫).	
૬. **રાસ્તગીરો** [ઇક્વિટેબલ માર્ટગેજ] દાખલ કબુલાત, એટલે, સત્તાધિકારનાં ખતો (ટાઇટલ ડીડ) અથવા બીજું કિંમતી તારણુ અનામત રાખીને અથવા જંગમ મિલકત રાખીને ધીરેલાં નાણાં પાછાં મળવાના બંદોબસ્ત સારૂ કરેલી કબુલાત દર્શાવનારો કોઇપણ લેખ—	
(અ) જ્યારે એવાં નાણાં તે લેખની તારીખથી ત્રણ મહિના કરતાં વધારે હોય, પણ એક વર્ષ કરતાં વધારે ન હોય, એવી મુદતે પાછા આપવાનાં હોય ત્યારે;	તેટલીજ રકમના બિલ ઑફ્ એક્સચેંજ [નં. ૧૩ (બ)] ઉપર જે ડ્યુટી પડે છે તે.
(બ) જ્યારે એવાં નાણાં તે લેખની તારીખથી ત્રણ મહિના કરતાં વધારે મુદતે પાછાં આપવાનાં ન હોય ત્યારે ...	તેટલીજ રકમના બીલ ઑફ્ એકસચેંજ [નંબર. ૧૩ (બ)] ઉપર પડનારી ડ્યુટીની અડધી ડ્યુટી.

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
માફી.	
ગીરો ખત નિચે આપેલી માફી જુઓ (નં. ૪૦).	
૭. **અધિકાર ચલાવીને કરેલું અપૌંટમેંટ,** તે પછી ટ્રસ્ટીઓનું હોય અથવા સ્થાવર અથવા જંગમ મિલકતનું હોય અને મૃત્યુપત્ર નહિ હોય એવા કોઇપણ લેખથી કર્યું હોય ત્યારે	પંદર રૂપિયા.
૮. **આકારેલી કિંમત**, ફરિયાદ ચાલતી હોય તે દરમિયાન કોર્ટના હુકમ મુજબ આકારવાની તે શિવાય બીજી રીતે—	
(અ) રકમ ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે ...	એવી રકમના બાંડઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઇપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
માફી.	
(અ) જે કિંમત માત્ર એકજ પક્ષકારની માહિતી સારૂ આકારેલી હોય અને જે કબુલાતને લીધે અથવા કાયદાના અમલને લીધે પક્ષકારોને કોઇપણ રીતે માન્ય કરવાની જરૂર ન હોય તે.	
(બ) જમીનદારને ગણોત તરીકે આપવાની રકમ ઠરાવવાસારૂ પાકની અકારેલી કિંમત	
૯. **અપ્રેંટીસશિપ ડીડ** (શિખવા સારૂ રહેવાના કરારબદલનું ખત), એમાં કોઇપણ પેશો, ધંધો અથવા કામ શિખવાસારૂ કોઇપણ ધણીના હાથ નિચે મુકેલા કોઇપણ અપ્રેન્ટિસ (શિખાઉ), કારકુન અથવા નોકરની ચાકરી સંબંધી અથવા તેને શિખવવા સંબંધી આર્ટીકલ્સ ઑફ કલાર્કશિપ (નં. ૧૧) નહિ હોય એવા દરેક લેખનો સમાવેશ થાય છે	પાંચ રૂપિયા.
માફી.	
જે અપ્રેંટિસશિપનો લેખ સન ૧૮૫૦ના અપ્રેન્ટિસ આકટ મુજબ માજીસ્ટ્રેટે કરી આપ્યો હશે, અથવા જે ઉપરથી કોઇપણ માણસને કોઇપણ સાર્વજનિક ધર્માદા સંસ્થાએ અથવા તેના પૈસાને ખર્ચે અપ્રેંન્ટિસ રાખ્યો હશે તે.	
૧૦. **કંપનીની આર્ટિકલ્સ ઑફ એસોસિયેશન.**	પચીસ રૂપિયા.

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
માફી.	
નફા વાસ્તે ન સ્થાપેલી તથા સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપની-ના આકટની ૨૬ મી કલમ મુજબ રજીસ્ટર કરેલી કોઇ-પણ એસોસિયેશનની આર્ટિકલ્સ.	
કંપનીનું મેમોરેંડમ ઑફ એસોસિયેશન (નં. ૩૯) પણ જુઓ.	
૧૧. **આર્ટિકલ્સ ઑફ કલાર્કશિપ** અથવા કરાર, જે ઉપરથી કોઇ શખસ કોઇપણ હૈ કોર્ટમાં અટર્ની દાખલ રજુ થવા સારૂ કલા-ર્કનું કામ કરવાને પ્રથમ બંધાય છે તે	બસો પચાસ રૂપિયા.
એસૈનમેંટ. પ્રસંગ પ્રમાણે, કન્વેયન્સ (નં. ૨૩), તબદીલી (નં. ૬૨) અને લીસની તબદીલી (નં. ૬૩) જુઓ.	
અટર્ની. અટર્ની દાખલ નોંધ (નં. ૩૦) તથા મુખત્યારનામું (નં. ૪૮) જુઓ.	
દત્તક લેવાનો અધિકાર પત્ર. દત્તક પત્ર (નં. ૩) જુઓ. ...	
૧૨. **નીવાડો,** એટલે, ફરિયાદ ચાલતી હોય તે દરમિયાન કોર્ટના હુ-કમથી પ્રકરણ સોંપવામાં આવે છે તે શિવાય બીજીરીતે પ્રકરણ સોંપવામાં આવ્યાથી, વિભાગ કરવા વિષેનો હુકમ ફરમાવવા બાબતનો નીવાડો ન હોય એવો લવાદે અથવા સરપંચે કરેલો કોઇપણ લેખી ઠરાવ—	
(અ) જે મિલકત સંબંધી તે નીવેડો હોય તેની તે નીવાડા-માં લખેલી રકમ અથવા કિંમત ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે...	એટલીજ રકમના બાંડઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઇપણ પ્રસંગે...	પાંચ રૂપિયા.
માફી.	
સન ૧૮૭૩ ના મુંબઇના ડિસ્ટ્રિકટ મ્યુનિસિપલ આકટની ૮૧ મી કલમ મુજબનો, અથવા સન ૧૮૭૪ ના મુંબઇના વંશપરંપરાના હો-દાઓ બાબતના આકટની ૧૮ મી કલમ મુજબનો નીવાડો.	
૧૩. **બિલ આફ એકસચેંજ** (કલમ ૨ (૨) તથા (૩) માં વ્યા-ખ્યા કર્યા પ્રમાણેનું), બાંડ ન હોય એવું, અથવા બેંકનોટ અ-થવા ચલણી નોટ—	
(અ) માગે કે તરત પગાર કરવાનું હોય ત્યારે	એક આનો.

પરિશિષ્ટ ૧ લું—ચાલુ

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.		
	એકજ લખ્યું હોય તો	નો સેટ લખ્યો હોય તો તે સેટના દરેક ભાગ ઉપર.	ત્રણનો સેટ લખ્યો હોયતો તે સેટના દરેક ભાગઉપર.
(ખ) માગે કે તરત નહિ, પણ બીજી રીતે પગાર કરવાનું હોય, પણ તેની તારીખથી અથવા તે દેખાડયા પછી એક વર્ષકરતાં વધારે ન હોય એટલી મુદ્દતે પગારકરવાનું હોય ત્યારે—	રૂ. આ પૈ.	રૂ. આ. પૈ	રૂ. આ પૈ
બિલની અથવા નોટની રકમ ૨૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય તો	૦ ૨ ૦	૦ ૧ ૦	૦ ૧ ૦
તે ૨૦૦ રૂપિયા કરતાં વધારે હોય અને ૪૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય તો	૦ ૪ ૦	૦ ૨ ૦	૦ ૨ ૦
૪૦૦ „ ૬૦૦ „	૦ ૬ ૦	૦ ૩ ૦	૦ ૨ ૦
૬૦૦ „ ૧,૦૦૦ „	૦ ૧૦ ૦	૦ ૫ ૦	૦ ૪ ૦
૧,૦૦૦ „ ૧,૨૦૦ „	૦ ૧૨ ૦	૦ ૬ ૦	૦ ૪ ૦
૧,૨૦૦ „ ૧,૬૦૦ „	૧ ૦ ૦	૦ ૮ ૦	૦ ૬ ૦
૧,૬૦૦ „ ૨,૫૦૦ „	૧ ૮ ૦	૦ ૧૨ ૦	૦ ૮ ૦
૨,૫૦૦ „ ૫,૦૦૦ „	૩ ૦ ૦	૧ ૮ ૦	૧ ૦ ૦
૫,૦૦૦ „ ૭,૫૦૦ „	૪ ૮ ૦	૨ ૪ ૦	૧ ૮ ૦
૭,૫૦૦ „ ૧૦,૦૦૦ „	૬ ૦ ૦	૩ ૦ ૦	૨ ૦ ૦
૧૦,૦૦૦ „ ૧૫,૦૦૦ „	૯ ૦ ૦	૪ ૮ ૦	૩ ૦ ૦
૧૫,૦૦૦ „ ૨૦,૦૦૦ „	૧૨ ૦ ૦	૬ ૦ ૦	૪ ૦ ૦
૨૦,૦૦૦ „ ૨૫,૦૦૦ „	૧૫ ૦ ૦	૭ ૮ ૦	૫ ૦ ૦
૨૫,૦૦૦ „ ૩૦,૦૦૦ „	૧૮ ૦ ૦	૯ ૦ ૦	૬ ૦ ૦
અને ૩૦,૦૦૦ રૂપિયા ઉપરના દર ૧૦,૦૦૦ રૂપિયે અથવા ૧૦,૦૦૦ રૂપિયાના ભાગે.	૬ ૦ ૦	૩ ૦ ૦	૨ ૦ ૦
(ક) તારીખ પછી અથવા જોયાપછી એક વર્ષ કરતાં વધારે મુદ્દતે પગાર કરવાનું હોય ત્યારે.	તે રકમના બાંડઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.		

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
૧૪. **બિલ ઑફ લેડિંગ** (એમાંથુ બિલ ઑફ લેડિંગનો સમાવેશ થાય છે.),...	ચાર આના. **ટીપ.**—જો બિલ ઑફ લેડિંગ કટકેકટકે લખ્યુ હશે તો તે બદલનો યોગ્ય સ્ટાંપ સેટમાંના દરેક ભાગ ઉપર હોવો જોઇયે.
માફી.	
(અ) જ્યારે બિલ ઑફ લેડિંગમાં લખેલો માલ સન ૧૮૮૯ ના હિંદુસ્તાનના બંદરો બાબતના અકટમાં કરેલી વ્યાખ્યા પ્રમાણેના કોઈ પણ બંદરની હદમાંહેની કોઇપણ જગાએ લીધો હશે અને તેજ બંદરની હદમાંહેની બીજી કોઇપણ જગાએ સ્વાધીન કરવાનો હશે ત્યારે તે.	
(બ) જ્યારે બિલ ઑપ લેડિંગ બ્રિટિશ હિંદુસ્તાનની બાહાર કર્યું હશે અને બ્રિટશ હિંદુસ્તાનમાં સ્વાધીન કરવાની મિલકત બાબતનું હશે ત્યારે તે.	
૧૫ **બાંડ** (કલમ ૨ (૫) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું), ડિબેંચર (નંબર ૨૭) ન હોય એવું, તથા જે બાબત આ આકટમાં અથવા સન ૧૮૭૦ ના કોર્ટની ફીના આકટમાં બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવું.—	
તેની રકમ અથવા કિંમત ૧૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે.	બે આના.
તે ૧૦ રૂપિયા કરતાં વધારે હોય પણ ૫૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે...	ચાર આના.
એજન ૫૦ રૂ. એજન. ૧૦૦ „	આઠ આના.
„ ૧૦૦ „ ૨૦૦ „	એક રૂપિઓ.
„ ૨૦૦ „ ૩૦૦ „	એક રૂપિયો આઠ આના,
„ ૩૦૦ „ ૪૦૦ „	બે રૂપિયા.
„ ૪૦૦ „ ૫૦૦ „	બે રૂપિયા આઠ આના.
„ ૫૦૦ „ ૬૦૦ „	ત્રણ રૂપિયા.
„ ૬૦૦ „ ૭૦૦ „	ત્રણ રૂપિયા આઠ આના.
„ ૭૦૦ „ ૮૦૦ „	ચાર રૂપિયા.
„ ૮૦૦ „ ૯૦૦ „	ચાર રૂપિયા આઠ આના.
„ ૯૦૦ „ ૧૦૦૦ „	પાંચ રૂપિયા.

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
અને ૧૦૦૦ રૂપિયા ઉપરના દર ૫૦૦ રૂપિયે અથવા ૫૦૦ રૂપિયાના કોઇપણ ભાગે.	બે રૂપિયા આઠ આના.
આડમિનિસ્ટ્રેશન બાંડ (નં. ૨), બાટમરી બાંડ (નં. ૧૬), કસ્ટમ્સ બાંડ (નં. ૨૬), ઇંડેમનિટી બાંડ (નં. ૩૪), રિસ્પાંડેનસિયા બાંડ (નં. ૫૬). સિકયુરીટી બાંડ (નં. ૫૭) જુઓ.	
માફી	
જ્યારે બાંડ—	
(અ) સન ૧૮૭૬ ના બંગાળાના ઇરિગેશન બાબતના આકટની ૯૯ મી કલમ મુજબ કરેલી કાનુનો પ્રમાણે નિમેલા મુખીઓએ તે આકટ પ્રમાણે પોતાનું કર્તવ્ય કર્મ યોગ્ય રીતે કરવા સારૂ કર્યું હોય ત્યારે તે;	
(બ) કોઇપણ માણસે ધર્મના દવાખાના અથવા આસપિટલ અથવા લોકોપયોગી બીજાં કોઇપણ કામસારૂ ખાનગી ઉઘરાણાની સ્થાનિક ઉપજ દર મહિને અમુક રકમ કરતાં કમી થશે નહિ એવી હામી આપવાસારૂ,	
કર્યું હોય ત્યારે તે.	
૧૬. **બાટમરી બાંડ,** એટલે, સમુદ્રમાં જનારા વહાણનો માસ્તર પોતાનું વહાણ સહી સલામત રાખી શકે એટલા માટે અથવા તે આગળ સફરે જઇ શકે એટલા માટે તે વહાણના તારણ ઉપર જે લેખ ઉપરથી પૈસા કરજે કહાડે છે તે લેખ	તેટલીજ રકમ બદલના બાંડઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
૧૭. **રદ કરવાનો લેખ,** અગાઉ કરી આપેલો કોઇપણ લેખ જે ઉપરથી રદ કર્યો હોય તે સુદ્ધાં, જો તે ઉપર સાખ કરી હોય તથા તે બાબત બીજી રીતે ઠરાવ કર્યો ન હોય તો	પાંચ રૂપિયા.
શરણગતી (નં. ૫૫), વ્યવસ્થાપત્ર રદ કરવાનો લેખ (નં. ૫૮ **બ**), લીસ છોડી દેવાનો દસ્તાવેજ (નં. ૬૧), ટ્રસ્ટ રદ કરવાનો લેખ (નં ૬૪ **બ**) પણ જુઓ.	
૧૮. **વેચાણનો દાખલો** (જુદા જુદા લાટમાં હરાજ કરીને વેચેલી દરેક મિલકત બાબતનો), દિવાની અથવા રેવેન્યુ કોર્ટે અથવા કલેકટરે અથવા બીજા કોઇ રેવેન્યુ આફીસરે જાહેર લીલામ કરીને વેચેલી કોઇપણ મિલકતના ખરીદદારને આપેલો—	
(અ) ખરીદીના પૈસા ૧૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે...	બે આના.
(બ) ,, ૧૦ રૂપિયા કરતાં વધારે હોય પણ ૨૫ રૂપિયાથી વધારે ન હોય ત્યારે.	ચાર આના.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી
(ક) બીજે કોઇ પણ પ્રસંગે	ખરીદીના પૈસાની રકમ જેટલાજ અવેજ બદલના કન્વેયન્સઉપર (નં. ૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
૧૯. **દાખલો અથવા બીજો દસ્તાવેજ,** તેના ધારણ કરનારનો અથવા કોઇપણ બીજા માણસનો, કોઇપણ સંસ્થાપિત કંપની માંહેના અથવા બીજી એકવ્યક્તિભૂત મંડળી માંહેના અથવા કોઇપણ સંસ્થાપિત મંડળીના અથવા બીજીએક વ્યક્તિભૂત મંડળીના કોઇ પણ શેરો વિશે, સ્ક્રિપવિશે (ભંડોળના ભાગના દાખલા વિશે) અથવ સ્ટાક(ભંડોળ) વિશે હક અથવા સત્તાધિકારછે એવું, અથવા એવી કંપની માંહેના અથવા મંડળી માંહેના અથવા એવી કંપનીના અથવા મંડળીના શેરોનો, સ્ક્રિપનો અથવા સ્ટૉકનો ધણી થવાનો હક અથવા સત્તાધિકાર છે એવું દર્શાવનારો	એક આનો.
શેરોનો લેટર ઑફ્ અલાટમેંટ (નં ૩૬) પણ જુઓ).	
૨૦ **ચાર્ટર પાર્ટી**, એટલે, વહાણ અથવા તેનો કોઇપણ નિર્દિષ્ટ કરેલો મુખ્ય ભાગ, નોરે માંડનારનાં (ચાર્ટરરનાં) નિર્દિષ્ટ કરેલાં કારણ સારૂ જે લેખ ઉપરથી નોરે આપ્યો હશે તે લેખ (પાગડુ બાંધીને લઇ જનારી આગબોટ ભાડે લેવાની કબુલાત શિવાય), પછી તેમાં શિક્ષા બદલ ઠરાવ હોય અથવા ન હોય.	એક રૂપીયો.
૨૧. **ચેક** [કલમ ૨ (૭) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો]	એક આનો.
૨૨. **તોડજોડનું ખત,** એટલે, જે લેખ કોઇ દેણદારે કરી આપ્યો હોય અને જે ઉપરથી તે પોતાની મિલકત પોતાના લેણદારના હિતસારૂ કન્વેકરી આપે છે, અથવા જે ઉપરથી તે લેણદારોના લેણાની તોડજોડનો અવેજ અથવા વહેંચણી તેઓને મળવાનો બંદોબસ્ત કરવામાં આવે છે, અથવા તે દેણદારનું કામ ઇન્સ્પેકટરોની દેખરેખ હેઠળ અથવા લેટર્સ આફ્ લૈસેન્સપ્રમાણે તેના લેહેણદારોના હિતસારૂ ચલાવવા વિશે જે ઉપરથી ઠરાવેલું હોય છે તે લેખ ...	દશ રૂપિયા.
૨૩. **કન્વેયન્સ** [કલમ ૨ (૧૦) માં વ્યાખ્યા કર્યા પ્રકારનું], જે બદલ ૬૨ મા નંબર મુજબ ડ્યુટી કહી હોય અથવા માફી આપી હોય એવી તબદીલી ન હોય એવું—	
એવા કન્વેયન્સના અવેજની જે રકમ અથવા કિંમત તેમાં લખી હોય તે ૫૦ રૂપિયા કરતાં વધારે ન હોય તો	આઠ આના.
તે ૫૦ રૂપિયા કરતાં વધારે હોય પણ ૧૦૦ રૂપિયાથી વધારે ન હોય તો	એક રૂપિયો.
,, ૧૦૦ ,, ૨૦૦ ,,	બે રૂપિયા.
,, ૨૦૦ ,, ૩૦૦ ,,	ત્રણ રૂપીયા.

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
,, ૩૦૦ ,, ૪૦૦ ,,	ચાર રૂપિયા.
,, ૪૦૦ ,, ૫૦૦ ,,	પાંચ રૂપિયા.
,, ૫૦૦ ,, ૬૦૦ ,,	છ રૂપિયા.
,, ૬૦૦ ,, ૭૦૦ ,,	સાત રૂપિયા.
,, ૭૦૦ ,, ૮૦૦ ,,	આઠ રૂપિયા.
,, ૮૦૦ ,, ૯૦૦ ,,	નવ રૂપિયા.
,, ૯૦૦ ,, ૧૦૦૦ ,,	દશ રૂપિયા.
અને ૧૦૦૦ રૂપિયાઉપરના દર ૫૦૦ રૂપીયે અથવા તેના કોઇપણ ભાગે	પાંચ રૂપિયા.
માફી.	
સન ૧૮૪૭ના હિંદુસ્તાનના ગ્રંથ સ્વામિત્વ બાબતના (કાપીરાઇટના) આકટની ૫ મી કલમ મુજબ મજકુર દાખલ કરીને ગ્રંથ સ્વામિત્વ સોંપી દેવાનો લેખ.	
સહુ પંત્યાળાનું ખત-પંત્યાળુ (નં. ૪૬) જુઓ.	
૨૪ **નકલ અથવા ઉતારો,** જે ખરી નકલ અથવા ઉતારો હોવા બદલ કોઇપણ સરકારી અમલદારે અથવા તેના હુકમ ઉપરથી સહી કરી હોય અને જે કોર્ટની ફીનો જે કાયદો વિદ્યમાનકાળે અમલમાં હોય તે કાયદા મુજબ ફી પડવાજોગ નહિ હશે તે—	
(૧) જો તેનો અસલ ડયુટી પડવાજોગ નહિ હશે અથવા તે ઉપર પડવાજોગ ડયુટી એક રૂપિયા કરતાં વધારે નહિ હશે તો	આઠ આના.
(૨) બીજે કોઇપણ પ્રસંગે	એક રૂપિયો.
માફી.	
(અ) કોઇપણ કાગળની નકલ, જે કોઇપણ સરકારી કચેરીના દફતરમાં રાખવાસારૂ અથવા કોઇપણ સરકારી કામસારૂ કોઇપણ સરકારી અમલદારે કરવાની અથવા આપવાની જરૂર છે એમ કાયદામાં સ્પષ્ટપણે કહ્યું હોય તે.	
(બ) નકલો—	
(૧) સન ૧૮૮૬ના જન્મ, મરણ તથા લગ્ન નોંધવાના આકટની ૮ મી કલમની રૂએ આપેલી રજીસ્ટરોમાંની દાખલાવાળી નકલોમાંની નોંધોની;	
(૨) સદરહુ આકટની ૨૫ મી કલમનીરૂએ જન્મ તથા મરણના કોઇપણ રજિસ્ટ્રારે આપેલી રજીસ્ટર બુકમાંની નોંધોની, અથવા	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
(૩) કોઇ સોલજરે, સેલરે, અથવા વગર સનદી અથવા નાના અમલદારે માગ્યા ઉપરથી સદરહુ આકટની ૩૫ મી કલમની રૂયે આપેલી રજિસ્ટરોમાંની તથા દફ્તરોમાંની નોંધોની.	
(૬) સરકારી ચાપ્લેન, સબસીડાઇઝડ અથવા અન સબસીડાઇઝડ (પૈસાની મદદ જેઓને મળતી ન હોય અથવા મળતી હોય એવા) પાદ્રીઓના અને ડાયેસેશનના અથવા લગ્નોના રજિસ્ટ્રારોના દાખલાવાળી, સોલજર, સેલર અથવા વગર સનદી અથવા નાના અમલદારોને આપેલી બાપ્તિસ્મા સંબંધી અથવા લગ્નસંબંધી અથવા દફન સંબંધી રજિસ્ટરોમાંની નકલો અથવા તેમાંના ઉતારા.	
૨૫ **સામોલેખ અથવા ડુપ્લિકેટ**, ડ્યુટી પડવાજોગ હશે એવા અને જે બાબત યોગ્ય ડ્યુટી આપી હશે એવા કોઇપણ લેખનો,—	
(અ) અસલ લેખ ઉપર જે ડ્યુટી પડવાજોગ હોય તે એક રૂપીયા કરતાં વધારે ન હોય તો:	અસલ લેખ ઉપર જેટલી ડ્યુટી પડવા જોગ હશે તેટલી ડ્યુટી.
(બ) બીજે કોઇપણ પ્રસંગે ... ... —	એક રૂપીયો.
માફી.	
ખેડુતને આપેલા જે કોઇપણ લીસની ડ્યુટી માફ હશે તેનો સામોલેખ.	
૨૬. **કસ્ટમ્સ બાંડ**:—	
(અ) રકમ ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	એટલીજ રકમના બાંડઉપર (નં. ૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી ડ્યુટી.
(બ) બીજે કોઇપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
૨૭. **ડિબેંચર** (ગીરો બાબત હોય અથવા ન હોય), સ્વાધીન કરીને અથવા શેરો લખીને અથવા તબદીલીનો જુદો લેખ કરીને તબદીલ કરવાજોગ અને બજારમાં વેચવા લાયક સિક્યુરીટી હોયતે.	તેટલીજ રકમના બાંડ ઉપર (નં ૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
ખુલાસો.—ડિબેંચર આ શબ્દમાં ડિબેંચરને જોડેલા કોઇપણ વ્યાજના કુંપનોનો સમાવેશ થાય છે, પણ ડ્યુટી આકારતી વખતે આવા કુંપનોની રકમ ગણવી નહીં.	
માફી.	
જે નોંધેલા ગીરોખત ઉપર તેની રૂયે કાહાડવાનાં ડિબેંચરોની પુરી રકમ બદલ યોગ્ય સ્ટાંપ હોય તથા જેને યોગે કોઇ સંસ્થાપિત કંપની અથવા એકવ્યક્તિભૂત મંડળી ડિબેંચરો ધારણ કરનારાઓના હિતસારૂ પોતાની મિલકત સર્વાંશે અથવા કાંઇ અંશે ટ્રસ્ટી	

પરિશિષ્ટ ૧ લું.—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
ઓને સ્વાધીન કરે છે તે ગીરોખતના મચકુર પ્રમાણે તે કરજ કાઢનારી કંપનીએ અથવા મંડળીએ કાહાડેલું ડિબેચર: પણ એવું ઠરાવ્યું છે કે એવા કહાડેલાં ડિબેંચરો સદરહુ ગીરોખતના મચકુર પ્રમાણે કાહાડેલાં છે એવું નિર્દિષ્ટ કરેલું હોવું જોઇએ.	
વળી બાંડ (નં. ૧૫) તથા કલમો ૮ અને ૫૫ જુઓ.	
કોઇપણ ટ્રસ્ટ બાબત જ્ઞાપન—ટ્રસ્ટ (નં. ૬૪) જુઓ.	
૨૮. **માલ બાબતનો ડિલિવરી આરડર**, એટલે, કોઇપણ ગોદીમાં અથવા બંદરમાં હોય તેવો અથવા જે વખારમાં માલ ભાડે ભરી રાખવામાં આવે છે તે વખારમાં હોય તેવો અથવા કોઇપણ ડક્કા ઉપર હોય તેવો માલ લેવાનો હક્ક જે લેખ ઉપરથી તે લેખમાં લખેલા માણસને અથવા તેના આસૈનને અથવા તે લેખ ધારણ કરનારને મળે છે, અને જે ઉપર, તે માલ ઉપરનું સ્વામિત્વ વેચવાના અથવા તબદીલ કરવાના પ્રસંગે તે માલના માલેકે અથવા તેની તરફથી સહી કરી હશે એવો લેખ, તે માલની કિંમત વીસ રૂપીયા કરતાં વધારે હોય ત્યારે	એક આનો.
સત્તાધિકારના ખત (ટાઇટલ ડીડસ) અનામત મુકવાનો દસ્તાવેજ.—રાસ્તગીરો બાબત કબુલાત (નં. ૬.) જુઓ.	
પંત્યાળું તોડવાનો લેખ—પંત્યાળુ (નં. ૪૬) જુઓ:	
૨૯ **છુટાછેડા બાબતનો લેખ**, એટલે, જે લેખ ઉપરથી કોઇપણ માણસ પોતાનો વિવાહસંબંધ તોડે છે તે	એક રૂપિયો.
સ્ત્રીધન બાબત લેખ. વ્યવસ્થા પત્ર (નં. ૫૮) જુઓ.	
ડુપ્લિકેટ.—સામો લેખ (નં. ૨૫) જુઓ.	
૩૦. **સનદ** ઉપરથી અથવા સન ૧૮૮૪ ના કાયદાના હિમાયતીઓ બાબતના આક્ટ ઉપરથી કોઇપણ **હૈ કોર્ટને** આપેલો અધિકાર ચલાવીને તે કોર્ટની યાદીમાં **આડવોકેટ, વકીલ અથવા આટર્ની** તરીકે કરેલી નોંધ—	
(અ) આડવોકેટ અથવા વકીલની બાબતમાં	પાંચસો રૂપિયા.
(બ) અટર્નીની બાબતમાં	બસો પચાસ રૂપિયા.
માફી.	
કોઇ **હૈ કોર્ટની** યાદીમાં જેનું નામ અગાઉ દાખલ થયું હોય તેની	

પરિશિષ્ટ ૧ લું--ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
એવા આડવોકેટ, વકીલ અથવા એટર્ની તરીકે કોઇપણ હૈ કોર્ટની યાદીમાં કરેલી નોંધ.	
રાસ્ત ગીરો.--રાસ્ત ગીરો દાખલ કબુલાત (નં. ૬) જુઓ.	
૩૧. **મિલકત અદલબદલ કરવા બાબતનો લેખ**	તે લેખમાં વત્તામાંવત્તી કિંમતની જે મિલકત લખી હશે તેની કિંમતના જેટલા અવેજના કન્વેયન્સઉપર (નં. ૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
ઉતારો.--નકલ (નં. ૨૪) જુઓ	
૩૨. **વધારે બોજા બદલનો લેખ**, એટલે, ગીરો મિલકત ઉપર વધારે બોજો નાખવા વિશેનો કોઇપણ લેખ—	
(અ) જ્યારે અસલ ગીરો ૪૦ મા નંબરની (અ) રકમમાં કહેલા પ્રકારનું (એટલે કબજાસાથેનું) હશે ત્યારેઃ	તે લેખ ઉપરથી નાંખેલા વધારે બોજાની રકમ જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (નંબર ૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
(બ) જ્યારે એવું ગીરો ૪૦ મા નંબરની (બ) રકમમાં કહેલા પ્રકારનું (એટલે કબજાસિવાયનું) હશે ત્યારે—	
(૧) વધારે બોજા બદલનો લેખ કરી આપતી વખતે મિલકતનો કબજો તે લેખ મુજબ આપ્યો હોય અથવા આપવાનું કબુલ કર્યું હોય તો.	એવા બોજાની (અસલ ગીરો તથા અગાઉના કોઇ વધારે બોજા સુદ્ધાં) એકંદર રકમ જેટલા અવેજના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડ્યુટી પડે છે. તેટલી ડ્યુટીમાંથી તે અસલગીરો ઉપર તથા વધારે બોજા ઉપર અગાઉથીજ આપેલી ડ્યુટી બાદ કરીને જે રહે તે.
(૨) કબજો ઉપર કહ્યા પ્રમાણે આપ્યો ન હોય તો	તે લેખ ઉપરથી નાંખેલા વધારેના બોજાની રકમના બોંડ ઉપર (નં. ૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
૩૩. **બક્ષિસપત્ર**--વ્યવસ્થાપત્ર (નં. ૫૮) અથવા મૃત્યુપત્ર અથવા તબદીલી (નં. ૬૨) ન હોય એવું.	તે લેખમાં લખેલી મિલકતની કિંમત જેટલા અવેજના કન્વેયન્સઉપર(નં. ૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.

પરિશિષ્ટ ૧ લું.—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
ભાડે રાખવા બદલ કબુલાત અથવા નોકરી બદલ કબુલાત.–કબુલાત (નં.૫) જુઓ.	
૩૪. **ઈન્ડેમનીટી બાંડ.**	તેટલીજ રકમના જામીન ખતઉપર (નં.૫૭) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
ઇન્સ્પેકટર શિપડીડ.—તોડ જોડનું ખત (નં.૨૨) જુઓ......	
વિમા.—વિમાની પાલિસી (નં.૪૭) જુઓ.	
૩૫. **લીસ**, એમાં અંડર લીસનો અથવા પેટા લીસનો તથા ભાડે અથવા પેટા ભાડે આપવાની કોઇપણ કબુલાતનો સમાવેશ થાય છે—	
(અ) તે લીસ ઉપરથી ભાડુ ઠરાવ્યું હશે અને કાંઇપણ પ્રિમિયમ આપ્યું અથવા સ્વાધીન કર્યું ન હશે ત્યારે—	
(૧) તે લીસ એક વર્ષ કરતાં ઓછી મુદતનું છે એમ દેખાતું હશે ત્યારે;	તે લીસ મુજબ જેરકમ આપવાની અથવા સ્વાધીન કરવાની હોય તે સઘળી રકમ બદલના બાંડ ઉપર (નં.૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
(૨) તે લીસ એક વર્ષ કરતાં ઓછી નહિ પણ ત્રણ વર્ષ કરતાં વધારે નહિ એવી મુદતનું દેખાતું હશે ત્યારે;	ઠરાવેલા સરાસરી વાર્ષિક ભાડાની રકમ અથવા કિંમત બદલના બાંડ ઉપર(નં.૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
(૩) તે લીસ ત્રણ વર્ષ કરતાં વધારે મુદતનું દેખાતું હશે ત્યારે;	ઠરાવેલા સરાસરી વાર્ષિક ભાડાની રકમ જેટલા અથવા કિંમત જેટલા અવેજ બદલના કન્વેયન્સ ઉપર(નં.૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
(૪) તે લીસ કોઇપણ નિયમિત મુદતનું દેખાતું ન હોય ત્યારે;	જો લીસ પહેલા દશ વર્ષ સુધી ચાલે તો તે માટે જે સરાસરી વાર્ષિક ભાડુ આપવામાં અથવા સ્વાધીન કરવામાં આવે તેની રકમ જેટલા અથવા કિંમત જેટલા અવેજમાટેના કન્વેયન્સ ઉપર (નં.૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(૫) તે લીસ હમેશનું દેખાતું હોય ત્યારે;	તે લીસના પહેલા પચાસ વર્ષ બદલ જે ભાડું આપવામાં અથવા સ્વાધીન કરવામાં આવે તેની સઘળી રકમના એક પંચમાંશ જેટલા અવેજ બદલના કન્વયન્સ ઉપર (નં.૨૩)જેટલી ડયુટી પડેછે તેટલી.
(ખ) ફાઇન અથવા પ્રિમિયમ સારૂ અથવા ધીરેલા પૈસા સારૂ લીસ આપ્યું હશે અને ભાડા બદલ ઠરાવ લખ્યો નહિ હશે ત્યારે.;	તે લીસમાં તે ફાઇનની અથવા પ્રિમિયમની અથવા ધીરેલા પૈસાની રકમ અથવા કિંમત લખી હશે તેટલી રકમ અથવા કિંમત જેટલા અવેજ માટેના કન્વેયન્સઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(ક) ફાઇન અથવા પ્રિમિયમ સારૂ અથવા ધીરેલા પૈસા સારૂ લીસ આપ્યું હશે અને વળી તેમાં ભાડા બદલ ઠરાવ લખ્યો હશે ત્યારે.	એવું ફૈન અથવા પ્રિમિયમ અથવા એવા પૈસા આપ્યા ન હોય અથવા સ્વાધીન કર્યા ન હોય તો તે લીસ ઉપર જે ડયુટી પડે તેઅનેતેઉપરાંત તે લીસમાં તે ફૈનની અથવા પ્રિમિયમની અથવા પૈસાની જે રકમ અથવા કિમત લખી હશે તેટલી રકમ અથવા કિંમત જેટલા અવેજ માટેના કન્વેયન્સને ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી. પણ એવું ઠરાવ્યું છે કે કિંમત પ્રમાણે લીસ ઉપર જે સ્ટાંપની જરૂર હોય તેટલો સ્ટાંપ લીસ કરી આપવા વિશેની કબુલાતને માર્યો હશે અને તે કબુલાત પ્રમાણે પછીથી તે લીસ કરી આપવામાં આવ્યું હશે,ત્યારે તે લીસ ઉપરની ડયુટી આઠ આનાથી વધારે હોવી જોઇયે નહિ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
માફી.	
(અ) કોઇપણ ખેડુતની બાબતમાં તથા ખેતીના કારણસારૂ, કાંઇપણ ફ્રાઇન અથવા પ્રિમિયમ આપ્યા સિવાય અથવા સ્વાધિન કર્યા સિવાય કરી આપેલું લીસ (એમાં ખાવાના અથવા પીવાના પદાર્થ ઉત્પન્ન કરવા બાબતના ઝાડના લીસનો સમાવેશ થાય છે), જ્યારે નિયમિત મુદત લખી હોય અને તે મુદત એક વર્ષથી વધારે ન હોય ત્યારે, અથવા જ્યારે ઠરાવેલું સરાસરી વાર્ષિક ભાડું સો રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે;	
(બ) સન ૧૮૭૫ ના બ્રમ્હદેશના માછલી મારવાની જગા બાબતના આકટ મુજબ અથવા સન ૧૮૮૯ ના ઉત્તર બ્રમ્હદેશના તથા જમીન મેહેસુલ બાબતના કાયદા મુજબ આપેલું માછલી મારવાની જગાનું લીસ.	
૩૬. કોઇપણ કંપની માંહેના અથવા કરવા ધારેલી કંપની માંહેના શેરોનો, અથવા કોઇ પણ કંપનીએ અથવા કરવા ધારેલી કંપનીએ કહાડવાના લોન બાબતના શેરોનો **લેટર ઑફ એલૉટ્‌મેન્ટ** [**શેરો** વહેંચો આપવાનું પત્ર].	એક આનો.
દાખલો અથવા બીજો દસ્તાવેજ—(નં. ૧૯) જુઓ.	
૩૭. **ભલામણ પત્ર**, એટલે, જે કોઇ લેખ ઉપરથી એક માણસ બીજા માણસને, જે માણસ સારૂ તે લેખ લખ્યો હશે તેને ઉધાર આપવાનો અધિકાર આપે છે તે લેખ.	એક આનો.
લેટર આફ ગ્યારંટી—કબુલાત (નં. ૫) જુઓ.	
૩૮. **લેટર આફ લૈસેન્સ**, એટલે, લેણદારે પોતાનાં માંગણાં અમુક મુદતસુધી મોકુફ રાખવા અને દેણદારને પોતાની નજરમાં આવે તેમ તેનું કામ ચલાવવા દેવું એવી રીતની દેણદાર અને તેના લેણદાર વચ્ચે થયેલી કોઇપણ કબુલાત.	દસ રૂપીયા.
૩૯. **કંપનીનું મેમોરેંડમ આફ એસોશિયેશન**—	
(અ) તેની સાથે સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપનીના આકટની ૩૭ મી કલમ મુજબ આપેલી આર્ટિકલ્સ આફ એસોસિયેશન હોય તો	પંદર રૂપીયા.
(બ) તેની સાથે તે આર્ટિકલ્સ ન હોય તો	ચાળીસ રૂપિયા.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
માફી.	
જે એસોસિયેશન ફાયદાસારૂ સ્થાપેલી ન હોય અને જે સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપનીના આક્ટની ૨૬ મી કલમ મુજબ રજિસ્ટર કરેલી હોય એવી કોઇપણ એસોસિયેશનનું મેમોરેંડમ.	
૪૦. **ગીરોખત,** જે ગીરો બાબત કબુલાત (નં. ૬), બાટમરી બાંડ (નં. ૧૬), પાકનું ગીરો (નં. ૪૧), રિસ્પાંડેન્ટશિયા બાંડ (નં. ૫૬), અથવા જામીન ખત (નં. ૫૭) ન હોય તે—	
(અ) તે ખતમાં લખેલી મિલકતનો અથવા તે મિલકતના કોઇપણ ભાગનો કબજો ગીરો મુકનારે આપ્યો હશે અથવા આપવાની કબુલાત કરી હશે ત્યારે.	તે ખતની રકમ જેટલા અવેજના કન્વેયન્સઉપર (નં ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(બ) તે કરતી વખતે સદરહુ પ્રમાણે કબજો આપ્યો ન હોય અથવા આપવાની કબુલાત કરી ન હોય ત્યારે.	તે ખતની રકમનાં બાંડઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.
ખુલાસો.—જે કોઇ ગીરો મુકનાર ગીરો રાખનારને ભાડું વસુલ કરવાસારૂ મુખત્યારનામું અથવા ગીરો મુકેલી મિલકતનું અથવા તેના ભાગનું લીસ આપતો હોય તે આ નંબરના અર્થ મુજબ કબજો આપે છે એમ સમજવું.	
(ક) તે ખત પેટાતારણ અથવા મદદગારી તારણ અથવ વધારે તારણ અથવા બદલે આપેલું તારણ હોય અથવા તે સદરહુ કારણસાર વિશેષ બંદોબસ્ત કરવાના હેતુથી કરેલું હોય, અને મુખ્ય અથવા મુળ તારણખત ઉપર યોગ્ય સ્ટાંપ લગાડેલો હોય ત્યારે—	
૧૦૦૦ રૂપિયા કરતાં વધારે નહિ એવી દરેક રકમે	આઠ આના.
અને ૧૦૦૦ રૂપિયા ઉપરાંત દર ૧૦૦૦ રૂપિયે અથવા તેના ભાગે	આઠ આના.
માફી.	
(૧) સન ૧૮૮૩ ના જમીન સુધારાવા બાબતના કરજના આક્ટ મુજબ અથવા સન ૧૮૮૪ ના ખેડુતોને કરજ આપવા બાબતના આક્ટ મુજબ તગાવી લેનાર માણસોએ અથવા તે માણસોના જામીનોએ તે તગાવી ખેડવાસારૂ તારણ દાખલ કરી આપેલો લેખ.	
(૨) બિલ આફ એકસચેંજ સાથે હોય એવો લેટર આફ હેપાથીકેશન.	

પરિશિષ્ટ ૧ —ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
(૩) માલ ગીરો મુકવાનો લેખ, તે ઉપર સાખ કરી ન હોય તો.	
૪૧. **પાકનું ગીરોખત,** એમાં, કોઇ પાક ગીરો મુકીને, પછી તે પાક એપ્રમાણે ગીરો મુકતી વખતે વિદ્યમાન હોય કે નહિ હોય, એવા ગીરો ઉપર ધીરેલું કરજ અદા કરવાના બંદોબસ્ત સારૂ કરેલી કબુલત દરશાવનારા કોઇપણ લેખનો સમાવેશ થાય છે—	
(અ) એવું કરજે ધીરેલું નાણું તે લેખની તારીખથી ત્રણ મહિના કરતાં વધારે નહિ હોય એવી મુદતની અંદર પાછું આપવાનું હોય ત્યારે—	
૨૦૦ રૂપિયા કરતાં વધારે નહિ એવી દરેક રકમ ઉપર ...	એક આનો.
અને ૨૦૦ રૂપિયા કરતાં વધારે હોય એવી દર ૨૦૦ રૂપિયાની રકમે અથવા તેના ભાગે	એક આનો.
(બ) એવું કરજે ધીરેલું નાણું તે લેખની તારીખથી ત્રણ મહિના કરતાં વધારે પણ એક વર્ષ કરતાં વધારે ન હોય એવી મુદતની અંદર પાછું આપવાનું હોય ત્યારે—	
૧૦૦ રૂપિયા કરતાં વધારે નહિ એવી દરેક રકમે.	ચાર આના.
અને ૧૦૦ રૂપિયા કરતાં વધારે હોય એવી દર ૧૦૦ રૂપિયાની રકમે અથવા તેના ભાગે	ચાર આના.
૪૨. **નોટરિ પબ્લિકનાં લખાણ,** એટલે, પોતાના હોદ્દાનું કામ કરતી વખતે નોટરી પબ્લિકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદેસરરીતે કામ કરનાર બીજા કોઇપણ માણસે કરેલે અથવા સહી કરેલો, પ્રોટેસ્ટ (નં. ૫૦) ન હોય એવો, કોઇપણ લેખ, શેરો, ચીઠી, સાખ, દાખલો અથવા નોંધ.	એક રૂપિયો.
બિલનું અથવા ચીઠીનું પ્રોટેસ્ટ (નં. ૫૦) પણ જુઓ.	
૪૩. **ચીઠી અથવા યાદી,** પોતાના મુખ્યને ખાતે વિસ રૂપિયા કરતાં વધારે કિંમતનો કોઈપણ માલ, સ્ટાક અથવા બજારમાં વેચવા જોગ સિક્યુરિટી વેચાતી લીધાનું અથવ વેચ્યાનું જણાવવા વિશે તે મુખ્યને દલાલે અથવા એજંટે મોકલેલી—	એક આનો.
૪૪. **નોટ આફ પ્રોટેસ્ટ,** વહાણના માસ્તરે કરેલી	આઠ આના.
વહાણના માસ્તરે કરેલો પ્રોટેસ્ટ (નં. ૫૧) પણ જુઓ.	
પૈસા આપવાનો હુકમ—બિલ આફ એક્સચેંજ (નં. ૧૩) જુઓ.	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
૪૫. **વેહેંચણનો લેખ** [કલમ ૨ (૧૫) માં વ્યાખ્યા કરેલા પ્રકારનો]	મિલકતમાંથી જુદા કરેલા હિસ્સા અથવા હિસ્સાઓની કિંમતની રકમના બાંડઉપર (નં. ૧૫) જેટલી ડયુટી પડે છે તેટલી.

ટીપ,—મિલકતની વેહેંચણ થયાપછી બાકી રહેલા સર્વેથી મ્હોટા હિસ્સામાંથી (અથવા સરખી કિંમતના બે અથવા વધારે હિસ્સા હોય અને તેબીજા હિસ્સામાંના કોઇપણ હિસ્સાથી નાહાના ન હોયતો એવા સરખા હિસ્સામાંના એકમાંથી બીજા હિસ્સા જુદા કર્યા છે એમ સમજવું.

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) મિલકતના અનેક હિસ્સા કરવા બાબતની કબુલાત જેમાં હોય એવો વહેચણનો લેખ કરી આપવામાં આવ્યો હોય અને તે કબુલાત મુજબ વેહેચણ કરવામાં આવી હોય ત્યારે, આ વેહેચણના લેખ ઉપર પડવાજોગી ડયુટીમાંથી પેહેલા લેખ બદલ આપેલી ડયુટીની રકમ ઓછી કરવી જોઇયે; પણ આ બીજાલેખ ઉપરની ડયુટી આઠ આનાથી ઓછી હોવી ન જોઇયે;

(બ) ત્રીસ વર્ષ કરતાં વધારે ન હોય એવી મુદતના રેવેન્યુ ઠરાવ (સેટલમેંટ) મુજબ ધારણ કરેલી અને પુરો આકાર આપનારી જમીનની બાબતમાં, ડયુટીના કારણસારૂ કિંમત આકારવી તે, તે જમીનની વાર્ષિક મેહસુલની પાંચગણી રકમ કરતાં વધારે હોવી ન જોઇયે;

(ક) કોઇપણ રેવેન્યુ અધિકારીએ અથવા કોઈપણ દિવાની કોર્ટે વેહેચણ કરવા બાબત કરેલા આખરના હુકમને, અથવા વેહેચણ કરવાનું ફરમાવવા બાબતના લવાદના નિવાડાને, વેહેચણના લેખને જરૂર હોય તેટલો સ્ટાંપ લગાડેલો હોય અને પછી તે હુકમ મુજબ અથવા નિવાડા મુજબ વેહેંચણનો લેખ કરી આપવામાં આવે ત્યારે એવા લેખ ઉપરની ડયુટી આઠ આના કરતાં વધારે હોવી ન જોઇયે.

૪૬. **પંત્યાળું**—	
અ—પંત્યાળાનો લેખ—	
(અ) પંત્યાળાની થાપણ ૫૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	બે રૂપિયા આઠ આના.
(બ) બીજે કોઇપણ પ્રસંગે.	દશ રૂપિયા.
બ.—પંત્યાળું તોડવાનો લેખ.	પાંચ રૂપિયા.

પરિશિષ્ઠ ૧ લું—ચાલું.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
૪૭ વિમાની પાલીસી—	
અ.—સમુદ્રનો વિમો (કલમ ૭ જુઓ)—	
(૧) કોઇપણુ સફર બાબત અથવા સફર ઉપર—	
(૧) સલામતી અથવા અવેજ તે પાલિસી ઉપરથી વીમો ઉતારેલી રકમ ઉપર દરશેંકડે બે આનાના અથવાએકઅષ્ટમાંસના દર કરતાં વધારે ન હોય ત્યારે	એક આનો.
(૨) બીજી કોઇપણુ બાબતમાં, તે પાલિસીઉપરથી વિમો ઉતારેલી રકમના દર હજાર રૂપિયાની પુરી રકમ બદલ અને હજાર રૂપિયાના કોઇપણુ ભાગ બદ્દલ.	બે આના.
(૨) મુદ્દતબાબત—	
(૩) તે પાલિસીઉપરથી વિમો ઉતારેલી રકમના દર હજાર રૂપિયાની પુરી રકમબદલ અને હજાર રૂપિયાના કોઇપણુ ભાગબદલ.	
વિમો ૭ મહિના કરતાં વધારે ન હોય એવી કોઇપણુ મુદતનો ઉતાર્યો હોય ત્યારે	બે આના.
વિમો ૭ મહિના કરતાં વધારે અને બારમહિના કરતાં વધારે ન હોય એવી મુદ્દતનો ઉતાર્યો હોય ત્યારે	ચાર આના.
બ.—આગનો વિમો—	
(૧) અસલ પાલિસીની બાબતમાં—	
૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય એવી વિમો ઉતારેલી દરેક રકમે, અને તેમજ ૧૦૦૦ રૂપિયા ઉપરના દર ૧૦૦૦ રૂપિયે અથવા તેના કોઇપણુ ભાગે—	
(૧) મુદત એક મહિના કરતાં વધારે ન હોય ત્યારે	બે આના.
(૨) મુદત એક મહિના કરતાં વધારે, પણુ ત્રણુ મહિન કરતાં વધારે ન હોય ત્યારે.........	ત્રણુ આના.
(૩) મુદત ત્રણુ મહિના કરતાં વધારે, પણુ ૭ મહિના કરતાં વધારે ન હોય ત્યારે	ચાર આના.
(૪) મુદત ૭ મહિના કરતાં વધારે હોય ત્યારે ...	૭ આના.
(૨) જે પાલિસી ૭ મહિનાની અથવા તે કરતાં કાંઇપણુ ઓછી મુદ્દતની આપેલી હોઇને જે બદલ અને તે અગાઉ નવી કરી આપી હોય તો તે બદલ પાલિસી પ્રથમથીજ ૭ મહિના કરતાં વધારે મુદતની આપી હોતા તો જેટલી ડયુટી પડવા જોગી હોત તેટલી ડયુટી અગાઉથી આપી નહિ હોય એવી પાલીસી ચાલુ રાખવ	એવી નવી કરી આપેલી પાલિસી જે રકમની અને જે મુતદની હોય તે રકમ અને મુદ્દતની, અસલ પાલિસી બાબત જેટલી ડયુટી આપવી પડત તેટલી ડયુટી; અથવા

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
સારૂ નવી કરી આપવા બાબત	એવી પાલિસી પ્રથમથીજ છ મહિના કરતાં વધારે મુદતની આપી હોત તો જેટલી ડ્યુટી આપવી પડત તેના પૈકી જેટલી ડ્યુટી, એવી પાલિસી બદલ તથા એવી પાલિસી નવી કરીઆપી હોય તો તે બદલ જે ડ્યુટી અગાઉથી આપી હોય તેના કરતાં વધારે હોય તેટલી ડ્યુટી; એટલે, આ બેમાંથી જે ડ્યુટીઓછી હોય તે પડશે એમ સમજવું.
ક.—અકસ્માત તથા મંદવાડ બાબતનો વિમો—	
(અ) રેલવે ઉપરના અકસ્માત બાબત ફક્ત એકવડી મુસાફરી માટે ચાલનારો.	એક આનો.
માફી.	
કોઇપણ રેલવેમાં વચલા અથવા ત્રીજા વર્ગમાં પ્રવાસ કરનાર ઉતારૂના સંબંધમાં ઉતાર્યો હોય ત્યારે.	
(બ) બીજે કોઇપણ પ્રસંગે—કોઇપણ એકજ અકસ્માત અથવા મંદવાડ બાબત આપવાની વત્તામાં વત્તી રકમ ૧૦૦૦ રૂપિયાથી વધારે ન હોય તો તે બાબત, અને તેમજ એવી રકમ ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે હોય તો, દર ૧૦૦૦ રૂપિયા બાબત અથવા તેના ભાગબાબત	બે આના.
ડ.—જીંદગીનો વિમો અથવા જે બદલ સ્પષ્ટપણે ઠરાવ કર્યો નથી એવો બીજો વિમો, આ નંબરના ઇ ભાગમાં કહ્યા છે તેવા ફરીથી ઉતારેલા વિમા શિવાય—	
૧૦૦૦ રૂપિયા કરતાં વધારે નહિ હોય એવી વિમો ઉતારેલી દરેક રકમ બદલ અને તેમજ ૧૦૦૦ રૂપિયા ઉપર વિમા ઉતારેલા દર ૧૦૦૦ રૂપિયાબદલ અથવા તેના ભાગબદલ—	
(૧) એકજ પ્રત હોય ત્યારે.	છ આના.
(૨) બે પ્રતો હોય તો દરેક બદલ	ત્રણ આના.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
માફી.	
પોસ્ટ ખાતાના જીંદગીના વિમા બાબત હિંદુસ્તાન સરકારના અધિકારની રૂયે કરેલી કાનુનો મુજબ હિંદુસ્તાનના પોસ્ટ ઓફીસના ડાઇરેકટર જનરલે આપેલી જીંદગીના વિમાની પાલિસી.	
ઇ.—સમુદ્રના વિમાની પાલિસી અથવા આગના વિમાની પાલિસી જે વિમાની કંપનીએ આપી હોય તે કંપની, અસલ વિમા ઉપરથી ઉતારેલી રકમનો અમુક ભાગ તે વિમાના સંબંધમાં આપવાની હામી અથવા જામીનગીરી તરીકે બીજી કોઇપણ કંપનીસાથે ફરીથી વિમો ઉતરાવે ત્યારે	અસલ વિમાના સંબંધમાં આપવાની ડ્યુટીની એક ચતુર્થાંશ ડ્યુટી, પણ તે એક આનાથી ઓછી અથવા એક રૂપિયાથી વધારે હોવી જોઇયે નહીં.
સાધારણ માફી.	
વિમાની પાલિસી આપવા વિશેનો લેટર ઑફ કવર અથવા એન્ગેજમેંટ:	
પરંતુ એવું ઠરાવ્યું છે કે તે પાલિસી માટે આ આકટમાં જે સ્ટાંપ કહ્યો છે તે સ્ટાંપ લેટર ઉપર અથવા એન્ગેજમેંટ ઉપર હોયા શિવાય, તે ઉપરથી કંઇપણ દાવો કરી શકાશે નહિ, તેમજ તેમાં લખેલી પાલિસી આપવાની ફરજ પાડવા શિવાય બીજા કોઇપણ કારણસારૂ તે ચાલશે નહિ.	
૪૮ **મુખત્યારનામું** [કલમ ૨ (૨૧) માં વ્યાખ્યા કરેલા પ્રકારનું], પ્રાકસી (નંબર ૫૨) ન હોય તે,—	
(અ) એકજ વ્યવહારના સંબંધમાં એક અથવા વધારે દસ્તાવેજ નોંધાવવાનાજ કેવળ કારણસારૂ, અથવા એવા એક વધારે દસ્તાવેજ કરી આપવાનું કબુલ કરવાના કારણસાર કર્યું હશે ત્યારે.	આઠ આના.
(બ) સન ૧૮૮૨ ના પ્રેસિડેન્સી સ્માલ કૉઝ કોર્ટ આકટ મુજબ ફરિયાદોમાં અથવા ચલાવેલા કામમાં જોઇતું હશે ત્યારે ...	આઠ આના.
(ક) રકમ (અ) માં કહેલી બાબત શિવાય બીજા એકજ વ્યવહારમાં કામ કરવા સારૂ એક અથવા વધારે માણસને	

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે.	એક રૂપિયો.
(ડ) એક કરતાં વધારે વ્યવહારમાં અથવા સામાન્યતઃએકાજતે એકામતે અથવા પ્રત્યેકને કામ કરવાસારૂ પાંચ કરતાં વધારે નહિ એટલા માણુસોને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે...	પાંચ રૂપિયા.
(ધ) એક કરતાં વધારે વ્યવહારમાં અથવા સામાન્યતઃ એકાજતે એકામતે અથવા પ્રત્યેકને કામ કરવાસારૂ પાંચ કરતાં વધારે પણુ દસ કરતાં વધારે નહિ એટલા માણુસોને તે ઉપરથી અધિકાર આપવાનો હશે ત્યારે	દસ રૂપિયા.
(ધ) તે અવેજ સારૂ આપ્યુ હશે તથા તે ઉપરથી કોઇપણુ સ્થાવર મિલકત વેચવાનો અધિકાર અટર્નિને આપવાનો હશે ત્યારે	તે અવેજની રકમના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડયુટી પડે છે તેટલી.
(ગ) બીજે કોઇપણુ પ્રસંગે	અધિકાર આપેલા દરેક માણુસ દીઠ એક રૂપિયો. ટીપ.—"નોંધવું." આ શબ્દમાં, સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના નોંધવા બાબતના આક્ટની રૂયે થનારી નોંધને અનુષંગિક હોય એવા દરેક કૃત્યનો સમાવેશ થાય છે.
ખુલાસો.—એકજ પેઢીના એક કરતાં વધારે માણુસો આ નંબરના કારણુસારૂ એકજ માણુસ છે એમ સમજવું.	
૪૯. **વાયદા ચિઠ્ઠી** (કલમ ૨ (૨૨) માં વ્યાખ્યા કરેલા પ્રકારની)	પ્રસંગ પ્રમાણે, માગે એટલે અવેજ આપવા જોગ અથવા માંગે ત્યારે અવેજ આપવો એ શિવાય બીજી રીતે અવેજ આપવા જોગ બિલ ઓફ એક્સચેંજ (નં. ૧૩ (બ)) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી.
૫૦. **બિલનું અથવા ચિઠ્ઠીનું પ્રોટેસ્ટ,** એટલે બિલ ઑફ એક્સચેંજ અથવા વાયદા ચીઠી સીકારવાની ના કહેવા બદલ નો	

પરિશિષ્ટ ૧ લું.—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
ટરી પબ્લિકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદાસર રીતે કામ કરનાર બીજા કોઇ માણસે કરેલો કોઇપણ લેખી એકરાર.	એક રૂપિયો.
૫૧. **વહાણના માસ્તરનું પ્રોટેસ્ટ**, એટલે, તોટાના હિસાબની વ્યવસ્થા થવાના અથવા આવરેજની ગણતરી થવાના હેતુથી તેણે તે વહાણની સફરની વિગતનો જે કોઇપણ એકરાર લખ્યો હોય તે, અને વહાણમાં માલ ન ચઢાવ્યા બાબત અથવા વહાણમાંથી માલ ન ઉતાર્યાબાબત ચાર્ટરર અથવા કન્સૈની વિરૂદ્ધ તેણે જે એકરાર કર્યો હશે તે, જ્યારે એવા એકરાર ઉપર નોટરી પબ્લિકે અથવા નોટરી પબ્લિક તરીકે કાયદાસર રીતે કામ કરનાર બીજા માણસે સાખ કરી હશે અથવા દાખલો લખ્યો હશે ત્યારે.	
વહાણના માસ્તરે કરેલી નોટ ઓફ પ્રોટેસ્ટ (નં. ૪૪) પણ જુઓ	એક રૂપિયો.
૫૨. **પ્રાક્સી** [મત આપવાનો અધિકાર પત્ર] જિલ્લા અથવા સ્થાનિક બોર્ડના અથવા મ્યુનિસિપલ કમિશનરોની મંડળીના સભાસદોની કોઇપણ એક ચુંટણીમાં, અથવા (અ) જે સંસ્થાપિત અથવા એકવ્યક્તિભુત મંડળીના સ્ટાકના અથવા ફંડના શેર કર્યા હશે અને તે તબદીલ કરી અપાતાં હશે તેના સભાસદોની (બ) સ્થાનિક અધિકારીઓની, અથવા (ક) કોઇપણ સંસ્થાના પ્રોપ્રૈટરોની (માલિકોની) અથવા સભાસદોની, અથવા તેના ફંડોના વર્ગણીદારોની કોઇપણ એક સભામાં મત આપવાનો અધિકાર કોઇપણ માણસને આપવા વિષેનો	એક આનો.
૫૩. **પહોંચ** [કલમ ૨ (૨૩) માં વ્યાખ્યા કરેલા પ્રકારની], જે કંઇ પણ નાણાંની અથવા બીજી મિલકતની રકમ અથવા કિંમત વીસ રૂપિયા કરતાં વધારે હોય તેની...	એક આનો.

માફી.

પહોંચ—

(અ) યોગ્ય સ્ટાંપવાળા, અથવા ત્રીજી કલમમાંહેના વિશેષ ઠરાવ મુજબ માફી હોય એવા (સરકારની તરફથી કરી આપેલા લેખ) કોઇપણ લેખમાં લખેલા અવેજનો પૈસો પહોંચ્યાનું, અથવા તે લેખમાં લખેલા કોઇપણ મુદ્દલ પૈસા, વ્યાજ અથવા વર્ષાસન, અથવા મુદતે મુદતે આપવાનો બીજો અવેજ પોહોચ્યાનું, કબુલ કરવા

પરિશિષ્ટ ૧લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
બાબતની તે લેખની પાછળ અથવા તે લેખમાં લખેલી; (બ) અવેજ વગર કંઇપણ પૈસા આપ્યા બદલની; (ક) સરકારી મેહેસુલનો આકાર ઠેરવ્યો હોય એવી જમીનબાબત અથવા (મદ્રાસ અને મુંબઇ ઇલાકામાં) ઇનામ જમીન બાબત ખેડુતોએ કંઇપણ ગણોત આપ્યા બદલની; (ડ) મલિકા માઆઝમાના લશ્કરમાંહેના અથવા મલિકા માઆઝમાના હિંદુસ્તાનના લશ્કરમાંહેના બિન સનદી અમલદારો અથવા સિપાઇઓ જ્યારે તેઓ અમલદાર દાખલ અથવા સિપાઇ દાખલ ચાકરી કરતા હશે ત્યારે તેઓએ અથવા પોલીસ સ્વારોએ (મૌન્ટેડ પોલીસ કાન્સ્ટેબલોએ) પગાર અથવા નિમણૂક પોહોચ્યાબદલ આપેલી; (ઇ) ફેમિલી સર્ટિફિકેટો ધારણ કરનારાઓએ આપેલી: માત્ર એવા પ્રસંગે પોહોચમાંની રકમ જે માણસના પગારમાંથી અથવા નિમણૂકમાંથી સોંપી આપી હશે તે માણસ સદરહુ બે લશ્કરો પૈકી કોઇપણ એક લશ્કરનો બિન સનંદી અમલદાર હશે, અથવા સિપાઇ હશે અને સદરહુ પ્રકારના સંબંધથી ચાકરી કરતો હશે ; (ફ) જે માણસોને સદરહુ પ્રકારની બિન સનંદી અમલદારો અથવા સિપાઇઓ તરીકે તેમની ચાકરી બાબત પેન્શન અથવા નિમણૂક મળતાં હશે અને જેઓ બીજા કોઇપણ સંબંધથી સરકારની ચાકરી કરતા નહિ હશે તેમણે તે પેન્શન બદલ અથવા નિમણૂક બદલ આપેલી; (ગ) પોતે વસુલ કરેલી જમીન મેહેશુલ બદલ અથવા કરબદલ મુખીએ અથવા લંબરદારે આપેલી; (૯) કોઇપણ પેઢીવાળા પાસે પૈસા અથવા પૈસાની સિક્યુરિટી અનામત મુકી હોય અને તેનો હિસાબ આપવાનો હોય તે પૈસા બદલ અથવા સિક્યુરિટી બદલ આપેલી: પરંતુ એવું ઠરાવ્યું છે કે જે માણસને તે પૈસાનો અથવા સિક્યુરિટીનો હિસાબ આપવાનો તે માણસ શિવાય બીજા કોઇ માણસપાસેથી અથવા કોઇ માણસને હાથે તે પૈસા અથવા સિક્યુરિટી પહોંચ્યાં એવું તે પહોચમાં લખેલું ન હોવું જોઇયે :	

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
વળી એવું ઠરાવ્યું છે કે આ માંહી, કોઇપણ સંસ્થાપિત કંપની અથવા બીજી એક વ્યક્તિભૂત મંડળીના અથવા તેવી જે કંપની અથવા મંડળી સ્થાપન કરવાનું યોજ્યુંહોય અથવા ઇરાદો કર્યો હોય તેના શેર વેંહેંચી આપવાના પત્ર બદલ અથવા પત્ર ઉપરથી, અથવા તેના સ્ક્રિપના અથવા શેરના કૉલબાબત, અથવા જે ડિબેંચર બજારમાં વેચવા જોગ સિક્યુરીટી હોય તે બાબત ભરેલી અથવા અનામત મુકેલી રકમની પહોંચને અથવા પાવતીને લાગુ નથી.	
૫૪. **ગીરો મુકેલી મિલકતનું રીકન્વેયન્સ**—	
(અ) જે અવેજને માટે મિલકત ગીરો મુકી હશે તે ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય તો.	રીકન્વેયન્સમાં જે અવેજ લખ્યો હશે તેટલા અવેજની રકમના કન્વેયન્સ ઉપર (નં. ૨૩) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઇપણ પ્રસંગે...	દસ રૂપિયા.
૫૫. **ફારગતી,** એટલે, જે કોઇપણ લેખ ઉપરથી કોઇ માણસ બીજા માણસ ઉપરના અથવા કોઇપણ નિર્દિષ્ટ કરેલી મિલકત ઉપરના દાવા છોડી દે છે તે—	
(અ) દાવાની રકમ અથવા કિંમત ૧૦૦૦ રૂપિયાથી વધારે ન હોય તો	ફારગતીમાં એવી જે રકમ અથવા કિંમત લખી હશે તેના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઇપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
૫૬. **રેસ્પાંડેન્શિયા બાંડ,** એટલે, વહાણઉપર ચઢાવેલા અથવા ચઢાવવાના માલઉપર કરજે કાઢેલા પૈસાબાબત જે ઉપરથી બંદોબસ્ત કર્યો હશે અને તે માલ જે બંદરે આખર હોય તે બંદરે તે પેહોચે તો તે પૈસા પાછા આપવાનો જેમાં ઠરાવ હોય તેવો કોઇપણ લેખ	તે કરજે કાહાડેલી રકમના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડ્યુટી પડે છે. તેટલી
કોઇપણ ટ્રસ્ટ અથવા વ્યવસ્થાપત્ર રદ કરવાનો લેખ.—વ્યવસ્થા પત્ર (નં૦ ૫૮); ટ્રસ્ટ (નં. ૬૪) જુઓ.	
૫૭. **જામીન ખત અથવા ગીરો ખત,** કોઇપણ હોદ્દાનું કામ યોગ્ય રીતે કરવા વિશેના અથવા હોદ્દાના સબબથી જે પૈસા અથવા બીજી મિલકત મળે તેનો હિસાબ આપવાવિશેના તારણ	

પરિશિષ્ટ ૧ લું.—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
તરીકે કરી આપ્યું હશે તે, અથવા કરારની યોગ્ય બજાવણી થવાસારૂ જામીને કરી આપ્યું હશે તે—	
(અ) રકમ ૧૦૦૦ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	તે રકમના બાંડ ઉપર (નં. ૧૫) જેટલી ડ્યુટી પડે છે તેટલી.
(બ) બીજે કોઈ પણ પ્રસંગે	પાંચ રૂપિયા.
માફી.	
બાંડ અથવા બીજાં લેખ—	
(અ) સન ૧૮૭૬ ના બંગાળાના ઈરીગેશન આક્ટની ૯૯ મી કલમ મુજબ કરેલી કાનુનો પ્રમાણે નિમેલા મુખીઓએ તે આક્ટપ્રમાણેનું પોતાનું કામ યોગ્ય રીતે કરવાસારૂ કર્યો હોય ત્યારે:	
(બ) ધર્મના દવાખાના અથવા ઑસપિતલ અથવા લોકોપયોગી બીજા કોઇપણ સંસ્થાસારૂ ખાનગી ઉઘરાણાની સ્થાનિક ઉપજ દરમહિને અમુક રકમ કરતાં કમી થશે નહિ એવી હામી આપવાસારૂ કોઇપણ માણસે કર્યો હોય ત્યારે:	
(ક) સન ૧૮૭૯ના મુંબઇના ઈરિગેશન આક્ટની ૭૦મી કલમ મુજબ મુંબઇના ગવર્નર ઇન કૌંસિલે કરેલી કાનુનો પૈકી કાનુન નંબર ૩ અની રૂએ કર્યો હોય ત્યારે:	
(ડ) સન ૧૮૮૩ ના જમીનના સુધારાબાબતના કરજના આક્ટ મુજબ તગાવી લેનાર માણસોએ અથવા તે માણસોના જામીનોએ સદરહુ તગાવીનો અવેજ પાછો આપવાસારૂ તારણ બદલ કર્યો હોય ત્યારે:	
(ઈ) કોઇપણ હોદ્દાનું કામ યોગ્ય રીતે બજાવવાસારૂ અથવા તે હોદ્દાના સબબથી જે પૈસા અથવા બીજી મિલકત મળે તેનો યોગ્ય રીતે હિસાબ આપવાસારૂ સરકારી અમલદારોએ અથવા તેમના જામીનોએ કર્યો હોય ત્યારે.	
૫૮. **વ્યવસ્થાપત્ર.**	
(અ).—વ્યવસ્થાપત્રનો લેખ (સ્ત્રીધન બાબતના ખતસુદ્ધાં) ...	એવા પત્રમાં લખ્યા મુજબ વ્યવસ્થા કરેલી મિલકતની રકમ અથવા કિંમત જેટલા અવેજના બાંડઉપર (નં ૧૫) જેટલી ડ્યુટીપડે છે તેટલી.

પરિશિષ્ટ ૧ લું—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
	પણ એવું ઠરાવ્યું છે કે વ્યવસ્થા કરવાની કબુલત ઉપર, જેટલો સ્ટાંપ વ્યવસ્થા પત્ર ઉપર જોઇયે, તેટલો સ્ટાંપ માર્યો હોય અને એવી કબુલત મુજબ પાછળથી વ્યવસ્થાપત્ર તૈયાર કર્યું હોય, ત્યારે એવા પત્ર ઉપરની ડ્યુટી આઠ આનાથી વધારે હોવી ન જોઇએ.
માફી. (અ) મુસલમાનો વચ્ચે થએલા લગ્નને પ્રસંગે કરી આપેલું મેહેરનું ખત. (બ) હલદંસ, એટલે, જેમાં કોઇપણ કિંમત નિર્દિષ્ટ કરેલી ન હોય તથા જે બદલ ૧૦ રૂપિયા ડ્યુટી ભરી હોય એવા ધર્મ સંબંધી કારણોસારૂ બ્રહ્મદેશ માંહેના કોઇ બૌધ ધર્મ-વાળાએ કરી આપેલું સ્થાવર મિલકતનું કોઇપણ વ્યવસ્થાપત્ર.	
બ.—વ્યવસ્થાપત્ર રદ કરવાનો લેખ	રદ કરવાના લેખમાં, સંબંધવાળી મિલકતની જે રકમ અથવા કિંમત લખી હોય તેટલા અવેજના બાંડ (નં. ૧૫) ઉપર જેટલી ડ્યુટી પડે છે તેટલી, પણ તે દસ રૂપિયા કરતાં વધારે ન જોઇયે.
ટ્રસ્ટ (નં. ૬૪) પણ જુઓ.	
૫૯. **શાહજોગ શેર વારંટો**, સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપનીના આકટ મુજબ કાહાડેલાં.	એવા વારંટમાં નિર્દિષ્ટ કરેલા શેરોની નામિનલ રકમ જેટલા અવેજના કન્વેયન્સ (નં. ૨૩) ઉપર જેટલી ડ્યુટી પડે છે તેની ત્રણ ચતુર્થાંશ ડ્યુટી
માફી. **સન ૧૮૮૨ ના હિંદુસ્તાનના કંપનીના આકટની ૩૦ મી કલમને અનુસરીને કોઇ કંપનીએ કાહાડેલા જે શેર વારંટો સદરહુ ડ્યુટીની તોડજોડ તરીકે હેઠળ લખેલી રકમ સ્ટાંપ**	

લેખનો પ્રકાર	યોગ્ય સ્ટાંપ ડયુટી.
રેવિન્યુના કલેકટરને આપવામાં આવેથીજ માત્ર અમલમાં આવવાના હોય તે—	
(અ) કંપનીની બંધાયેલી સઘળી થાપણ ઉપર સેંકડે પોણોટકો, અથવા	
(બ) જે કોઇપણ કંપનીએ સદરહુ ડયુટી અથવા તોડજોડની રકમ પુરે પુરી ભરી હોય, તે કંપની પાછળથી સદરહુ બંધાયલી થાપણમાં વધારે શેર વારંટો કાહાડીને વધારો કરે તો આ પ્રમાણે વધારેલી થાપણ ઉપર સેંકડે પોણો ટકો.	
સ્ક્રિપ.—દાખલો (નં. ૧૯) જુઓ	
૬૦. **શિપિંગ આર્ડર** માલ કોઇપણ વહાણઉપર લઇજવાનો અથવા લઇ જવાસંબંધી.	એક આનો.
૬૧. **લીસ છોડી દેવાનો દસ્તાવેજ**—	
(અ) તે લીસ ઉપર પડવા જોગ ડયુટી પાંચ રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	તે લીસ ઉપર જેટલી ડયુટી પડવાજોગ હશે તેટલી ડયુટી.
(બ) બીજે કોઇપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
માફી.	
લીસ છોડી દેવાનો દસ્તાવેજ, જ્યારેતે લીસ ઉપરની ડયુટી માફ કરી હશે ત્યારે.	
૬૨. **તબદીલી** (અવેજ સહિત અથવા અવેજ વગર)—	
(અ) કોઇપણ સંસ્થાપિત કંપનીમાંહેના અથવા બીજી કોઇ એકવ્યક્તિભૂત મંડળીમાંહેના શેરોની.	શેરની કિંમત જેટલા અવેજના કન્વેયન્સ (નં. ૨૩) ઉપર પડવાજોગ ડયુટીની એક ચતુર્થાંશ ડયુટી.
(બ) ૮ મી કલમમાં જે ડિબેંચરોના સંબંધમાં ઠરાવ કર્યો છે તે ડિબેંચરો શિવાય, બજારમાં વેચવાજોગ સિક્યુરિટીવાળા બીજા ડિબેંચરોની, પછી તે ડિબેંચર ઉપર ડયુટી પડવા જોગ હોય અથવા ન હોય.	ડિબેંચરના મુખ પૃષ્ટ ઉપર લખેલી રકમ જેટલા અવેજના કન્વેયન્સ (નં. ૨૩) ઉપર પડવા જોગ ડયુટીની એક ચતુર્થાંશ ડયુટી.
(ક) જે બદલ બાંડ, ગીરો ખત અથવા વિમાની પાલિસી ઉપરથી બંદોબસ્ત કર્યો હોય એવા હિત સંબંધની—	
૧ એવા બાંડની, ગીરો ખતની અથવા પાલીસીની ડયુટી પાંચ રૂપિયા કરતાં વધારે ન હોય તો.	તે બાંડ, ગીરોખત અથવા વિમાની પાલિસી ઉપર પડવા જોગ ડયુટી.

પરિશિષ્ટ ૧ લુ—ચાલુ.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડયુટી.
(૨) બીજે કોઇપણ પ્રસંગે	પાંચ રૂપિયા.
(ડ) સન ૧૮૭૪ ના ઍડમિનિસ્ટ્રેટર જનરલના આકટની ૩૧ મી કલમ મુજબ કોઇપણ મિલકતની	દસ રૂપિયા.
(ઇ) એક ટ્રસ્ટી પાસેથી બીજા ટ્રસ્ટીને, અથવા ટ્રસ્ટી પાસેથી બેનીફિશ્યરી (હિતાધિકારી) ને અવેજ વગર કરેલી કોઇપણ ટ્રસ્ટની મિલકતની.	પાંચ રૂપિયા, અથવા આ નંબરની (અ થી (ક) સુધીની રકમો ઉપરથી જે ઓછી રકમ પડવાજોગ હોય તે.
માફી	
શેરો લખીને કરેલી તબદીલી— (અ) બિલ ઑફ્ એકસચેંજ, ચેક અથવા વાયદા ચીઠીની: (બ) બિલ ઑફ્ લેડિંગ, ડિલિવરી આર્ડર, માલ બદલના વારંટ, અથવા માલઉપરના સત્તાધિકારના બીજા વેપારસંબધી દસ્તાવેજની (ક) વિમાની પાલિસીની; (ડ) હિંદુસ્તાન સરકારની સિક્યુરિટીઓની. કલમ ૮ પણ જુઓ.	
૬૩. લીસની તબદીલી, એસાઇન્મેટથી કરેલી હોય અને પેટા લીસથી કરેલી ન હોય એવી.	તબદીલીના અવેજની જે રકમ હોય તે રકમ જેટલા અવેજના કન્વેયન્સ (નં. ૨૩) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી.
માફી.	
જેના ઉપરની ડયુટી માફ હોય એવા કોઇપણ લીસની તબદીલી	
૬૪. ટ્રસ્ટ— અ—કોઇપણ મિલકતના અથવા મિલકતસંબંધી ટ્રસ્ટનું સ્થાપન, મૃત્યુ પત્ર ન હોય એવા કોઇપણ લખાણ ઉપરથી કરેલું.	હિતસંબંધવાળી મિલકતની જે રકમ અથવા કિંમત તે લેખમાં લખી હોય તેના જેટલા અવેજના બાંડ (નંબર ૧૫) ઉપર જેટલી ડયુટી પડે છે તેટલી, પણ તે પંદર રૂપિયાથી વધારે ન જોઇયે.

લેખનો પ્રકાર.	યોગ્ય સ્ટાંપ ડ્યુટી.
બ—કોઇપણ મિલકતનું અથવા મિલકતસંબંધી ટ્રસ્ટ મૃત્યુપત્ર ન હોય એવા કોઇપણ લખાણઉપરથી રદ કરવું.	હિતસંબંધવાળી મિલકતની જે રકમ અથવા કિંમતતે લેખમાં લખી હોય તેના અવેજના બાંડ (નં. ૧૫) ઉપર જેટલી ડ્યુટી પડે છે તેટલી, પણ તે દસ રૂપિયા કરતાં વધારે ન જોઇયે.
વ્યવસ્થાપત્ર (નં. ૫૮) પણ જુઓ.	
આકારેલી કીંમત—(નં. ૮) જુઓ.	
વકીલ—વકીલ તરીકે નોંધ (નં. ૩૦) જુઓ.	
૬૫. **માલ બાબતનું વારંટ**, એટલે, જે કોઇપણ લેખઉપરથી, તેમાં નામથી લખેલા માણસનો અથવા તેના અસૈનોનો અથવા તે ધારણ કરનારનો, કોઇપણ ગોદીમાં અથવા વખારમાં અથવા ડક્કાઉપર હશે એવા કોઇપણ માલઉપર સ્વામિત્વનો હક્ક છે એમ દેખાતું હોય તે લેખ: માત્ર તે લેખ ઉપર, સદરહુ માલ જે માણસના તાબામાં હશે તે માણસે અથવા તે માણસની તરફથી સહી કરેલી હોવી જોઇયે અથવા દાખલો લખેલો હોવો જોઇએ.	ચાર આના.

પરિશિષ્ટ ૨ જું.

રદ કરેલા કાયદા.

(કલમ ૭૯ જુઓ.)

નંબર	વર્ષ.	ટુંકું નામ.	કેટલેસુધી રદ કર્યા તે.
૧	૧૮૭૯	સન ૧૮૭૯ નો હિંદુસ્તાનનો સ્ટાંપ આકટ	સઘળો.
૬	૧૮૮૨	સન ૧૮૮૨ નો હિંદુસ્તાનનો કંપનીનો આકટ... ...	કલમ. ૩૫.
૯	૧૮૮૪	સન ૧૮૮૪ નો કાયદાના હિમાયતીઓ બાબતનો આકટ.	કલમ ૧૦.
૧	૧૮૮૮	સન ૧૮૭૯ નો હિંદુસ્તાનનો સ્ટાંપ આકટ સુધારવા બાબતનો સન ૧૮૮૮ નો આકટ.	સઘળો.

પરિશિષ્ટ ૨ જું—ચાલુ.

નંબર	વર્ષ.	ટુંકુ નામ.	કેટલેસુધી રદ્દ કર્યા તે.
૫	૧૮૮૮	સન ૧૮૮૮ નો નવી યુક્તિ તથા નમુના બાબતનો આક્ટ.	પહેલા પરિશ[illegible] જેટલો ભાગ સન ૧૮૭૯ ના હિંદુસ્તાનના સ્ટાંપ આક્ટ (સન ૧૮૭૯ ના ૧ લા) સંબંધી છે તેટલો ભાગ.
૧૮	૧૮૮૮	સન ૧૮૮૮ નો બ્રહ્મદેશના ફિનાનશિયલ કમિશનર બાબતનો આક્ટ.	પરિશિષ્ટનો જેટલો ભાગ સન ૧૮૭૯ ના હિંદુસ્તાનના સ્ટાંપ આક્ટ (સન ૧૮૭૯ ના ૧ લા) સંબંધી છે તેટલો ભાગ.
૬	૧૮૮૯	સન ૧૮૮૯ નો પ્રોબેટ બાબતનો તથા વહીવટ ચલાવવા બાબતનો આક્ટ.	૧૮ મી કલમની પેટા કલમો (૩) તથા (૪)
૨૦	૧૮૯૦	સન ૧૮૮૯ નો વાવ્ય પ્રાંતોનો તથા અયોધ્યા પ્રાંતનો આક્ટ	૩૮ મી કલમનો જેટલો ભાગ સન ૧૮૭૯ ના હિંદુસ્તાનના સ્ટાંપ આક્ટ [illegible] ૧૮૭૯ ના [illegible] સંબંધી છે તેટલ[illegible]
૧૨	૧૮૯૧	સન ૧૮૯૧ [illegible] ના બાબતનો તથા સુધારવા [illegible] આક્ટ.	[illegible] ષ્ટના [illegible] પહેલા [illegible] લો [illegible] ભાગ ? [illegible] હિંદુસ્[illegible] (સન [illegible] સંબંધ[illegible]
		[illegible]	સઘળો
		[illegible]૭૯ નો હિંદુસ્તાનનો સ્ટાંપ આક્ટ સુધારવા બાબતનો સન ૧૮૯૪ નો આક્ટ.	
	૧૮૯૭	સન ૧૮૭૯ નો હિંદુસ્તાનનો સ્ટાંપ આક્ટ સુધારવા બાબતનો સન ૧૮૯૭ નો આક્ટ.	સઘળો.

(સહી) એચ. ડબ્લ્યુ. સી. કાર્નડફ.

આસિ. સેક્રેટરી નિસબત હિંદુસ્તાન સરકાર.

(True translation)

M. A. BAIG,

Oriental Translator to Government.